MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૯-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 મહારાષ્ટ્ર-અમદાવાદમાં દેશની તુલનાએ સરેરાશ મૃત્યુદર વધ્યો

3 કોરોના સંકટઃ આર્જેન્ટિનાએ ૧ સપ્ટેમ્બર સુધી કોમર્શિયલ ફ્લાઇટ્સ પર પ્રતિબંધ મૂક્યો

9 કરોડોનું ટર્નઓવર ધરાવતા કેરીના ધંધા પર કોરોનાની મોટી અસરના એંધાણ

12 સોશીયલ મીડીયામાં કોમી વૈમનસ્ય ફેલાવતા રાજપીપળાના ચિરાગ પટેલ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરાઈ

વાયરસથી સંક્રમિતોનો આંકડો ૩૦ હજારની નજીક, કુલ મૃત્યુઆંક ૯૪૦

કોરોના સંકટઃ દેશમાં ૨૪ કલાકમાં ૬૨ના મોત, ૧૫૪૩ નવા કેસ

પ.બંગાળમાં કોરોનાથી બે ડોક્ટરોના મોત,૮૦ જિલ્લામાં ૭ દિવસથી અને ૪૭ જિલ્લામાં ૧૪ દિવસથી એક પણ કોરોનાનો કેસ સામે આવ્યો નથી,મંગળવારે રાજસ્થાનમાં ૬૬, આંધ્રપ્રદેશમાં ૮૨ અને કર્ણાટકમાં કોરોનાના ૮ નવો કેસ નોંધાયા,મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮,૫૯૦ પોઝિટિવ કેસ, ગુજરાત ૩,૫૪૮ કેસ સાથે બીજા ક્રમે,૬૮૬૮ લોકો ડિસ્ચાર્જ કરાયા

ન્યુ દિલ્હી

આખી દુનિયામાં ભારે હાહાકાર મચાવનાર માનવથી માનવમાં ફેલાતા ચેપી રોગ કોરોના મહામારીનો ભારત પણ સામનો કરી રહ્યો છે. દેશમાં કોરોના પોઝીટીવના રોજના નવા કેસોમાં ઉમેરો થઈ રહ્યો છે. આરોગ્ય મંત્રાલયે મંગળવારે સવારે જણાવ્યુ કે કોરોનાથી દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨ મોત અને ૧૫૪૩ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં મોતના કેસમાં વધારો જોવા મળ્યો છે. અન્ય રીતે જોઈએ તો ભારતમાં દર એક કલાકે બે કરતાં વધુ મોત નોંધાયા છે. મંત્રાલયના જણાવ્યા મુજબ હવે ભારતમાં કોરોના વાયરસના પૉઝિટીવ કેસોની કુલ સખ્યા વધીને ૨૯૬૬૪ થઈ ગઈ છે. જેમાં ૨૧૬૩૨ સક્રિય કેસ છે. આમાં ૬૮૬૮ લોકો રિકવર/ડિસ્ચાર્જ, ૯૪૦ મોત થયા છે. ભારત હાલમાં લોકડાઉન-૨ હેઠળ છે. જે ૩ મે પછી વધુ લંબાવવાની શક્યતા છે.

દરમ્યાનમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને આજે મંગળવારે જણાવ્યું કે દેશના ૮૦ જિલ્લામાં ૭ દિવસથી અને ૪૭ જિલ્લામાં ૧૪ દિવસથી એક પણ કોરોનાનો કેસ સામે આવ્યો નથી. સાથે જ ૩૯ જિલ્લામાં છેલ્લા ૨૧ દિવસોથી કોઈ કેસ નોંધાયો નથી. આ પ્રકારે ૧૭ જિલ્લામાં છેલ્લા ૨૮ દિવસોથી એક પણ પોઝિટિવ કેસ મળ્યો નથી. આજે મંગળવારે રાજસ્થાનમાં ૬૬, આંધ્રપ્રદેશમાં ૮૨ અને કર્ણાટકમાં કોરોનાના ૮ નવો કેસ નોંધાયા હતા.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૯,૬૬૩ થઈ ગઈ છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર પાસે મળેલી માહિતી પ્રમાણે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં ૨૯ હજાર ૪૩૫ સંક્રમિત છે. જેમાંથી ૨૧ હજાર ૬૩૨ની સારવાર ચાલી રહી છે, ૬૮૬૮ સાજા થયા છે અને ૯૩૪ મોત થયા છે.

દિલ્હીમાં આજથી લોકડાઉમાં છૂટ છાટ આપવામાં આવી છે. દિલ્હી સરકારે કોરોનાની સ્થિતિની સમીક્ષા બાદ પશુ પાલકો, પ્લમ્બર અને વીજ કર્મીઓ પર પ્રતિબંધ હટાવી દીધો છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના આદેશમાં હેલ્થવર્કર્સ, લેબ ટેક્નીશિયન અને વૈજ્ઞાનિકોને આંતર રાજ્ય મુસાફરી કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે. જ્યારે, પશ્ચિમ બંગાળમાં કોરોના વાઈરસને કારણે વધુ એક ડોક્ટરનું મોત થયું છે, અત્યાર સુધી બે ડોક્ટર કોરોનાનો ભોગ બની ચુક્યા છે. દિલ્હીના બાબૂ જગજીવન રામ હોસ્પિટલમાં ડોક્ટર્સ સહિત ૬૦ સ્ટાફ કોરોના પોઝિટિવ આવ્યો છે. લખનઉમાં કોરોના વાઈરસના ૭ નવા દર્દી સામે આવ્યા છે, આ તમામને હોસ્પિટલમાં ભરતી કરાયા છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત અને મધ્યપ્રદેશથી સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૫૨૨ નવા કેસ આવ્યા બાદ રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૮૫૯૦ થઈ ગઈ છે. રાજ્યમાં મોતનો કુલ આંકડો ૩૬૯ છે જ્યારે ૯૪ દર્દીઓની સોમવારે રજા આપ્યા બાદ ડિસ્ચાર્જ થનારાની સંખ્યા વધીને ૧૨૮૨ થઈ ગઈ છે. વળી, રાજ્યમાં કોરોના સંક્રમણના સક્રિય કેસોની સંખ્યા ૬૯૩૯ છે.

રાજધાની દિલ્હીમાં ૨૯૩ નવા કેસ સામે આવ્યા છે. આ

અનુસંધાન પાના નં. ૬

ગુજરાતની સમગ્ર પ્રાથમિક શાળાઓમાં ૪ મેથી ૭ જૂન સુધી ઉનાળુ વેકેશન

શાળાઓનું નવું સત્ર ૮ જુનથી શરૂ કરવાની સૂચના

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાના વધતા કેસોના કારણે ૩ મેથી લોકડાઉન સંપૂર્ણપણે નહીં હટાવી લેવાય એવું મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટ કરી દીધું છે. આ સંજોગોમાં રાજ્યની શાળાઓ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ ઝડપથી નહીં ખૂલે એ સ્પષ્ટ છે ત્યારે રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે રાજ્યમાં વેકેશનની તારીખો જાહેર કરી દીધી છે.

રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે રાજ્યની પ્રાથમિક શાળાઓનું નવું સત્ર ૮ જુનથી શરૂ કરવાની સૂચના આપી છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરાયેલી જાહેરાત પ્રમાણે સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૪ મેથી ૭ જૂન સુધી ઉનાળુ વેકેશન રહેશે અને પ્રાથમિક શાળાઓનું નવું સત્ર ૮ જુનથી શરૂ થશે. અલબત્ત એ સ્પષ્ટતા પણ કરાઈ છે કે, કોરોનાની મહામારીમાં વેકેશન લંબાવા કે ટૂંકાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા હવે પછી કોઈ નિર્ણય લેવાશે તો તેની જાણ જાહેર માધ્યમો દ્વારા કરવામાં આવશે.

લોકડાઉન ૨.૦માં ખેડૂતોને રૂપાણી સરકારે આપી છૂટ

લોકડાઉનમાં પણ ખેડૂતોએ પાસ લેવાની જરૂર નથીઃ અશ્વિનીકુમાર

ગાંધીનગર

સમગ્ર દેશમાં કોરોના વાયરસને પગલે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા કેટલીક સહાય અને છૂટછાટ આપવામાં આવી રહી છે. આ અંગે સીએમઓ સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, ખેડૂતોએ પાસ લેવાની જરૂર નથી. ખેડૂતોને પિયતની સગવડ મળી રહે તે માટેના પ્રયાસો કરાઈ રહ્યા છે. બોરવેલ કરાવવા માટે ખેડૂતોને મંજૂરી મળશે અને બોરવેલની ગાડી સમગ્ર રાજ્યમાં જઈ શકશે. અશ્વિનીકુમારે ખાતામાં જમા થનારી રકમ અંગે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ પરિવારને આ યોજનાનો લાભ મળ્યો છે.

૫૦ લાખ એકાઉન્ટમાં ૫૦૦ કરોડ રૂપિયા જમા કરાવી દેવામાં આવ્યા છે. લાભાર્થીના એકાઉન્ટમાં સીધી રકમ જમા કરાવાઈ છે. દરેક લાભાર્થીના ડેટાબેઝ પ્રમાણે નાણાં જમા કરાવ્યા છે. આ એપ્રિલ મહિનાના ૧ હજાર જમા કરાવ્યા છે. અનાજ વિતરણ અંગે અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, ૨૫મીથી અનાજ વિતરણની કાર્યવાહી શરૂ કરાઈ હતી. ૩૫ લાખ જેટલા કુટંબને ઘઉં-ચોખાનું વિતરણ કરાયું છે. ૩૦ એપ્રિલ સુધીમાં તમામ લાભાર્થીઓને રાશન આપી દેવામાં આવશે. માર્કેટિંગ યાર્ડને લઈને અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, સીએમએ ૧૫ એપ્રિલથી તબક્કાવાર રજિસ્ટ્રેશન કરાવીને માર્કેટિંગ યાર્ડને શરૂ કરવા છૂટ આપી હતી. ૧૪૨ માર્કેટિંગ યાર્ડમાં ખરીદ વેચાણની કામગીરી ચાલે છે. ૮ લાખ ૮૭ હજાર ક્વિનટલ અનાજની ખરીદી કરાઈ છે. આજે શાકભાજીનો ૧.૪૪ ક્વિન્ટલ જથ્થો આવ્યો છે. બટાકા અને ડુંગળીની પણ આવક સારી છે.

૫૦ લાખ લાભાર્થીઓના ખાતામાં ૫૦૦ કરોડ જમા

ગુજરાતમાં કોરોનાનો કેર જોતા રૂપાણી સરકારે બહાર પાડી નવી એડવાઈઝરી

રૂપાણી સરકારે ૩ મે પછી લોકડાઉન એકસાથે નહીં હટાવી લેવાય એ સ્પષ્ટ કર્યું

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો ચેપ લાગવાના વધતા કેસોની વચ્ચે વિજય રૂપાણી સરકારે ૩ મે પછી લોકડાઉન એકસાથે નહીં હટાવી લેવાય એ સ્પષ્ટ કરી દીધું છે. ગુજરાતમાં ૩ મે સુધી લોકડાઉનનો સંપૂર્ણ અમલ થાય તે માટે પોલીસને સૂચના આપવામાં આવી છે ત્યારે બીજી તરફ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે વિજય રૂપાણી સરકારે નવેસરથી એડવાઈઝરી બહાર પાડી છે.

રાજ્ય સરકારે ૩ મે સુધી સામાજિક મેળાવડાઓ અને જાહેર ધાર્મિક કાર્યક્રમો પર પ્રતિબંધનો કડક અણલ કરવાની જાહેરાત કરી છે. રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટતા કરાઈ છે કે, ધાર્મિક તહેવારોની કોઈ એવી ઉજવણી નહીં થઈ શકે જેમાં લોકો ભેગા થાય. તમામ પ્રકારની જાહેર ધાર્મિક પ્રવૃત્તિ, પૂજા, બંદગી કે અન્ય એવી કોઈ પણ પ્રવૃત્તિ કે જેમાં લોકો ભેગાં થાય તે કરી શકાશે નહીં. આ માટે કોઈ પણ સ્થળે લાઉડ સ્પીકરનો અથવા અન્ય માધ્યમોનો પણ ઉપયોગ કરી

અનુસંધાન પાના નં. ૬

૨૦૨૨નાં અંત સુધી લગભગ ૩ લાખ રેડિયો યૂનિટ્સ લગાવશે

જિયોને ટક્કર આપવા એરટેલે નોકિયા સાથે ૭૬૩૬ કરોડની ડીલ કરી

ન્યુ દિલ્હી

જ્યારથી રિલાયન્સ જિયોએ ટેલિકોમ માર્કેટમાં એન્ટ્રી મારી છે, ત્યારથી બાકી તમામ ટેલિકોમ કંપનીઓને જોરદાર ટક્કર મળી રહી છે. પરિણામ એ આવ્યું કે તેમને ઘણું નુકસાન પણ થયું છે. રિલાયન્સ જિયોને મજબૂતીથી ટક્કર ફક્ત એરટેલ જ આપી રહ્યું છે. મોટાભાગનાં લોકો એરટેલનો ઉપયોગ તેના સારા નેટવર્કનાં કારણે કરે છે. આ દરમિયાન એરટેલે પોતાના ૪જ નેટવર્કને મજબૂત બનાવવા માટે અને પજ નેટવર્કની ક્ષમતા વધારવા માટે નોકિયાની સાથે ડીલ કરી છે. એટલે કે હવે એરટેલનું નેટવર્ક પહેલાથી પણ વધારે સારું થઈ જશે, જે તેના ગ્રાહકો માટે એક ખુશખબર છે. એરટેલ અને નોકિયાની વચ્ચે આ ડીલ ૧૦૦ કરોડ ડૉલર એટલે કે લગભગ ૭,૬૩૬ કરોડ રૂપિયામાં થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે આવનારા સમયમાં પજ કનેક્ટિવિટી માટે નોકિયા ૨૦૨૨નાં અંત સુધી લગભગ ૩ લાખ રેડિયો યૂનિટ્સ લગાવશે. નોકિયાએ એક નિવેદનમાં કહ્યું છે કે તે ભારતની ત્રીજી સૌથી મોટી ટેલિકોમ કંપની ભારતી એરટેલની સાથે થયેલી ડીલ અંતર્ગત ઉપકરણ અને સેવાઓ આપશે. ઉલ્લેખનીય છે કે એરટેલનાં નેટવર્કમાં નોકિયા સૌથી મોટું 4G વેંડર છે. નોકિયાનાં સીઈઓ રાજીવ સૂરી કહે છે કે આ ડીલ દુનિયાનાં ટેલિકોમ માર્કેટનાં ભવિષ્ય માટે એક મહત્વનો કરાર છે. આ ભારતમાં નોકિયાની સ્થિતિને મજબૂત કરશે. સાથે મળીને સારી પજ કનેક્ટિવિટી માટે કામ કરશે. તો એરટેલનાં એમડી અને સીઈઓ ગોપાલ વિઠ્ઠલે કહ્યું છે કે એરટેલ અને નોકિયા છેલ્લા લગભગ એક દશકથી સાથે કામ કરી રહ્યા છે અને નોકિયાનાં એસઆઈએન પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને ખુશ છે, જેનાથી અમારા નેટવર્કની ક્ષમતા વધારવામાં મદદ મળશે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

મહારાષ્ટ્ર-અમદાવાદમાં દેશની તુલનાએ સરેરાશ મૃત્યુદર વધ્યો

ન્યુ દિલ્હી

મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોના વાઈરસનો પ્રભાવ દિવસેને દિવસે વધી રહ્યો હોવાથી રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે. દેશની સરખામણીએ મહારાષ્ટ્ર રાજ્યમાં મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું હોવાનો દાવો રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો.

ભારતમાં કોરોના વાઈરસને કારણે થતા સરેરાશ મૃત્યુની ટકાવારી ૩.૧૩ ટકા સુધી પહોંચી છે ત્યારે મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા હોવાથી કોરોનાગ્રસ્ત દરદીઓની સંખ્યા ૮,૦૦૦ને પાર થઈ ગઈ છે. ૧૯ નવા મોતની પુષ્ટિ થયા બાદ રાજ્યનો મૃત્યુઆંક ૩૪૨ સુધી પહોંચ્યો છે. આ સાથે સરેરાશ મૃત્યુ દર વધીને ૪.૨૪ ટકા થઈ ગયો હોવાને કારણે રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે, એવું મહારાષ્ટ્ર રાજ્યના આરોગ્ય ખાતા દ્વારા સોમવારે સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું.અત્યાર સુધી દેશભરમાં કોરોનાના ૨૭,૦૦૦ કરતાં વધુ કેસ મળી આવ્યા છે, જેમાં ૬,૦૦૦ કરતાં વધુ દરદીઓ સાજા થઈ શક્યા છે, જ્યારે ૮૭૨ કરતાં વધુ લોકો આ બીમારીનો ભોગ બન્યા છે.

દરમિયાન અમદાવાદમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સોથી વધી ગઈ છે સાથે શહેરમાં કોરોનાનો મૃત્યુ દર ૪.૭૧ ટકા થયો છે જે દેશના કેટલાક મોટા શહેરોના કોરોનાના મૃત્યુ દરની તુલનામાં વધારે છે. અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ સોમવારે જણાવ્યું હતું કે કોરોનાનો મૃત્યુ દર નીચો લાવવા માટે દરેક લોકોએ વરિષ્ઠ નાગરિકોની વધુ સારસંભાળ લેવાની જરૂર છે કારણ કે તેઓને કોરોનાનો ચેપ લાગવાની શક્યતા વધારે છે. અમદાવાદમાં કોરોનાનો મૃત્યુ દર સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ છે. અહીં કોરોનાના કુલ ૩,૩૦૧ કેસમાંથી ૧૫૧ દર્દી મૃત્યુ પામ્યા છે એટલે કે મૃત્યુ દર ૪.૫૭ ટકા છે.

ધો.૧૦ની ઉત્તરવહી ચકાસવા શિક્ષકોની અછતના અભાવે પરિણામ મોડુ આવવાની સંભાવના

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોનાને લઈને લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેને લઈને રાજ્યમાં યોજાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની ઉત્તરવહીઓની ચકાસણી પર લોકડાઉનની અસર જોવા મળી રહી છે. જેમાં ગઈકાલે અંગ્રેજી માધ્યમના પેપર ચકાસવા ખાનગી શિક્ષકો આવતા ન હોવાનું સામે આવ્યું હતું. ત્યારે આજે વડોદરામાં ધોરણ-૧૦ની ઉત્તરવહી ચકાસવા શિક્ષકોની અછત હોવાનું સામે આવ્યું છે. જેને લઈને ધોરણ-૧૦નું પરિણામ મોડુ આવે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

કોરોના વાયરસના કહેર વચ્ચે લોકડાઉનની અસર હવે રાજ્યના ઉદ્યોગ-ધંધા-રોજગાર બાદ શૈક્ષિણક કાર્યપર પડી રહેલી જોવા મળી રહી છે. રાજ્યમાં લેવાયેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની ઉત્તરવહી ચકાસવા માટે લોકડાઉનના પગલે શિક્ષકોની અછત જોવા મળી રહી છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર વડોદરા ખાતે ધોરણ-૧૦ની સેકન્ડ લેંગ્વેજની ઉત્તવહી ચકસવા શિક્ષકો પુરતા નથી. જેને લઈને ઉત્તરવહી ચકાસણીનું કામકાજ હાલમાં થઈ રહ્યું નથી. જેને લઈને રાજ્યમાં ધોરણ-૧૦નું પરિણામ મોડુ આવી તેવી શક્યતા જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૦ની પરીક્ષાની ઉત્તરવહી ચકાસવા ખાનગી શાળાના શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે.

જો કે હાલમાં લોકડાઉનના પગલે મોટાભાગની ખાનગી શાળાઓના શિક્ષકો કામગીરીથી અળગા જોવા મળી રહ્યાં છે. ખાનગી શાળાના શિક્ષકો ઉત્તરવહી ચકાસણી માટે ન જોડાતાં મુશ્કેલી જોવા મળી રહી છે.

ડબલ્યુએચઓનું નવું કારસ્તાનઃ લદ્દાખને ચીનની સીમામાં બતાવ્યુ

જિનિવા

વિશ્વ આરોગ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ) જે પહેલેથી જ કોરોના વાયરસ મહામારી પર અસફળ થઈ ચૂક્યુ છે, હવે તેણે એક વાર ફરીથી આવી હરકત કરી છે જે ભારતને નારાજ કરનારી છે. ડબ્લ્યુએચઓના નક્શામાં હવે લદ્દાખને ચીનનો હિસ્સો બતાવવામાં આવ્યો છે. ડબ્લ્યુએચઓ પર પહેલેથી જ ચીનનો પક્ષ લેવાનો આરોપ લાગી રહ્યો છે અને હવે એ ઘટનાક્રમ બાદ ભારત તરફથી પણ તેનો વિરોધ કરવામાં આવશે. આ અંગેની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ડબ્લ્યુએચઓએ પોતાની વેબસાઈટ પર જે નક્શો બતાવ્યો છે તેમાં સીમાઓને ખોટી પ્રદર્શિત કરવામાં આવી છે. લદ્દાખના અમુક ભાગો જેના પર ચીનનો કબ્જો છે એટલે કે અક્સાઈ ચીન, ડબ્લ્યુએચઓએ તેને ચીનની સીમા હેઠળ ગણાવી દીધુ છે. લદ્દાખને એક અલગ રંગથી પ્રદર્શિત કરવામાં આવ્યુ છે. માત્ર લદ્દાખ જ નહિ પરંતુ જમ્મુ કાશ્મીરને પણ અલગ રંગથી બતાવવામાં આવ્યુ છે. જમ્મુ કાશ્મીરના અમુક ભાગોને પીઓકેમાં બતાવવામાં આવ્યુ છે અને આને નક્શામાં વિવાદિત ભાગ તરીકે બતાવવામાં આવે છે. પરંતુ આ કદાચ પહેલો મોકો છે જ્યારે લદ્દાખને કોઈ વિવાદિત સીમા તરીકે પ્રદર્શિત કરવામાં આવ્યુ છે.

લશ્કરી ખર્ચમાં ગયા વર્ષે દાયકાનો સૌથી મોટો વધારો

સૈન્ય ક્ષેત્રમાં સૌથી વધુ ખર્ચ કરનાર ભારત દુનિયાનો ત્રીજો દેશ બન્યો

લંડન

દુનિયાના દેશોના લશ્કરી ખર્ચમાં ગયા વર્ષે (૨૦૧૯માં) છેલ્લા દાયકાનો સૌથી મોટો (૩.૬ ટકા) વધારો નોંધાયો હતો. લશ્કર પાછળ ખર્ચ કરવામાં અમેરિકા પછી બીજા ક્રમે ચીન અને ત્રીજા સ્થાને ભારત છે. વિશ્વના દેશોએ ૨૦૧૯માં લશ્કર પાછળ ૧,૯૧૭ અબજ ડૉલરનો ખર્ચ કર્યો હતો. આ ખર્ચ ૨૦૧૮ની સરખામણીમાં ૩.૬ ટકા વધુ હતો. આ ઉપરાંત, આ વધારો ૨૦૧૦ બાદનો સૌથી મોટો હતો. ચીને ૨૦૧૯માં ૨૬૧ અબજ ડૉલરનો લશ્કરી ખર્ચ કર્યો હતો, જ્યારે ભારતે ૭૧.૧ અબજ ડૉલરનો ખર્ચ કર્યો હતો. ચીનના લશ્કરી ખર્ચમાં ૨૦૧૯માં ૫.૧ ટકાનો, જ્યારે ભારતના લશ્કરી ખર્ચમાં ૬.૮ ટકાનો વધારો થયો હતો.

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નવા અહેવાલમાં જણાવાયું હતું કે ભારતના પાડોશી દેશો પાકિસ્તાન અને ચીન સાથેના સંબંધમાંના તણાવને લીધે તેને લશ્કરી ખર્ચમાં વધારો કરવાની ફરજ પડી હતી. લશ્કર પાછળ ઘણો ખર્ચ કરતા એશિયાના અન્ય દેશમાં જાપાન અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે.

નીતિ આયોગનો કર્મચારી કોરોના પોઝિટિવઃ સમગ્ર બિલ્ડિંગ સીલ કરાયું

ન્યુ દિલ્હી

નવી દિલ્હી સ્થિત નીતિ આયોગના એક કર્મચારીને કોરોના થયો હોવાનું જણાતા બિલ્ડિંગને ૪૮ કલાક માટે અર્થાત બે દિવસ સુધી સીલ કરી દેવાયું છે. વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ એક ડાયરેક્ટર લેવલના અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આ અધિકારી નીતિ ભવનમાં ફરજ બજાવતા હતા અને તેઓનો મંગળવારે સવારે રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું જણાયું હતું. આ અધિકારીએ જાતે જ સત્તાધીશોને જાણ કરી હોવાનું નીતિ આયોગના સલાહકાર આલોક કુમારે માહિતી આપતા જણાવ્યું હતું.

નીતિ આયોગના કર્મચારીને કોરોના થતા તેના સંપર્કમાં આવેલા તમામ લોકોને સેલ્ફ કોરેન્ટાઈનમાં જવાની સલાહ આપવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા પ્રોટોકોલનું અમે પાલન કરી રહ્યા છીએ અને તમામ પ્રક્રિયાનું પણ પાલન કરાશે તેમ કુમારે વધુમાં ઉમેર્યું હતું. તાજેતરમાં જ ઉર્જયન મંત્રાલયના હેડક્વાર્ટરમાં પણ એક કર્મચારીને કોરોના પોઝિટિવ જણાતા બિલ્ડિંગને સીલ કરવાની ફરજ પડી હતી. ઉર્જયન મંત્રાલયને જે કર્મચારીને કોરોના થયો હતો તે ૧૫ એપ્રિલ સુધી કામ પર આવ્યો હતો.

૧૦ લાખથી વધુ લોકો વાયરસથી સંક્રમિત

અમેરિકામાં કોરોનાથી હાહાકાર, ૨૪ કલાકમાં ૧,૩૦૩ લોકોના મોત નિપજ્યા

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસને કારણે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી મુજબ, વીતેલા ૨૪ કલાકમાં અમેરિકામાં કોવિડ-૧૯થી ૧૩૦૩ લોકોના મોત થયા છે. અમેરિકામાં અત્યાર સુધી ૧૦ લાખથી વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. અગાઉ વ્હાઈટ હાઉસ તરફથી અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે અમેરિકામાં કોરોના વાયરસને કારણે ૬૦ હજાર લોકોના મોત થઈ શકે છે. જો કે અમેરિકામાં અત્યાર સુધી ૫૬ હજાર લોકોના મોત થઈ ગયા છે. અમેરિકામાં કેસની સંખ્યા વધતા સરકારે ટેસ્ટમા પણ વધારો કર્યો છે. અહિંયા ૫૭ લાખ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ત્યાં જ કોરોના મહામારીને કારણે દુનિયાભરમાં બે લાખ આઠ હજારથી વધારે લોકોના મોત થયા છે. ત્યાંજ ૩૦,૬૪,૨૫૫ લોકો આ વાયરસથી સંક્રમિત થઈ ગયા છે અને ૮,૭૮,૮૧૩ લોકો સાજા થઈ ગયા છે. ઈટાલીમાં કોરોના વાયરસને કારણે ૨૬,૯૭૭ લોકોના મોત થયા છે અને ૧,૯૯,૪૧૪ લોકો વાયરસથી સંક્રમિત થઈ ગયા છે.

અખબારોના વિતરણથી કોરોના ફેલાતો નથીઃ મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ

અખબારોનું વિતરણ કરવાથી કોરોના વાઈરસ ચેપ ફેલાય છે એવા મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકારના વલણની મુંબઈ હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે ઝાટકણી કાઢી છે અને કહ્યું છે કે સરકારે આવા અંધશ્રદ્ધા અને અપ્રમાણિત નિવેદન? કરવા ન જોઈએ.

કોર્ટે કહ્યું કે આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોને પૂછ્યા વગર આવા નિવેદનો કરવા યોગ્ય નથી. કોરોનાનો ફેલાવો રોકવા માટે ઘેર-ઘેર અખબારોનું વિતરણ બંધ કરવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી પર ન્યાયમૂર્તિ પી.બી. વરાલેની આગેવાની હેઠળની બેન્ચે સુનાવણી કરી હતી.

ઘેર-ઘેર અખબારોનું વિતરણ રોકી દેવાના રાજ્ય સરકારના નિર્ણયની ચોમેર ટીકા કરવામાં આવી છે. જો કે સરકારે એના નિર્ણયમાં થોડીક ઢીલ મૂકીને મુંબઈ, પુણે શહેરો તથા કોરોનાગ્રસ્ત વિસ્તારોને બાદ કરતાં રાજ્યના અન્ય ભાગોમાં અખબારોનું ઘેર-ઘેર વિતરણ કરવા દેવાની છૂટ આપી છે.

રાજ્ય સરકારના વકીલ ડી.આર. કાળેએ એક સોગંદનામામાં કોર્ટને જણાવ્યું હતું કે કોરોના વાઈરસના વિષાણુઓ કોઈ સપાટી પર લાંબા સમય સુધી પડ્યા રહે છે. અખબારો એક હાથમાંથી બીજા હાથમાં પસાર થતા હોવાથી આ રોગનો ચેપ લાગવાની સંભાવના રહે છે.

આ દલીલ સાંભળીને ન્યાયમૂર્તિ વરાલેએ કહ્યું કે સોગંદનામામાં દર્શાવેલા તર્કો કોર્ટની સમજમાં આવતા નથી. એવું લાગે છે કે સોગંદનામામાં અંધશ્રદ્ધાવાળી વાત કરવામાં આવી છે. આવી વાતોનો કોઈ નક્કર આધાર નથી. આમાં ન તો આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોનો અભિપ્રાય છે કે ન તો એમની કોઈ ટિપ્પણી છે. એનાથી વિપરીત, અખબારોમાં પ્રકાશિત નિષ્ણાતોના નિવેદનોથી સ્પષ્ટ રીતે જણાય છે કે અખબારો દ્વારા ચેપ ફેલાવાની ધારણા રાખવાની જરૂર નથી. લોકડાઉન દરમિયાન અખબારોનો ફેલાવો એટલા માટે વધ્યો છે કે લોકોને આ જ માધ્યમ દ્વારા તાજા સમાચાર વાંચવા મળે છે અને વિસ્તારની જાણકારી મળે છે.

લોકડાઉનથી અર્થવ્યવસ્થાને કુલ ૧૦ લાખ કરોડનું નુકસાન થશે

ભારતનો વિકાસ દર ઘટીને ૧.૮ ટકા થશેઃ રેટિંગ એજન્સી ક્રિસિલ

ન્યુ દિલ્હી

રેટિંગ એજન્સી ક્રિસિલે ભારતના જીડીપી ગ્રોથ અનુમાનમાં મોટો ઘટાડો કર્યો છે. એજન્સીનું કહેવું છે કે કોરોના વાયરસ પર નિયંત્રણને માટે લૉકડાઉનથી અર્થવ્યવસ્થાને કુલ ૧૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ છે. જેના ભાગરૂપે લગભગ ૭૦૦૦ રૂપિયાનો ફટકો દરેક વ્યક્તિને પડી શકે છે.

ક્રિસિલે ભારતના નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના આર્થિક વૃદ્ધિદરને અડધાથી પણ ઓછો કરીને ૧.૮ ટકા કરી દીધો છે. એજન્સીએ કહ્યું કે કોરોના વાયરસ પર નિયંત્રણ માટે લૉકડાઉનથી અર્થવ્યવસ્થાને મળીને કુલ ૧૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થવાનું અનુમાન છે. દરેક વ્યક્તિના આધારે આ નુકસાન લગભગ ૭૦૦૦ રૂપિયાનું રહેશે.

ક્રિસિલે કહ્યું છે કે સરકારી સહયોગમાં વૃદ્ધિ થવી જોઈએ. એજન્સીએ આ પહેલાં ચાલુ નાણાંકીય વર્ષના સમયે ઘરેલૂ ઉત્પાદનમાં ૬ ટકા વૃદ્ધિનું અનુમાન દરેક વ્યક્તિએ લગાવ્યું હતું જેને માર્ચ અંતમાં ઘટાડીને ૩.૫ ટકા અને હવે ૧.૮ ટકા કર્યું છે.

ઉલ્લેખનીય છે કે દરેક રેટિંગ એજન્સીઓએ કોરોનાના કારણે ભારતીય અર્થવ્યવસ્થાના ગ્રોથ અનુમાનમાં ઘટાડો કર્યો છે. આંતરરાષ્ટ્રિય મુદ્રા કોષે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦માં ભારતના ઘરેલૂ ઉત્પાદન ગ્રોથ રેટમાં ૧.૯ ટકાની આસપાસ રહેશે. છતાં તે દુનિયામાં સોથી આગળ રહેશે. જો કે કોરોનાના કારણે દુનિયાના અનેક દેશોની અર્થવ્યવસ્થા નબળી પડશે અને ૧૯૩૦ની મહામંદી બાદની સૌથી મોટી મંદી આવી શકે છે.

ભારતીય ઈકોનોમીને માટે કોરોના વાયરસ સંકટ બની રહ્યું છે. પહેલાં તો સુસ્ત ગતિથી ચાલી રહેલી ઈકોનોમીનો ગ્રોથ રેટ ૩૦ વર્ષના નીચેના સ્તરે આવી શકે છે. રેટિંગ એજન્સી ફિચે ભારતને ગ્રોથ રેટ અનુમાન ઘટાડીને ૨ ટકા કર્યું છે. આ ૩૦ વર્ષનું સૌથી નીચું સ્તર રહેશે.

ભારતીય મૂળની મનીષા સિંઘની ઓઈસીડીમાં અમેરિકન દૂત તરીકે નિયુક્તિ

વોશિંગ્ટન

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મનીષા સિંઘની આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (ઓઈસીડી) ના આગામી યુએસ દૂત તરીકે નિમણૂક કરી છે. મનીષા સિંઘવરિષ્ઠ ભારતીય-અમેરિકન રાજદ્વારી છે. મનીષા હાલમાં વિદેશ વિભાગમાં સહાયક પ્રધાન છે. તે હાલમાં આર્થિક અને વ્યવસાયિક બાબતો સંભાળે છે. આર્થિક સહકાર અને વિકાસ માટેની સંસ્થા (ઓઈસીડી) નું મુખ્ય મથક ફ્રાન્સના પેરિસમાં છે. તેમાં ૩૬ દેશોનો સમાવેશ થાય છે. ઓઈસીડી આર્થિક પ્રગતિ અને વિશ્વ વેપારને આગળ વધારવાનું કામ કરે છે.

મનીષા સિંઘ અગાઉ કાર્યકારી નાયબ પ્રધાન રહી ચૂક્યા છે - આર્થિક વિકાસ, ઉર્જા અને પર્યાવરણ અને રાજ્ય વિભાગના આર્થિક બાબતો, ઉર્જા અને વ્યવસાય બાબતોના વિભાગના નાયબ સહાયક પ્રધાન મનીષા સિંઘ અમેરિકન યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનથી આંતરરાષ્ટ્રીય કાયદામાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે.

મહિલાઓ નાના કપડા પહેરે છે તેથી ફેલાયો કોરોનાઃ જમાતનાં મૌલાનાનું વિવાદાસ્પદ નિવેદન

ઈસ્લામાબાદ

પાકિસ્તાનનાં જાણીતા કટ્ટરપંથી મૌલાના તારિક જમીલે એક દિવસ પહેલા વડાપ્રધાનનાં કોરોના વાયરસ ટેલીથોનમાં મીડિયા પર પોતાના વિવાદાસ્પદ નિવેદનને લઈને માફી માંગી છે. જો કે આ મહામારી માટે મહિલાઓને જવાબદાર ઠેરવવા પર તારિકે કોઈપણ પ્રકારનો અફસોસ વ્યક્ત નથી કર્યો. પાકિસ્તાનમાં તબલીગી જમાતનાં પ્રમુખ તારિકનાં દુનિયાભરમાં લાખો ફેન્સ છે. તારિકે શુક્રવારનાં એક ટેલિવિઝન શો દરમિયાન મીડિયા પર પોતાના વિવાદાસ્પદ નિવેદનને લઈને સાર્વજનિક રીતે માફી માંગી.

તારિકે વડાપ્રધાનનાં કોરોના વાયરસ ટેલીથોનમાં પોતાના ૧૬ મિનિટનાં સંબોધનમાં મીડિયા હાઉસ અને તેના પત્રકારોને ભ્રષ્ટ કહ્યા હતા. ટેલીથોનમાં તારિકે કહ્યું હતુ કે, મહિલાઓ દ્વારા નાના કપડા પહેરવાનાં કારણે કોરોના વાયરસ ફેલાયો છે. તારિકે પોતાના નિવેદનમાં ત્યાં સુધી કહી દીધું કે મહિલાઓનાં ખરાબ કર્મોની સજા સમગ્ર કૌમે ભોગવવી પડી રહી છે.

સીનેટમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની સંસદીય નેતા અને વૉશિંગ્ટનમાં પાકિસ્તાનનાં પૂર્વ રાજદૂત રહી શેરી રહમાદ્ દ તારિકનાં વિવાદાસ્પદ નિવેદનની ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે, "મૌલાનાએ મીડિયા કર્મચારીઓની માફી માંગવી જોઈએ, પરંતુ તેમણે અત્યાર સુધી મહિલાઓથી માફી કેમ નથી માંગી?" રહમાને અરબ ન્યૂઝ ચેલનમાં કહ્યું કે, "મૌલાના તારિકે પોતાના વિવાદાસ્પદ નિવેદનથી ૫૦ ટકાથી વધારે વસ્તીની ભાવનાઓને ઈજા પહોંચાડી છે. આ માટે તેમણે તરત જ માફી માંગવી જોઈએ. મહિલાઓ પર આવી ટિપ્પણી સહનશક્તિની બહાર છે.

તીક્ષ્ણ હથિયાર વડે સાધુઓ પર હુમલો કરવામાં આવ્યા

મહારાષ્ટ્ર બાદ ઉત્તર પ્રદેશમાં બે સાધુઓની કરાઈ હત્યા

બુલંદશહર

મહારાષ્ટ્રના પાલઘરમાં બે સંતોની ટોળા દ્વારા કરાયેલી હત્યાની ઘટના હજુ ચર્ચામાં છે ત્યાંજ સોમવારે મોડી રાત્રે ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં બે સાધુઓની તીક્ષ્ણ હથિયાર દ્વારા હત્યા કરવામાં આવી છે. સાધુઓના હત્યાથી ગ્રામીણોમાં ખૂબ જ ગુસ્સો છે. હાલ ઘટનાની જાણકારી મળતા ઘટનાસ્થળ પર પોલીસ તહેનાત છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સાધુ જગનદાસ (૫૫ વર્ષ) અને સેવાદા (૩૫ વર્ષ) છેલ્લા ૧૦ વર્ષથી બુલંદશહેરના અનૂપશહેર કોતવાલીના ગામ પગોનામાં સ્થિત શિવ મંદિરમાં રહેતા હતા. બંને સાધુ મંદિરમાં રહીને પૂજા-અર્ચનામાં જ મગ્ન રહેતા હતા. મંગળવારે સવારે જ્યારે તો તેમને લોહીમાં લથપથ સાધુઓના મૃતદેહ મળ્યા હતા.

ગામ લોકોએ આ ઘટનાની જાણકારી પોલીસને આપી હતી. હાલ ઘટનાના કારણો અંગે કોઈ જાણકારી મળી નથી. સીઓ અનૂપશહેર અતુલ ચૌબેએ જણાવ્યું છે કે, કેસની તપાસ કરવામાં આવી રહી છે. જે પણ દોષિ હશે તેની વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે.

ગત ૭ દિવસમાં ૮૦ જિલ્લાઓમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસને લઈને દેશભરમાં ડરનો માહોલ પેદા થયો છે. આ વચ્ચે સ્વાસ્થય મંત્રાલયે વાયરસની વેક્સીનને લઈને સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી ડો.હર્ષવર્ધન પણ હાજર રહ્યા હતા. ડો. હર્ષવર્ધને કહ્યું કે, ગત ૧૪ દિવસોમાં આપણો ડબલિંગ રેટ ૮.૭ રહ્યો છે. જ્યારે કે, ૭ દિવસોમાં તે ૭.૨ હતો, ગત બે દિવસોમાં તે લગભગ ૧૦.૯ રહ્યો છે.

ડો. હર્ષવર્ધને કહ્યું કે, ગત ૭ દિવસોમાં ૮૦ જિલ્લાઓમાં કોરોનાનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી. ગત ૨૮ દિવસોમાં ૧૭ જિલ્લાઓમાં કોઈ કોરોનો પોઝિટિવ કેસ નોંધાયો નથી.

કોરોના વાયરસથી દુનિયાભરમાં ૨.૧૧ લાખના મોત, ૩૦ લાખથી વધુ લોકો સંક્રમિત

કોરોના સંકટ: આર્જેન્ટિનાએ ૧ સપ્ટેમ્બર સુધી કોમર્શિયલ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂક્યો

ચીન કરતાં રશિયામાં સૌથી વધુ વધુ કેસ,સિંગાપોરમાં મહામારી બીજા તબક્કામાં

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોનાના ૩૦.૬૫ લાખ કેસ નોંધાય ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૨ લાખ ૧૧ હજાર ૬૦૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૯.૨૨ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. ન્યૂયોર્ક ટાઈમ્સ મુજબ આર્જેન્ટિનાએ તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સની ટિકિટોના વેચાણ ઉપર સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ મૂકી દીધો છે. માર્ચ મહિનામાંજ દેશની સરહદ બંધ કરી દેવાઈ છે. સિંગાપોરમાં કોરોના મહામારી બીજા તબક્કામાં પહોંચી ગઈ છે. અહીં પોઝિટિવ કેસ ૧૪ હજાર ૯૫૧ પહોંચી ગયા છે અહીં ૧૪ લોકોના મોત થયા છે. ઈઝરાયલમાં ત્રણ મેથી સ્કૂલો ખૂલશે. ચીન કરતા રશિયામાં પોઝિટિવ કેસ વધી ગયા છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાનું ફંડિંગ રોકવાના ટ્રમ્પના નિર્ણયની તપાસ શરૂ

અમેરિકન કોંગ્રેસની સમિતિએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વ આરોગ્ય સંસ્થાના ફંડિંગને રોકવાના નિર્ણયની તપાસ શરૂ કરી છે. કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ ઈલિયોટ એન્જલે વિદેશ મંત્રાલય પાસેથી આ નિર્ણય સંબંધમાં જરૂરી સૂચના અને દસ્તાવેજો ચાર મે સુધી સમિતિને આપવાની માંગ કરી છે. કોરોના મહામારીમાં વિશ્વ આરોગ્ય સંસ્થાથી ઘણી ભૂલો થઈ હોવાની વાત કહીને અમેરિકાએ ફંડને રોક્યું હતું.

ઈટાલીમાં પોઝિટિવ કેસની સંખ્યા બે લાખની નજીક પહોંચી ગઈ છે. અત્યાર સુધીમાં અહીં ૧ લાખ ૯૯ હજાર ૪૧૪ કેસ નોંધાયા છે, જ્યારે ૨૬ હજાર ૯૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વમાં અમેરિકા પછી સૌથી વધારે મોત અહીં થયા છે. અહીં ૨૪ કલાકમાં ૩૩૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. સોમવારે સંક્રમણના એક હજારથી વધારે કેસ નોંધાયા છે.દેશમાં ૩ મે સુધી લોકડાઉન લંબાવાયું છે. જોકે અમુક જરૂરી વસ્તુની દુકાનોને ખોલવાની છૂટ અપાઈ છે. ઈટાલીમાં પ્રથમ કેસ ૨૧ ફેબ્રુઆરીએ સામે આવ્યો હતો.

ફ્રાન્સમાં ૨૪ કલાકમાં ૪૩૭ લોકોના મોત થયા છે અને ૩૭૬૪ નવા કેસ નોંધાયા છે. અહીં મૃત્યુઆંક ૨૩ હજાર ૨૯૩ થઈ ગયો છે. દેશમાં કુલ કેસ ૧ લાખ ૬૫ હજાર ૮૪૨ નોંધાયા છે. ૧૭ માર્ચથી ફ્રાન્સમાં લોકડાઉન છે.

ચીન કરતા રશિયામાં પોઝિટિવ કેસ વધી ગયા

ચીન કરતા રશિયામાં પોઝિટિવ કેસની સંખ્યા વધી ગઈ છે. રશિયામાં કુલ ૮૭ હજાર ૧૪૭ કેસ નોંધાયા છે. અહીં ૭૯૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. ચીનમાં ૮૨ હજાર ૮૩૬ કેસ નોંધાયા છે અને ૪૬૩૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. આમ કોરોના વાઈરસનું એપી સેન્ટર ગણાતું ચીન કરતા પોઝિટિવ કેસની બાબતમાં નવ દેશ આગળ છે, ચીન ૧૦માં નંબરે આવી ગયું છે.

કોરોના વિરુદ્ધ લડવા માટે એડીબી બેન્કે ભારતને ૧૫૦ કરોડ ડોલરની લોન આપી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના પ્રકોપને કારણે ભારતના અર્થતંત્રને ભારે ફટકો પડ્યો છે. ભારતીય અર્થતંત્રને ધગધગતું રાખવા માટે આર્થિક સહાયની જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી રહી છે અને સરકારને લડવા માટે હવે વિદેશી સહાય પણ મળવાની શરૂ થઈ છે. સમગ્ર વિશ્વ માટે જેમ વિશ્વ બેંક છે તેમ એશિયાના દેશો માટેની ADB બેંકે આજે ભારતને લોન આપી છે. એક અહેવાલ અનુસાર એશિયન ડેવલપમેન્ટ બેંક(ADB)એ ભારતની મોદી સરકારને કોરોના સામે લડવા માટે ૧૫૦ કરોડ ડોલરની આર્થિક સહાય આપી છે. આગામી એકાદ સપ્તાહમાં સરકારને આ લોન મળશે અને કોરોના સામે લડવા માટે આર્થિક મદદ મળશે.

લૉકડાઉન દરમ્યાન એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોજના પર સરકાર વિચાર કરે: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે કે તે 'એક રાષ્ટ્ર અને એક રાશન કાર્ડ' યોજના અપનાવવાની સંભાવના પર વિચાર કરે જેથી કોરોના વાયરસ મહામારીને કારણે દેશમાં લાગુ લૉકડાઉન દરમિયાન પલાયન કરનારા મજૂરો અને આર્થિક રૂપે કમજોર વર્ગના લોકોને સસ્તી કિંમતે ખાદ્યાન્ન મળી શકે. કેન્દ્ર સરકારની આ યોજના આ વર્ષે જૂનમાં શરૂ થવાની છે.

જસ્ટિસ એનવી રમણ, જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ બી આર ગવઈની પીઠે સોમવારે પસાર કરેલા પોતાના આદેશમાં કહ્યું, અમે કેન્દ્ર સરકારને લૉકડાઉનના સમયે આ યોજના લાગુ કરવાની વ્યવહારીકતા પર વિચાર કરવા અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા યોગ્ય નિર્ણય લેવાનો નિર્દેશ આપીએ છીએ.

સુપ્રીમ કોર્ટે તેની સાથે જ એડવોકેટ રીપલ કંસલની અરજીનો નિકાલ કર્યો. કંસલે રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને કારણે અલગ-અલગ સ્થાનો પર ફંસાયેલા મજૂરો અને બીજા નાગરિકોના લાભ માટે યોજના શરૂ કરવાનો નિર્દેશ આપવાની અપીલ કરી હતી.

અરજીકર્તાએ કોરોના વાયરસ મહામારીના દરમિયાન પ્રવાસી મજૂરો, લાભાર્થીઓ, રાજ્યોના રહેવાસીઓ અને પ્રવાસીઓના હિતોની રક્ષા કરવા અને તેઓને સસ્તી કિંમતે અનાજ અને સરકારી યોજનાના લાભ ઉપલબ્ધ અપાવવા માટે અસ્થાયી રૂપે એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોજના અપનાવવા માટે કોર્ટને હસ્તક્ષેપ કરવા અપીલ કરી હતી.

શેરબજારમાં તેજી: સેન્સેક્સ ૩૭૧ પોઇન્ટ વધી ૩૨૧૧૪ની સપાટીએ

મુંબઇ

કોરોના સંકટ વચ્ચે દિવસભરની વધઘટ બાદ આજે અંતિમ સેશનમાં ભારતીય શેર માર્કેટ વધીને સેટલ થયા છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેકસ સેન્સેક્સ ૩૭૧ પોઈન્ટ અથવા ૧.૧૭ ટકા વધીને ૩૨,૧૧૪ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૯૮ અંક અથવા ૧.૦૬ ટકા વધીને ૯,૩૮૦ નજીક સેટલ થયા છે.

આ સિવાય બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ ૫૮૯ પોઈન્ટ ઉછળીને ૨૦,૬૭૧ નજીક બંધ આવ્યો છે. આ સિવાય બીએસઈ પર મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ અનુક્રમે ૦.૮૦ ટકા અને ૦.૭૭ ટકા વધીને સેટલ થયા છે. અન્ય સેક્ટર્સમાં બીએસઈ પર ટેક, મેટલ અને પાવર ઈન્ડેક્સને છોડી અન્ય સેક્ટર્સમાં તેજી જોવા મળી છે. વૈશ્વિક માર્કેટની વાત કરીએ તો અમેરિકન માર્કેટ પણ સોમવારે વધીને સેટલ થયા છે. અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૧.૫૧ ટકા, નાસ્ડેક ૧.૧૧ ટકા અને એસએન્ડપી ઈન્ડેક્સ ૧.૪૭ ટકા વધીને સેટલ થયા છે. જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૩૦ ટકા ઘટીને બંધ આવ્યો છે. ઉપરાંત ફ્રાંસ, ઈટલી અને જર્મનીના શેર માર્કેટમાં પણ તેજી જોવા મળી છે.

જમ્મૂ-કાશ્મીરમાં હાઈ સ્પીડ નેટ પર પ્રતિબંધ, ૧૧ મે સુધી ફક્ત ૨-જી સર્વિસને જ છૂટ

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા એક અઠવાડિયાની અંદર અનેક એન્ટી ટેરર ઓપરેશનને આખરી ઓપ આપ્યા બાદ હવે આતંકવાદની સામે સખત કાર્યવાહી કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ દરમિયાન રાજ્યમાં સુરક્ષા જાળવવા માટે સરકારે હાલમાં અહીં હાઈ સ્પીડ ઈન્ટરનેટ પર પ્રતિબંધ યથાવત્ રાખવાનો નિર્ણય લીધો છે. સરકાર તરફથી સોમવારે સાંજે એક આદેશમાં કહેવામાં આવ્યું હતું કે ૧૧ મે સુધી રાજ્યમાં ફક્ત ૨જી ઈન્ટરનેટ સેવા જ આપવામાં આવશે. જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબુદ કર્યા બાદથી ઈન્ટરનેટની સેવા પર આંશિક અથવા પૂર્ણ રીતે પ્રતિબંધ લગાવેલો હતો. તાજેતરમાં જ સરકારે અહીં ૨જી ઈન્ટરનેટ સેવા પૂરી પાડવાની મંજૂરી આપી હતી. જોકે, તમામ સંગઠનોની માગ હોવા છતા પણ ત્યાં હાઈ સ્પીડ ઈન્ટરનેટની સેવા શરૂ નથી કરવામાં આવી. સોમવારના રોજ આ પ્રતિબંધની મર્યાદા વધારતા કેન્દ્ર શાસિત પ્રદેશના ગૃહ વિભાગે ૧૧ મે સુધી રાજ્યમાં ફક્ત ૨૨ ઈન્ટરનેટ સેવા પૂરી પાડવા માટેની વાત કરી છે. સરકાર તરફથી જાહેર કરાયેલા આદેશમાં પાકિસ્તાન તરફથી જમ્મુ-કાશ્મીરમાં થઈ રહેલા આંતકવાદી ષડયંત્રો, કાઉન્ટર ટેરર ઓપરેશન્સ અને અફવાઓને વધતી અટકાવવા માટે ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ લગાવવો જરૂરી છે.

ચોર નીકળ્યો કોરોના પોઝિટિવ, પોલીસકર્મી અને કોર્ટ સ્ટાફ સહિત ૨૪ને ક્વોરન્ટાઈન કરાયા

મુંબઈ

કોરોનાનો કહેર મુંબઈમાં રોકાય તેમ લાગતું નથી. હવે અહીં ચોરીનો આરોપી કોરોના પોઝિટિવ મળી આવ્યા બાદ ૨૪ લોકોને ક્વોરન્ટાઈન કરી દેવાયા છે. જેમાં ગોરેગાંવ વેસ્ટ સ્થિત બાંગુરનગર પોલીસ સ્ટેશનના અધિકારી અને મેજિસ્ટ્રેટ કોર્ટના ૨ સ્ટાફર પણ સામેલ છે. ૨૨ વર્ષના આ યુવકને ચોરીના આરોપમાં પકડવામાં આવ્યો હતો. હવે તેના સંપર્કમાં આવનારા તમામ લોકોની તપાસ કરાશે.

કોર્ટમાં લઈ ગયા બાદ પોલીસ કસ્ટડીમાં એક દિવસ વિતાવ્યા બાદ તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો. પરંતુ જેલ સુપ્રિટેન્ડેન્ટે તેને અંદર રાખવાથી ઈનકાર કરી દીધો, કારણ કે તેનો કોવિડ-૧૯ ટેસ્ટ નહોતો થયો. આ બાદ પોલીસે તેની તપાસ કરાવી જેમાં તે કોરોના પોઝિટિવ નીકળ્યો.

નામ ન આપવાની શરતે એક પોલીસ અધિકારીએ જણાવ્યું, 'જેવી તેનામાં કોરોનાની પુષ્ટિ થઈ, તેના સંપર્કમાં આવનારા તમારા લોકોને ઘરમાં ક્વોરન્ટાઈનમાં રહેવા કહેવાયું.' અધિકારીએ જણાવ્યું કે, પોલીસ હવે બે લોકોને શોધી રહી છે જે તેની સાથે ચોરીની ઘટનામાં ફરાર થઈ ગયા હતા કારણ કે તેમનામાં પણ સંક્રમણ હોવાની આશંકા છે અને તેનાથી અન્ય લોકોના જીવનને ખતરો થઈ શકે છે.

પોલીસના સૂત્રો મુજબ, સંક્રમિત યુવકનો એક ક્રિમિનલ રેકોર્ડ છે અને પોલીસના છોડ્યા બાદ તે ગોરેગાંવ વેસ્ટમાં રહેતો હતો. ૨૦ એપ્રિલે તે અને તેના બે મિત્રો નજીકની એક પાનની દુકાને સિગારેટ ચોરી કરવા ગયા હતા. સૂત્રો મુજબ, ત્રણેયે દુકાનદાર પર ચાકુથી હુમલો કર્યો અને ૩૫૦૦ રૂપિયા કેશ લઈને ફરાર થઈ ગયા.

કોરોના વાયરસને કારણે તમામ દેશોને નુકસાન થયું છે

ચીનની વિરુદ્ધ ગંભીર તપાસ, અબજો ડોલરનો દંડ વસૂલાશે : ટ્રમ્પ

વોશિંગ્ટન

કોરોના વાયરસને કારણે દુનિયાભર થયેલી લાખો લોકોના મોતની વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન ફરીથી એક વખત હુમલો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, ચીનની વિરુદ્ધ અત્યંત ગંભીર તપાસ થઈ રહી છે અને જો બેઈજિંગ સાબિત થશે તો તેના પર અબજોનો ડોલરનો દંડ ફટકારવામાં આવી શકાય છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, તેમની સરકાર એ વાતની ગંભીર તપાસ કરી રહી છે કે, ગયા વર્ષે ચીનના વહુાન શહેરમાં કોરોના પ્રકોપની શરૂઆત બાદ શું થયું. તેમણે જણાવ્યું કે, અમે ચીનથી ખુશ નથી. અમારા મતે કોરોના વાયરસના સ્ત્રોતને રોકી શકાયો હોત. તે સમગ્ર વિશ્વમાં ફેલાયો જ નહતો. જર્મનીમાં ચીન પાસેથી અબજો ડોલરના દંડ માગવાના સવાલ અંગે ટ્રમ્પે જણાવ્યું કે, અમારી પાસે એક સરળ રીત છે. જર્મની બધું જ જોઈ રહ્યું છે અને અમે પણ બધુ જ જોઈ રહ્યા છે. જર્મની જેટલા ડોલર માગવા મામલે વિચાર કરી રહ્યું છે તેનાથી વધારે દંડ અમે માગવા પર વિચાર કરી રહ્યા છે. અમે હજુ અંતિમ રકમ પર કોઈ નિર્ણય લીધો નથી. રકમ ખૂબ જ વધારે છે.

૧૬૦૦ કિમી ચાલી યુવક મુંબઈથી ઉ.પ્રદેશ પહોંચ્યો: છ કલાક બાદ મોત

લખનૌ

દેશમાં લાગુ લોકડાઉન વચ્ચે એક યુવક મુંબઈથી લગભગ ૧૬૦૦ કિમી ચાલીને ઉત્તર પ્રદેશમાં પોતાના ગામ પહોંચે છે. યુપીના શ્રીવસ્તી જિલ્લામાં આવેલા પોતાના ગામ પહોંચ્યા બાદ સ્થાનિક પ્રશાસન યુવકને એક સ્કૂલમાં ૧૪ દિવસ માટે ક્વોરેન્ટીન કરે છે. ક્વોરેન્ટીન કર્યાના માત્ર છ કલાકની અંદર જ આ યુવકનું મોત નિપજ્યું છે. યુવકના રહસ્યમય મોતથી પ્રશઆસન દોડતું થયું છે. પોલીસ અને સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્ય હતા.

યુપીના શ્રીવસ્તી જિલ્લના મઠખનવા ગામની આ ઘટના છે. મુંબઈથી ૧૬૦૦ કિમી ચાલીને આવેલા યુવકનું મોત થતા, આખા વિસ્તારમાં સનસનાટી ફેલાઈ છે. આ યુવક સોમવારે સવારે સાત વાગ્યો પોતાના ગામ પહોંચ્યો હતો, અને બપોરે ૧ વાગ્યા આસાપાસ તેનું મોત થયું છે. સ્થળ પર પહોંચેલા અધિકારીઓએ કોરોના પ્રોટોકોલ પ્રમાણે યુવકની લાશનો કબ્જો મેળવીને પોસ્ટમાર્ટમ માટે મોકલી છે. પ્રશાસન આ યુવકના રહસ્યમય મોતની તપાસમાં લાગ્યું છે. તો મૃતકના શરીર પાસે આવેલા પરિવારના લોકોને પણ તે જ સ્કૂલમાં ક્વોરેન્ટીન કરી દેવામાં આવ્યા છે. યુવકના પરિવારના લોકોનું કહેવું છે કે, જે પ્રકારે તેના શરીરની સ્થિતિ હતી તે જોઈને તો લાગે છે કે આટલે દૂર સુધી ચાલીને આવવાના કારણે તેનું મોત થયું છે. આ આખી ઘટના અંગે પ્રશાસને જણાવ્યુ છે કે હજુ મૃત્યુનું કારણ સ્પષ્ટ થયું નથી.

૯ ડિસેમ્બર સુધીમાં વિશ્વ કોરોના મુક્ત થાય તેવી સંભાવના

ભારતમાં ૨૬ જુલાઈ સુધીમાં કોરોનાનો અંત આવે તેવી શક્યતા : રિસર્ચ

ન્યુ દિલ્હી

વિશ્વભરના દેશોમાં કોરોના વાયરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે દુનિયાભરના કેટલાય દેશમાં લોકડાઉન કરી દેવામાં આવ્યું છે અને વૈજ્ઞાનિક દિવસ રાત એક કરીન કોરોનાને હરાવવા માટેના પ્રયાસો કરી રહ્યા છે. સિંગાપુર યૂનિવર્સિટી ઑફ ટેક્નોલોજીના સંશોધનકારોએ દાવો કર્યો છે કે ૯ ડિસેમ્બર સુધીમાં દુનિયાભરમાં કોરોના ખતમ થઈ શકે છે. ભારત વિશે અંદાજો લગાવતા કહ્યુ છે કે ભારતમાં ૨૬ જુલાઈ સુધીમાં કોરોના ખતમ થઈ શકે છે.

કોરોના વાયરસે દુનિયાને ઘરમાં કેદ કરી રાખ્યા છે. લોકોને એક જ વાત પરેશાન કરી રહી છે આ કોરોનાનો અંત ક્યારે આવશે. શું લોકડાઉન ખુલ્યા પછી પણ કોરોનાથી ક્યારે મુક્તિ મળશે. સિંગાપુર યૂનિવર્સિટી ઑફ ટેક્નોલોજી એન્ડ ડિઝાઈનના સંશોધનકારોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેટા એનાલિસિસ મારફતે દુનિયાને આશાવાદી માહિતી આપી છે.

અભ્યાસ અનુસાર, દુનિયાના તમામ દેશમાંથી ડિસેમ્બરની શરૂઆત સુધીમાં કોરોનાનો અંત આવી જશે. અભ્યાસમાં જણાવ્યું છે કે અમેરિકામાં ૨૭ ઑગષ્ટ, સ્પેનમાં ૭ ઑગષ્ટ, ઈટલીમાં ૨૫ ઑગષ્ટ અને ભારતમાં ૨૬ જુલાઈ સુધીમાં કોરોના ખતમ થઈ જશે.

સંશોધનકારોએ આ મહામારી ખતમ થવાના ત્રણ અંદાજિત સમય વિશે માહિતી આપી હતી. અભ્યાસમાં દરેક દેશના વાતાવરણ અને ત્યાંની કોરોનાની સ્થિતિ, મૃત્યુઆંક અને ઠીક થઈ રહેલા દર્દીઓની સંખ્યાને આધારે આ અંદાજ કાઢવામાં આવ્યો છે. આ અંદાજ અનુસાર ચીનમાં કોરોનાના અંતનો સમય ૯ એપ્રિલ હોવાનું જણાવવામાં આવ્યું હતું. શોધ અનુસાર દુનિયાભરમાં ૯૭ ટકા ૩૦ મે સુધી અને ૯૯ ટકા ૧૭ જૂન સુધી અને ૧૦૦ ટકા ૯ ડિસેમ્બર સુધીમાં કોરોનાનો અંત આવશે.

ભારતમાં ૯૭ ટકા કેસ ૨૨ મે સુધીમાં, ૯૯ ટકા કેસ ૧ જૂન સુધી અને ૧૦૦ ટકા કેસ ૨૬ જુલાઈ સુધીમાં કોરોનાનો અંત આવશે.

ઓક્સફોર્ડ સાથે સંકળાયેલી ભારતીય કંપનીએ કહ્યું

કોરોનાની રસી સપ્ટેમ્બર સુધીમાં તૈયાર થઈ જવાની આશા

લંડન

દુનિયાના સૌથી મોટા રસીના નિર્માતા અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અદર પૂનાવાલાએ એક ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યૂ આપતા જણાવ્યું કે બહું જલ્દી કોરોના વાયરસની રસી બજારમાં આવી જશે. સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં આ રસી તૈયાર થઈ જશે. આ રસીની કિંમત આશરે ૧૦૦૦ રૂપિયા હશે.

પૂનાવાલાએ જણાવ્યું કે, અમે મે મહિનાના અંત સુધીમાં મેન્યુફેક્ચરિંગ પર કામ શરૂ કરી દઈશું. જો સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર સુધીમાં ટ્રાયલ પૂર્ણ થઈ જશે તો અમારી પાસે કોરોનાની રસીનો જથ્થો રહેશે કે જેને અમે ભારત અને દુનિયા સુધી પહોંચાડી શકીશું.

ભારતમાં પુણે સ્થિત સીરમ ઈન્સ્ટીટ્યૂટ યૂકે અને અમેરિકામાં વિજ્ઞાનીઓની સાથે મળીને કામ કરી રહ્યું છે જેથી વૈશ્વિક મહામારી માટે એક રસીનું નિર્માણ કરી શકાય. કોરોના વાયરસના કારણે ૩૦ લાખ કરતા વધારે લોકો સંક્રમિત થયા છે અને ૨,૧૧,૦૦૦થી વધારે લોકો કોરોના વાયરસના કારણે મોતને ભેટી ચૂક્યા છે.

મોટા ભાગના વિજ્ઞાનીઓનું કહેવું છે કે કોરોના વાયરસની રસી શોધવામાં આશરે બે વર્ષ અથવા ઓછામાં ઓછા ૧૮ મહિનાનો સમય લાગી જશે. રસી શોધવામાં ઓછામાં ઓછો કેટલો સમય લાગશે તે અંગે પૂછાતા તેમણે કહ્યું કે ઓક્સફર્ડ યૂનિવર્સિટીના વિજ્ઞાનીઓ સાથે સંકળાતા પહેલા તેઓને પણ એવું જ લાગી રહ્યું હતું કે આ મહામારીમાંથી બહાર આવવામાં ઘણો લાંબો સમય લાગી જશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અદર પૂનાવાલાએ કહ્યું કે અમે ખુદ કહ્યું હતું કે કોડનજિક્સ અને અન્ય અમેરિકી ભાગીદારોનીસાથે રસીનું ઉત્પાદન ૨૦૨૧ સુધીમાં શરૂ થઈ જશે, પરંતુ ત્યારબાદ જે થયું, તે એવું થયું કે લગભગ એક અઠવાડિયા અગાઉ, ઓક્સફોર્ડ યૂનિવર્સિટીની સાથે જોડાયા બાદ અમે ઘણી પ્રગતિ કરી છે અને રસીની પ્રક્રિયા આગળ ધપાવતા માણસોમાં રસીનું પરિક્ષણ કરી રહ્યા છે.

ગુનાખોરી ઓછી થઈ

સંકટ સમયે સંસદ,કોર્ટમાં તાલમેલ જરૂરી: સીજેઆઈ

ન્યુ દિલ્હી

કોરોનાની સ્થિતિ પર ચીફ જસ્ટિસ એસએ બોબડેનું કહેવું છે કે હાઈ કોર્ટના જજ આરામ નથી કરતા પણ કેસનો નિવેડો લાવી રહ્યા છે. અમે વર્ષમાં ૨૧૦ દિવસ કામ કરીએ છીએ. જો કે, કોર્ટમાં આવતા કેસ ઓછા થયા છે. સુપ્રીમ કોર્ટમાં જાન્યુઆરીમાં દર દિવસે ૨૦૫ કેસ નોંધાતા હતા પણ એપ્રિલમાં ઈ-ફાઈલિંગ દ્વારા અત્યાર સુધી કુલ ૩૦૫ કેસ જ આવ્યા છે. આવું એટલા માટે થયું છે કારણ કે ઘટનાઓ બની રહી નથી. ચોરીના કેસ નથી બની રહ્યાં, ગુનાખોરીમાં ઘટાડો થયો છે. પોલીસની કાર્યવાહી પણ ઘટી ગઈ છે.

બોબડેના કહ્યાં પ્રમાણે, આપત્તિ કે મહામારીને સંભાળવામાં અધિકારી સક્ષમ છે. કોરોના સંકટ સામે કોર્ટ કેવી રીતે નિવેડો લાવી રહી છે, આ મુદ્દા પર પ્રેસ સાથે વાતચીતમાં સીજેઆઈએ માણસ, ધન અને જરૂરી વસ્તુઓની પ્રાથમિકતા નક્કી કરવા પર જોર આપ્યું છે. તેમણે કહ્યું કે, સંકટ સમયે સંસદ, તંત્ર અને કોર્ટે તાલમેલ સાથે કામ કરવું જોઈએ.

જનતાના અધિકારોની રક્ષા માટે ન્યાયપાલિકાની ભૂમિકા અંગે સીજેઆઈએ કહ્યું કે, આમા કોઈ શંકા નથી કે તંત્રના લોકોનો જીવ જોખમમાં મુકવાની છૂટ આપવામાં આવતી નથી. જ્યારે પણ આવું થશે તો કોર્ટ દખલગીરી કરશે. અમે સરકારને કહ્યું કે, જરૂરિયાતમંદોને રહેવા, જમવા અને કાઉન્સલિંગની સુવિધા આપવામાં આવે.

કોરોના સંકટ દરમિયાન સરકારની લાઈન પર ચાલવાના આરોપો અંગે સીજેઆઈએ કહ્યું કે, કોરોનાના તમામ કેસમાં સરકારને પુછી ચુક્યા છીએ કે અત્યાર સુધી કેવા પગલા લીધા? પ્રવાસી મજૂરોના કેસમાં મહત્વની માહિતી માંગવામાં આવી હતી. આ વિચારાધીન મામલો છે પણ જે શક્ય હતું અમે કર્યું.

તંત્રી લેખ

ખુબ મુશ્કેલરૂપ ફરજ છે

આ ખરેખર ચિંતાજનક બાબત છે કે સિયાચીન જેવા જટિલ સ્થળો પર ફરજ બજાવી રહેલા ભારતીય જવાનોને ખાવાપીવા અને અન્ય જરૂરી ચીજો મળી રહી નથી. આ પ્રકારના હેવાલ વચ્ચે સિયાચીનમાં માઇનસ ૨૬ ડિગ્રીમાં તૈનાત ભારતીય જવાનનુ મોત થયુ છે. ઉત્તરાખંડના નિવાસી રમેશ બહુગુણાનુ સિયાચીન સેક્ટરમાં ફરજ વેળા મોત થયુ છે. રમેશ બિમાર થયા બાદ તેમને ચંગીગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બહુગુણા મહાર રેજિમેન્ટના જવાન તરીકે હતા. સાથે સાથે ટિહરી જિલ્લાના ચંબા ક્ષેત્રમાં સબલી ગામના નિવાસી હતા. જવાનના પરિવારના સભ્યોનુ કહેવુ છે કે જોરદાર ઠંડી અને ઓક્સીજનની કમીના કારણે રમેશ બિમાર થઈ ગયા હતા. કેગના હેવાલમાં વિગત સપાટી પર આવ્યા બાદ ચારેબાજુ સંબંધિત વિભાગની ટિકા થઈ રહી છે. બીજી બાજુ સેનાના વડાએ કહ્યુ છે કે આ અહેવાલ ખુબ જુના છે. જવાનોને પુરતી સુવિધા આપવામાં આવી રહી છે. જો કે એક બાબત તો સ્પષ્ટ છે કે હજુ જવાનોને વધારે સારી સુવિધા આ પરિસ્થિતીમાં મળે તે જરૂરી છે. કારણ કે સિયાચીન ખાતે પારો માઈનસ ૨૬ સુધી પહોંચી ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સિયાચીન, લડાખ અને ડોકલામ જેવા પહાડી વિસ્તારોમાં તૈનાત રહેલા જવાનો છેલ્લા પાંચ વર્ષોમાં જરૂરી સાધનોની તકલીફ અનુભવી રહ્યા છે. રેશનિંગની પણ આવિસ્તારમાં તકલીફ હોવાની વિગત ખુલી છે. બરફના વિસ્તારોમાં ખતરનાક સમસ્યાથી આંખને બચાવી લેવા માટે સ્નો ગોગલ્સનમી ૬૨ ટકા જેટલી કમી રહેલી છે. જવાનોને મલ્ટી પરપજ બુટ મળી રહ્યા નથી. યોગ્ય બુટ મળી રહ્યા નથી જેથી જુના બુટથી ચલાવવાની ફરજ પડી રહી છે. ખરીદી પ્રક્રિયામાં વિલંબના કારણે સૈનિકોની સુરક્ષા અને સાફ સફાઇ પર ખરાબ અસર થઈ રહી છે. ભોજન પણ ઓછા પ્રમાણના કેલરી સાથે મળે છે. સ્વદેશીકરણમાં નિષ્ફળતાના કારણે ચીજોની આયાત કરવાની ફરજ પડી રહી છે. દરમિયાન સેન્ય અધિકારી કહે છે રિપોર્ટ ૨૦૧૫-૧૬થી ૨૦૧૮-૧૯ વચ્ચેનો છે. હવે ચીજોમાં સુધારો લાવવામાં આવી રહ્યો છે. ચીજોમાં કેટલો સુધારો થયો છે તે અંગેની માહિતી તો હવે નવા કેગના રિપોર્ટથી થઈ શકશે. માનવી આવાસની દ્રષ્ટિએ સૌથી જટિલ સ્થિતી પૈકી એક સિયાચીન ખાતે સૈનિકો ૨૪ કલાક ચુસ્ત રહે છે. સાવધાન રહે છે. આવી જટિલ સ્થિતીને જવાનોને દિવસમાં બે વખત પેટ્રોલિંગ કરવાની ફરજ પડે છે. વર્તમાન સરકારે પોતાના એજન્ડામાં રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપી છે ત્યારે અહીં વધારે ધ્યાન આપવાની જરૂર છે. નાગરિકોમાં સેનિકો પ્રત્યે માન સન્માન વધારી દેવા અને સંવેદના વધારી દેવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સેનામાં ટોપના સ્તર પર માળખાગત સુધારા કરવાની જરૂર દેખાઇ રહી છે. આની શરૂઆત થઈ છે. સંગઠન અને કામકાજની ખામી દુર કરવામાં આવી રહી છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂંક પણ હાલમાં કરવામાં આવી છે. કેગના રિપોર્ટને લઈને ચારેબાજુ ચર્ચા ચાલી રહી છે. સરકાર સામે પણ સવાલો થયા છે.

સિયાચીન જેવા વિસ્તારમાં જવાનોને પુરતી ચીજો મળી રહી નથી તે બાબત ચિંતાજનક

કોરોનાએ ભારતના અર્થતંત્રને દોડતુ કરવાની તક આપી છે તે ઝડપી શકશે કે કેમ.....?

વિશ્વમાં ચીન જનક કોરોના વાયરસ વિશ્વભરમાં ૩૦ લાખ ઉપરાત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે અને ૨ લાખ ઉપરાંતને મોતના મુખમાં ધકેલી દીધા છે. ચીને પોતે ધાર્યું હોત તો કોરોના ચીનની બહાર નીકળી શક્યો ન હોત... પરંતુ તેની લાલચ વિશ્વની મહાસત્તા બનવાની હોયને ચીનના વિદેશોમા રહેતા નોકરી-ધંધા કરનારને ચીનમાથી જે તે દેશોમા જવા દીધા. તો ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ પોતાના દેશમાં જવા દીધા. આ પૈકીના કેટલા કોરોનાગ્રસ્તો હશે તે કોઈ કહી ન શકે. પરંતુ વિશ્વમાં જે રીતે કોરોનાએ રાક્ષસી સ્વરૂપ બતાવ્યું ત્યારે દરેક દેશો ચીન પર શંકા કરવા લાગ્યા કે ચીનનુ વ્યવસ્થિત તરકટ હોઈ શકે છે...! નહીં તો ચીનમાં કોરોના વાયરસ ફાટી નીકળ્યા બાદ વિશ્વના દેશોને જાણ કરી હોત... તેમજ કોરોના કાબૂમાં લઈ લીધો તે માટે કઈ દવા કે રસી કારગત નીવડી તે બતાવ્યું હોત... પરંતુ લુચ્ચા-વિસ્તારવાદી,પડોશી દેશોને હડપ કરવાના કાવાદાવા કરતા ચીનને વિશ્વની પ્રથમ મહાસત્તા બનવાની લ્હાયમાં પોતાના નાગરિકોને વિદેશમાં કે જે તે દેશોમાં જવા દીધા... જેમા એક કેરળનો વિધ્યાર્થી ચીનનિ વૂહાનમાં ડૉક્ટરી અભ્યાસ કરતો હતો તેને ભારતમા પોતાના વતન જવા દીધો... અને ભારતમાં પ્રથમ કોરોનાનો કેસ આ વિદ્યાર્થીનો નોંધાયો. ટ્રમ્પની મુલાકાત પહેલાં અનેક મુલાકાત સમયે વિદેશથી અનેક ભારતીયો પરત ફર્યા હતા. એટલે ધીરી ગતિએ કોરોનાએ ભારતમાં ફેલાવાનું શરુ કરી દીધું.....! આજે દેશભરમાં ૨૮ હજારથી વધુ કોરોના સંક્રમિતોનિ કેસ નોધાયા છે અને મૃતાક ૯૦૦ થવાની નજીક પહોંચી ગયો છે.....!

ચીને વિશ્વને કોરોના આપ્યો તે હકીકત છે....! પરંતુ આ કોરોના ને કારણે ભારતભરમાં અનેક લાભ થયા છે. તેમાં સૌપ્રથમ તો હવા પ્રદૂષણ સહિતના પ્રદૂષણો ખતમ થઈ ગયા છે, તમામ નાની મોટી તમામ નદીઓ સ્વચ્છ અને નિર્મળ થઈ ગઈ છે, અનેક લોકોના તમાકુ-ગુટકા- સિગરેટ સહિતના વ્યસનો છૂટી ગયા છે, મોટાભાગના લોકો પોતાની હેલ્થ જાળવવા ભારતની ખાવાની પરંપરા ઉપર ઉતરી ગયા છે, મોટા ભાગના ઘરોમા વપરાતી આયૉર્વેદીક ખાવા-પીવાની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરતા થઈ ગયા છે. બર્ગર,પીજા, પાણીપુરી, બજારૂ નાસ્તા ભુલાઈ ગયા છે. અને આ બધામાં સૌથી મોટી વાત એ છે તે લોકોના ગંભીર-વારસાઈ સિવાયના મોટા ભાગના રોગ ખતમ થવા પામ્યા છે જે સુખદ બાબત છે. પરંતુ કોરોના જનક ચીનના અર્થતંત્રને મોટો ફટકો પડે તેવી પરિસ્થિતિ ઊભી થવા પામી છે.ચીનમા અનેક વિદેશી કંપનીઓનું મોટા પ્રમાણમાં ઉદ્યોગ ક્ષેત્ર સહિતના વિવિધ ક્ષેત્રોમાં રોકાણ છે. જેમાં ચીનની અનેક પ્રકારની તકલીફ રૂપ વ્યવસ્થાને કારણે કોરોનાના મોતનું તાંડવ જોઈને ચીનમાંથી ઉચાળા ભરવા તૈયાર થઈ ગયા છે. તેમાં ૩૦૦ ઉપરાંત રોકાણકારોની નજર ભારત ઉપર ઠરી છે....! અને આ વિદેશી રોકાણકારોએ ભારતના જવાબદારો સાથે વાતચીતનો દોર શરૂ કરી દીધો છે.....,!જેનો મતલબ મોદી સરકારને એક મોટી તક પ્રાપ્ત થઈ છે. "બગાસું ખાતા મોઢામા પતાસું આવ્યું" તેમ ભારતે આ તક ઝડપી લેવી જોઈએ. પરંતુ દેશના અને લોકોના હિતને નજરમાં રાખીને.... તો રોજગારીના દ્વાર ખૂલી જશે, વિવિધ ઉત્પાદનોનો નિકાસ કરતો દેશ બની જાય અને ભારતના અર્થતંત્રની ગાડી પાટા પર ચડી વેગ પકડી લે તે નિશ્ચીત..... પરંતુ હાથમાં આવેલી તક ઝડપી લે તો.....?! જો કે મોદીજી આવી તક ઝડપવાનું ચુકશે નહીં તે હકીકત બનવાની શક્યતા છે.....!

દેશભરના જે તે રાજ્યોમાં કોરોનાના કેસો નોંધાયા છે તેમાં કેટલાક રાજ્યોમાં ઘટવા લાગ્યા છે.ગોવા રાજ્ય કોરોના મુક્ત બની ગયું છે. પરંતુ અનેક રાજ્યોમાં કોરોના સંક્રમિતોના ફેલાવાને લઈને કેટલાક નાના મોટા શહેરના ચોક્કસ વિસ્તારોને રેડ ઝોનમાં મૂક્યા છે. આવા વિસ્તારોમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા વધવા સાથે મૃતાક પણ વધી રહ્યો છે. તે કારણે આવા રેડઝોન વિસ્તારોમાં ર્ફ્છાર્હ્વ વધારવા સિવાય સરકાર માટે કોઈ રસ્તો નથી.....! ગુજરાતમાં મુખ્ય ત્રણ શહેરોમાં રેડ ઝોન વિસ્તારો સ્થાપિત થયા છે અહી લોકડાઉન લંબાવવુજ પડશે તેવી સ્થિતિ છે....! બીજી તરફ સરકાર કોરન્ટાઈન કરેલા વિસ્તારો સહિતના તેની નજીકના વિસ્તારોમાં સેનેટાઈઝ કરવામાં નિષ્ફળ રહી છે. તો કોરોન્ટાઈન કરેલ વિસ્તારોમાં લોકોને ખવા પીવાનુ મળતું નથી. રૂપાણી સરકાર અનાજ સહાય માટેની મોટી મોટી વાતો કરે છે પરંતુ આવા વિસ્તારોમાં કોઈ ખાવા-પીવાનું અને સહાય પહોંચતી નથી....! અમદાવાદનો વકીલની ચાલી નામનો વિસ્તાર છે જ્યાં ગરીબો-મજૂરો, રોજ કમાઈને ખાનારાઓની વસ્તી છે. છેલ્લા દસ દિવસથી અહીંના લોકો ખાવા માટે ટળવળી રહ્યા છે. તો સરદારનગર વિસ્તારમાં લોકો ર્ફ્છાર્હ્વ પાલન કરે છે પરંતુ મજુર, રોજ કમાઈને ખાનારા વધુ સંખ્યામાં છે તેઓ જાહેરમાં આવી જાય છે ને કહે છે અમે કોરોના નહીં પરંતુ ભૂખથી મરી જઈશું. સિવિલ હોસ્પિટલ તથા કોરોના સંક્રમિતોને જે હોસ્પિટલોમા રાખ્યા છે તેમને રેગ્યુલર ચા-પાણી ખાવા-પીવાનું મળતું ન હોવાની ફરિયાદો ઊઠી છે.. ત્યારે આને કેવો વહીવટ કહેવાય...? સરકાર જે બોલે છે તેનો અમલ કરાવે તે જરૂરી છે... નહીતો રૂપાણી સરકારને માથે માછલા અવશ્ય ધોવાશે.....! વંદે માતરમ્

કોરોના દર્દીઓના ડેટાનો વેપાર..!?, આરોગ્ય સચિવ-કમિશ્નર વચ્ચેનો વિવાદ વકર્યો

- **એક તરફ કોરોનામાં દર્દીઓ મરી રહ્યાં છે તો બીજી તરફ દર્દીઓના ડેટાનો ખતરનાક ખેલ શરૂ થયો છે**
- **શું જયંતિ રવિ પોતાના પતિની માલિકીની એજન્સીને દર્દીઓનો સંવેદનશીલ ડેટા આપવા મૌખિક સુચનાઓ આપી રહી છે ?**
- **આરોગ્ય કમિશ્નરના પત્રમાં ઉલ્લેખ-જો જો ધ્યાન રાખજો, કોરોનાના દર્દીઓની માહિતી દર્દીની સંમતિ વગર ના અપાય!**
- **ટેકો સોફ્ટવેર નામની એજન્સી સચિવ જયંતિ રવિના પતિ રવિ ગોપાલનની છે!**
- **સચિવને પોતાના પતિની એજન્સીને સંવેદનશીલ માહિતી કોરોનાના હજારો પેશન્ટની મળે તે પાછળનું કારણ શું હોઈ શકે..?**
- **શું કોરોનાના દર્દીની તમામ માહિતી તેની સંમતિ વગર તેના પ્રાઈવસીનો ભંગ કરીને આ એજન્સીને ઠરાવ વગર આપવામાં આવી રહી છે?**
- **ટેકોસોફ્ટવેરમાં આઈડીએસપી અને કોવિડ-૧૯ નવા મોડ્યુલ તૈયાર કરવા આરોગ્ય કમિશ્નરનું સૂચન**

સમગ્ર ગુજરાત છેલ્લાં એક મહિનાથી કોરોના વાઈરસની આપત્તિમાંથી પસાર થઈ રહ્યું છે. કોરોના પોઝીટીવ કેસો ૩ હજારને પાર થઈ ગયા છે. છેલ્લાં એક સપ્તાહથી રોજે રોજ ૨૦૦ કરતાં વધુ કેસો બહૈર આવી રહ્યાં છે.સરકાર અને કોરોના વોરિયર એવા તબીબો-નર્સો-પેરા મેડિકલ સ્ટાફ, પોલીસ, મિડિયા કર્મી પોતાના યથાયોગ્ય ફરજ બજાવી રહ્યાં છે. એવા સમયે કે જ્યારે કોરોનાને કારણ કરૂણાનું વાતાવરણ સર્જાયેલું છે ત્યારે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિના કથિત અનિયમિતતા કે સત્તાનો દુરૂપયોગની ચર્ચા થઈ રહી છે. જેમાં તેમણે પોતાના પતિ ડી.કે. રવિની માલિકીની કંપની ટેકો સોફ્ટવેરને કોરોનામાં કમાણી થાય એવી મૌખિક સુચના સાથે આ જ કંપનીને કોરોના દર્દીની તમામ વિગતો-ડેટા, નિદાન-સારવાર વગેરે.નું કામ આપી રહ્યાં હોવાનો દાવો કરાયો છે. જો કે તેમના તાબા હેઠળના આરોગ્ય કમિશ્નર જયપ્રકાશ શિવહરેએ ૧૬-૪-૨૦૨૦ના એક પત્ર દ્વારા જયંતિ રવિનું ધ્યાન દોર્યું છે કે આ કંપનીએ પોતાના સોફ્ટવેરમાં કોવિડ-૧૯ની માહિતી માટે મોડ્યુલ બનાવવુ પડે અને તેમાં જે તે દર્દીની વિગતોની પ્રાયવસી અને સંમતિ જરૂરી છે, એમ કહીને આ એજન્સી સાથે એમઓયુ કરીને જ કામ આપી શકાય એવું સૂચન કર્યું છે.. જો કે જયંતિ રવિ અધિકારીઓને લેખિતને બદલે મૌખિક સુચનાઓ આપીને તેમના પતિની કંપનીને જ ડેટા એકત્રિકરણનું કામ આપવા દબાણ કરી રહ્યાં હોવાનું ચર્ચાઇ રહ્યું છે. (આરોગ્ય કમિશ્નરે લખેલા પત્રની નકલ જીએનએસ પાસે છે.)

આરોગ્ય વિભાગમાં હાલમાં ચર્ચાનો વિષય બનેલા આ મામલાની વિગત જોઈએ તો શિવહરે દ્વારા ૧૪ એપ્રિલના રોજ જયંતિ રવિને સત્તાવાર પત્ર લખીને તેમનું ધ્યાન દોરવામાં આવ્યું કે, ટેકો સોફ્ટવેર થકી આરસીએચના વિવિધ કાર્યક્રમોનું મોનિટરિંગ અને અમલીકરણ રાજયમાં કરવામાં આવે છે. હાલ રાજયમાં કોરોના એપીડેમિકની પરિસ્થિતિમાં કોરોના વાયરસ સંક્રમિત વ્યક્તિ માટે મેડિકલ સંક્રમણ નિદાન, લેબોરેટરી, તપાસ, સારવાર,દૈનિક ધોરણે મોનિટરીંગ વગેરે. હેતુસર જો ટેકોસોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી દ્વારા મોનિટરીંગ કરવાનું થાય તો કેટલીક બાબતો ધ્યાને લેવી જરૂરી છે. જેમ કે આ નવા મોડ્યુલમાં દર્દીઓને તબીબી વિગતો, નિદાન, લેબોરેટરીની વિગતો, દર્દીની રોજિંદી વાઈટલ્સ, દવાઓની વિગતો, સારવારની વિગતો વગેરે. સમાવિષ્ટ થાય છે. જેથી સદરહુ બાબતે કોરોના વાઈરસ સંક્રમિત વ્યક્તિ કે દર્દીના ડેટા પ્રાયવસી, દર્દીની સંમતિ જરૂરી છે. તેમ જ આ અંગે ડેટાની માલિકી, ડેટા સ્ટોરેજ અને વપરાશતથા અન્ય કાયદાકિય બાબતો વગેરે. ધ્યાને લેવાની થાય છે. આ બાબતોને ધ્યાને લઈ ટેકોસોફ્ટવેરમાં આઈડીએસપી અને કોવિડ-૧૯ નવા મોડ્યુલ તૈયાર કરવા હેતુ વિભાગ કક્ષાએથી જરૂરી ઠરાવ થયા પછી જ અમલીકરણ થાય તે જરૂરી છે. આથી આ અંગે સરકારશ્રી કક્ષાએથી ઠરાવ થઈને આવવા વિનંતી છે.

આઈએએસ શિવહરેએ પત્રના નકલ રવાનામાં અધિક નિયામક કચેરીને નોંધમાં લખ્યું છે કે ઉપરોક્ત બાબત ધ્યાને લઈ કોઈ કાયદાકિય પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે રીતે તકેદારી રાખવા નોંધ લેવી અને સરકારશ્રીની લેખિત સુચનાઓ સિવાય દર્દીની પ્રાઈવસી કે ડેટા કલેક્શન-ઉપયોગ અંગે વખતોવખતની સુચનાઓનો ભંગ ન થાય તે જોવુ અને આ બાબતે કોઈ કાયદાકિય પ્રશ્નો ઉપસ્થિત થશે તો સંબંધિત અધિકારીની અંગત જવાબદારી રહેશે તે બાબત તમામના ધ્યાને લાવવી.

સૂત્રોએ આ પત્ર અંગે કહ્યું કે જયંતિ રવિના હાથ નીચે કામ કરનાર અધિકારીએ પત્ર લખીને, જો આ અંગે કોઈ મૌખિક સુચનાઓ અપાતી હશે કે અપાશે તો તે માટે જે તે અધિકારી કાયદેસર રીતે જવાબદાર રહેશે એમ કહીને મૌખિક સુચનાઓ નહીં પણ લેખિતમાં સુચના મળે તો જ તેના અમલ માટે તાકીદ કરી હોવાનું મનાઈ રહ્યું છે. કેમ કે ચર્ચા એવી છે કે શું જયંતિ રવિ ઠરાવ કર્યા વગર જ "ટેકો સોફ્ટવેર"ને કોરોનાના હજારો દર્દીઓના ડેટા એન્ટ્રીનું કામ પોતાના પતિની એજન્સીને આપવા માંગે છે...? આરોગ્ય કમિશ્નરને પત્રમાં એવુ લખવાની કેમ ફરજ પડી કે, "સરકારશ્રીની લેખિત સુચનાઓ સિવાય દર્દીની પ્રાઈવસી કે ડેટા કલેક્શન-ઉપયોગ અંગે વખતોવખતની સુચનાઓનો ભંગ ન થાય તે જોવુ અને આ બાબતે કોઈ કાયદાકિય પ્રશ્નો ઉપસ્થિત થશે તો સંબંધિત અધિકારીની અંગત જવાબદારી રહેશે તે બાબત તમામના ધ્યાને લાવવી." શું કોરોનાના દર્દીની નિદાન-સારવાર સહિતની તમામ માહિતી તેની સંમતિ વગર તેના પ્રાઈવસીનો ભંગ કરીને આ એજન્સીને ઠરાવ વગર આપવામાં આવી રહી છે...? આવી ડેટા એન્ટી માટે એજન્સીને કેટલા રૂપિયા ચૂકવવામાં આવ્યાં છે અથવા શું દર નક્કી કરવામાં આવ્યો છે...?

આરોગ્ય કમિશ્નરને, આ બાબતે કોઈ કાયદાકિય પ્રશ્નો ઉપસ્થિત થશે તો સંબંધિત અધિકારીની અંગત જવાબદારી રહેશે...એમ કહેવાની કેમ ફરજ પડી છે...? શું તેમની વાતને ધ્યાને નહીં લઈને એજન્સીને માહિતી પૂરી પાડવામાં આવી રહી છે કોરોના દર્દીની તમામ જાણકારીની...? શું કમિશ્નરને એવી કોઈ ફરિયાદ મળી કે આ એજન્સીને સત્તાની વગનો ઉપયોગ કે દુરૂપયોગ કરીને મૌખિક સુચનાથી ડેટા એન્ટ્રીનું કામ આપવામાં આવ્યું છે...?

હાલમાં કોરોનાએ આખી દુનિયામાં હાહાકાર મચાવ્યો છે ત્યારે કેટલીક દવાની કંપનીઓ, સંશોધન કરનારી ખાનગી કંપનીઓ વગેરે.માટે કોરોના પેશન્ટની ઝીણામાં ઝીણી માહિતી મહત્વની છે ત્યારે ગુજરાતના હજારો દર્દીઓનો ડેટા મેળવવા તેઓ પ્રયાસ કરી શકે. તેથી જો આ એજન્સી સાથે એમઓયુ ન થાય તો એજન્સી પોતાની જવાબદારીમાંથી છટકી જઈ શકે છે. અને તેથી જ કદાજ શિવહરેએ સચિવના પતિની કંપનીને કામ આપતા પહેલા તેના સોફ્ટવેરમાં મોડ્યુલ તૈયાર કરવા અને દર્દીની સંમતિ અને ઠરાવનો આગ્રહ રાખ્યો હશે. આવા ભયાનક રોગચાળાના ભોગ બનેલાની વિગતો અને કઇ દવાથી દર્દી સાજો થયો તેના પર કેટલીક દવાની કંપનીઓ કે અન્ય એજન્સીઓની નજર રહેતી હોય છે. જો યોગ્ય ઠરાવ કર્યા વગર જ આ એજન્સીને કામ અપાયું હોય તો ગુજરાતના હજારો કોરોના પેશન્ટનો ડેટા જોખમમાં આવી શકે તેમ છે.

સૂત્રોએ કહ્યું કે આરોગ્યમંત્રી નીતિન પટેલ અને સીએમ વિજય રૂપાણીએ આ સમગ્ર બાબતની તપાસ કરાવવી જોઈએ. અને આરોગ્ય કમિશ્નરને પોતના ઉપરી અધિકારી સચિવને આ પ્રમાણેનો પત્ર કેમ લખવાની ફરજ પડી તેની પણ તપાસ જરૂરી છે. એક તરફ ગુજરાતમાં લોકો કોરોનાથી ત્રાહિમામ છે ત્યારે સચિવને પોતાના પતિની એજન્સીને સંવેદનશીલ માહિતી કોરોનાના હજારો પેશન્ટની મળે તે પાછળનું કારણ શું હોઈ શકે..? ટેકો સોફ્ટવેર નામની એજન્સી શા માટે કોવિડ-૧૯નું મોડ્યુલ તૈયાર કરવાનો ઈકાર કરે છે...અને કેટલા વર્ષથી સરકાર માટે કામ કરે છે.... આ તમામ વિગતો તપાસ માંગે છે. જો સૂત્રોના આરોપમાં-આક્ષેપમાં સહેજ પણ તથ્ય હશે તો તેનો અર્થ એ થશે કે ગુજરાતમાં એક તરફ કોરોનાથી હજારો મરી રહ્યાં છે ત્યારે જયંતિ રવિને દર્દીઓના ડેટામાં કેમ રસ જાગ્યો છે....અને શા માટે આરોગ્ય સચિવને આ પત્ર લખવાની ફરજ પડી છે...? સવાલ અનેક જવાબ આરોગ્ય વિભાગ અને સરકાર પાસે હશે..

હાલ સંપૂર્ણ વિશ્વમાં ૮૨.૧ કરોડ લોકો રોજ રાત્રે ભૂખ્યા સૂવે છે

ન્યુ દિલ્હી

વિશ્વ ખાદ્ય કાર્યક્રમનાં પ્રમુખે કહ્યું કે તે દુનિયાનાં સૌથી અમિર દેશોનાં નેતાઓનાં સંપર્કમાં છે, અને તેમને એક મહત્વનો સંદેશ આપી રહ્યા છે, કે કોરોના વાયરસ વૈશ્વિક રોગચાળો ફકત તેમનાં અર્થતંત્રને પ્રભાવિત કરી રહ્યો છે.

જો કે સંવેદનશીલ અને સંઘર્ષગ્રસ્ત દેશો પર પણ અસર કરી રહ્યા છે, જો આ અમિર લોકો સંયુકત રાષ્ટ્ર એજન્સીઓને આર્થિક મદદ કરવાનું બંધ કરશે તો તો આ ગરીબ દેશોનાં લાખો લોકો પણ ભુખમરાનો સામનો કરવા મજબુર થઈ જશે.

ડેવિડ બિસલેએ એસોસિએટેડ પ્રેસ સાથેની ચર્ચામાં કહ્યું કે તે નેતાઓને જણાવી રહ્યા છે કે તે નેતાઓને જણાવી રહ્યા છે કે પુરવઠાની ચેઈનને જાળવી રાખવી જરૂરી છે.

તેમાં વિવિધ પ્રકારની અડચણો જેવી કે પ્રતિબંધ, સરહદો અને બંદરોને બંધ કરવા, ખેતરોમાં ઉપજ ન થવી, અને માર્ગોને બંધ કરવા વગેરે મુશ્કેલીઓ છતાં ભુખમરાથી થનારા મોતને ટાળી શકીએ છીએ.

તેમણે કહ્યું કે હાલ સંપુર્ણ વિશ્વમાં ૮૨.૧ કરોડ લોકો રોજ રાત્રે ભુખ્યા સુવે છે. વધુ ૧૩.૫ કરોડ લોકો ભુખમરાનાં સંકટ અથવા તેનાથી પણ ખરાબ સ્તરનો સામનો કરી રહ્યા છે.

વિશ્વ ખાદ્ય કાર્યક્રમનું એક નવું આંકલન એ બતાવે છે, કે કોવિડ-૧૯નાં પરિણામસ્વરૂપ ૧૩ કરોડ લોકો ૨૦૨૦ અંત સુધી ભુખમરાનો આરે આવી ગયા હશે.

બિસલેએ જણાવ્યું કે વિશ્વ ખાદ્ય કાર્યક્રમ હેઠળ લગભગ ૧૦ કરોડ લોકોને દરરોજ ભોજન પુરૂ પાડવામાં આવે છે, જેમાંથી ૩ કરોડ લોકો એવા છે, જે સંપુર્ણ રીતે માત્ર વિશ્વ આરોગ્ય કાર્યક્રમ પર જ આધારીત છે.

મહાભારતના અર્જુન માટે ફિરોઝ ખાન પહેલા જેકી શ્રોફને અપાઈ હતી ઓફર



મુંબઈ

આ દિવસોમાં દુરદર્શન પર દર્શકોને જૂના એપિસોડ બતાવવામાં આવી રહ્યા છે. જેને લઈને સોશિયલ મીડિયા પર પણ ઘણી ચર્ચા છે. હાલમાં મહાભારતને લઈને પણ માહોલ બંધાયો છે. એમાં અર્જુનની ભૂમિકા નિભાવનાર અભિનેતા ફિરોઝ ખાન ઘરે ઘરે ફેમસ છે. હાલમાં એક ઈન્ટરવ્યૂમાં તેણે ઘણા નવા નવા ખુલાસા કર્યા હતા અને યાદો તાજી કરી હતી. ફિરોઝ ખાને મહાભારતના સમયમાં પોતાનું નામ બદલીને અર્જુન રાખી લીધું હતું. હાલમાં ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, તેને બાણ ચલાવતા જોઈને તેના પૌત્ર અને પૌત્રી પણ ઘણા ખુશ છે.

તેમજ તેણે કહ્યું કે- આ સમયમાં મહાભારત લોકો ખુશી ખુશી જોઈ રહ્યા છે એ પણ ગર્વની વાત છે. એ સાથે જ મહાભારતને ટીવીનું ગેમ ચેન્જર બતાવ્યું છે. ફિરોઝ ખાને ખુદ જણાવ્યું કે, અર્જુનના રોલ માટે પહેલા જેકી શ્રોફને પસંદ કરવામાં આવ્યો હતો. પરંતુ અર્જુનનો રોલ કરવા માટે ફિરોઝ ખાન ખુબ જ ઉત્સુત હતો. તેને ફોન ન આવ્યો તો તે ખુદ ઓફિસ પહોંચી ગયો હતો. ફિરોઝ ખાને જણાવ્યું કે, પહેલા અર્જુનના રોલ માટે જેકી શ્રોફને પસંદ કર્યો હતો. મને જ્યારે એક અઠવાડિયા સુધી કોલ ન આવ્યો તો હું ઓફિસ ગયો. ત્યાં મને મુછ અને કપડાં પહેરવાનું કહેવામાં આવ્યું.

પછી હું જ્યારે ચોપડા સાહેબની ઓફિસમાં ગયો ત્યારે મને કહેવામાં આવ્યું કે હું અર્જુનના રોલ માટે સિલેક્ટ થઈ ગયો છું. ફિરોઝ ખાન એવું માને છે કે, મહાભારત એના કરિયરને ઉંચાઈ પર લઈ જવા માટે ખુબ સારુ સાબિત થયું અને બધા દરવાજા ખોલી દીધા. તેમજ ફિરોઝ ખાને જણાવ્યું કે આ અર્જુનના રોલ પછી મને ઈન્ડસ્ટ્રીમાં એક અલગ જ ઓળખાણ મળી.

રાજકુમાર રાવ અને કૃતિ સેનનની આવી રહી છે કોમેડી ફિલ્મ 'સેકન્ડ ઇનિંગ્સ'



મુંબઈ

રાજ કમાર રાવ અને કિતિ સેનોનની જોડી રૂપેરી પડદે જોવા મળશેય આ ફિલ્મની ઘોષણા તો લગભગ બે મહિના પહેલા જ કરી દેવામાં આવી હતી તેમજ ફિલ્મનું શિર્ષક પણ નક્કી થઈ ગયું હતું. અભિષેક જૈનના દિગ્દર્શનમાં બનનારી આ ફિલ્મનું નામ સેકન્ડ ઈનિંગ્સ છે, અને આ એક કોમેડી ફિલ્મ હશે. આ ફિલ્મમાં પરેશ રાવળ અને ડિમ્પલકાપડિયાની જોડી પણ જોવા મળવાની છે.

આ ફિલ્મ એક એવા યુગલની આસપાર ફરે છે, જે પોતાના જીવનનો ખાલીપો ભરવા માટે માતા-પિતાને દત્તક લેવાનો નિર્ણય કરે છે. આ ફિલ્મમાં કોમેડીની સાથેસાથે સામાજિક સંદેશો પણ આપવામાં આવશે. આ પહેલા રાજ કુમાર રાવ અને કિતિ ફિલ્મ બરેલી કી બર્ફીમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મનું નિર્માણ દિનેશ વિઝન કરી રહ્યો છે. જે કોમેડી ફિલ્મો કરવા માટે જાણીતો છે. તેની હિટ ફિલ્મોમાં હિંદી મીડિયમ, સ્ત્રી, બાલા સામેલ છે. ફિલ્મના શૂટિગને શરૂ કરવાની યોજના માર્ચ મહિનાની હતી. પરંતુ કોવિડ ૧૯ના કારણે લોકડાઉન થતાં કામકાજ ઠપ થઈ ગયા છે.

સૂજીત સરકાર 'ગુલાબો સિતાબો' થિયેટરને બદલે OTT પ્લેટફોર્મ પર થઈ શકે છે રિલીઝ



મુંબઈ

કોરોનાવાઈરસને કારણે દેશભરમાં લૉકડાઉન કરવામાં આવ્યું છે. આ જ કારણથી અનેક ફિલ્મમેકર્સ પોતાની ફિલ્મ રિલીઝને લઈ ચિંતામાં છે. તેઓ હવે થિયેટરને બદલે ફિલ્મને ઓટીટી (ઓવર ધ ટોપ મીડિયા સર્વિસ) પર રિલીઝ કરવાનું વિચારી રહ્યાં છે. કબીર ખાને પોતાની ફિલ્મ '૮૩'ને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ ના કરવાની સ્પષ્ટતા કરી છે. જોકે, ફિલ્મમેકર સૂજીત સરકાર 'ગુલાબો સિતાબો' થિયેટરને બદલે ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરી શકે છે.

'ગુલાબો સિતાબો'માં આયુષ્માન ખુરાના તથા અમિતાભ બચ્ચન લીડ રોલમાં છે. આ ફિલ્મ ૧૭ એપ્રિલે રિલીઝ થવાની હતી. જોકે, લૉકડાઉનને કારણે ફિલ્મ રિલીઝ થઈ શકી નહીં. હાલમાં જ શૂજીત સરકારે કહ્યું હતું કે એક ફિલ્મમેકર તરીકે તેઓ પોતાની ફિલ્મને થિયેટરમાં જ જોવા ઈચ્છે છે પરંતુ આજની પરિસ્થિતિનો કોઈએ અનુભવ કર્યો નહોતો. તેથી જો જરૂર પડી તો તેઓ ડિજિટર રિલીઝ માટે પણ તૈયાર છે. જોકે, આનો નિર્ણય ત્રણ મે બાદ જ લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પીએમ મોદીએ બીજું લૉકડાઉન ત્રણ મે સુધી લંબાવ્યું છે.

શૂજીત સરકારે સ્પષ્ટતા કરી હતી કે તેઓ પોતાની અન્ય ફિલ્મ સરદાર ઉધમ સિંહની બાયોપિક થિયેટરમાં જ રિલીઝ કરશે. આ ફિલ્મમાં લીડ રોલમાં વિકી કૌશલ છે. ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે પરંતુ પોસ્ટ પ્રોડક્શનનું કામ બાકી છે. આ ફિલ્મ આવતા વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થવાની છે અને તેઓ આ અંગે હજી વિચારતા નથી. તેઓ આ પ્રકારની ફિલ્મને બિગ સ્ક્રીન પર જ રિલીઝ કરવા માગે છે. જયારે જલિયાવાલા બાગનું શૂટિંગ કરવામાં આવ્યું ત્યારે તેમની આંખમાંથી પાણી આવી ગયું હતું. આ ફિલ્મને થિયેટરમાં રિલીઝ કરવાનું તેમનું સપનું છે. શૂજીતે એમ પણ કહ્યું હતું કે લૉકડાઉન બાદ લોકો મોટા અને સારા ટીવી અથવા હોમ થિયેટરમાં પૈસા ખર્ચ કરશે, જેને કારણે ફિલ્મના બજેટમાં પણ કોસ્ટ કરેક્શન કરવાની જરૂર પડશે.આટલું જ નહીં ટિકિટના ભાવને લઈને પણ ચોક્કસ સ્ટ્રેટેજી બનાવવાની જરૂર પડશે.

૧૬ લાખથી વધારે લાઈક્સ મેળવનારી સારાની ટૂંકા કપડાવાળી પોસ્ટ થઈ ટ્રોલ



મુંબઈ

લોકડાઉન વચ્ચે બોલિવૂડ એકટ્રેસ સારા અલી ખાન સતત સોશિયલ મીડિયા પર તેની તસવીરો અને વીડિયો શેર કરતી રહે છે. સારાએ તેના ભાઈ સાથે વર્ક આઉટ કરતી તસવીરો શેર કરી છે તસવીરોમાં ભાઈ ઈબ્રાહિમ આરામ ફરમાવી રહ્યો છે તો બહેન સારા ઉભી રહી મસ્તી કરતી દેખાઈ રહી છે. સારાની આ તસવીરમાં તેનો ડોગી બ્લેકકઅ Singh પણ નજર આવે છે. તસવીર શેર કરતા સારાએ કેપ્શનમાં લખ્યું કે નોક નોક કૌન હે, હમ નહીં હે ૫. કેમકે એ અમે તો વર્ક આઉટ કરી રહ્યા છીએ. સારાએ પોસ્ટ કરેલી આ તસવીરને જોતા પ્રશંસકોએ તેને ટ્રોલ કરી છે. લોકોએ સારા અલી ખાનને નીશાન પર લેતા કહ્યું કે રમઝાન મહિનો ચાલી રહ્યો છે આવો ડ્રેસ પહેરાય? લોકોએ તો ત્યાં સુધી કહ્યું કે આ રમઝાન મહિનાનું અપમાન છે.

સારાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર હવે ૬૦૦૦થી વધારે કમેન્ટ આવી ચુક્યા છે. જ્યારે તસવીર પર ૧૬ લાખથી વધારે લાઈક્સ આવી ચુક્યા છે. જો કે આ જ તસવીરને લઈને સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ છે. સારા અલી ખાન અમૃતા અને સૈફ અલી ખાનની પુત્રી છે. સારા હિન્દુ અને મુસ્લીમ બંને ધર્મ પ્રત્યે માન ધરાવે છે. થોડા દિવસ પહેલા સારા બનારસમાં ફરી રહી હતી. ત્યારે પણ ટ્વીટર પર તેના પર નિશાન સાધવામાં આવ્યુ હતુ. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સારા આગામી દિવસોમાં વરૂણ ધવનની સાથે ફિલ્મ કૂલી નંબર-૧ માં નજર આવશે, જયારે ઈમ્તિયાઝ અલીની ફિલ્મ લવ આજકલને લઈને સારા ખુબજ ચર્ચામાં છવાઈ હતી. આ ફિલ્મમાં તેનો સાથ આપ્યો હતો કાર્તિક આર્યને.

કોરોના સંકટ જોતા અક્ષય કુમારે મુંબઈ પોલીસ ફાઉન્ડેશનને ભેટમાં આપ્યા ૨ કરોડ



મુંબઈ

કોરોના વાયરસ સામેના યુદ્ધમાં સહયોગ કરતા હિંદી ફિલ્મ અભિનેતા અક્ષય કુમારે મુંબઈ પોલીસ ફાઉન્ડેશનને ૨ કરોડ રૂપિયા ભેટમાં આપ્યા છે. મુંબઈ પોલીસ કમિશ્નર પરમબિર સિંહે ટ્વીટ કરીને અક્ષય કુમારને યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. સિંહે લખ્યુ કે, મુંબઈ પોલીસ ફાઉન્ડેશનને બે કરોડ રૂપિયાનો સહયોગ કરવા માટે સમગ્ર મુંબઈ પોલીસ અક્ષય કુમારની આભારી છે. તમારો સહયોગ શહેરની સુરક્ષા માટે પ્રતિબદ્ધ મહિલા અને પુરૂષ પોલીસ કર્મચારીઓનાં જીવન માટે ખુબ જ મદદગાર સાબિત થશે. ટ્વીટનાં જવાબમાં ૫૨ વર્ષીય અભિનેતા અક્ષય કુમારે કોવિડ ૧૯ ના સંક્રમણના કારણે પોતાનો જીવ ગુમાવનાર હેડ કોન્સ્ટેબલ ચંદ્રકાંત પેંડૂકર અને સંદીપ સુર્વેને શ્રદ્ધાંજી આપી અને પોતાના પ્રશંસકોને આ ફાઉન્ડેશનમાં યોગદાન કરવા માટે અપીલ કરી હતી. તેમણે ટ્વીટ કર્યું કે, હું મુંબઈ પોલીના હેડ કોન્સ્ટેબલ ચંદ્રકાંત પેડૂરકર અને સંદીપ સુર્વેને સલામ કરુ છું જેણે કોરોના સામે લડવા પોતાનાં જીવનનું બલિદાન આપ્યું. મે મારુ કામ કરી દીધું છે, આશા કરૂ છું કે તમે પણ કરશો. આપણે ભુલવુ ન જોઈએ કે આપણે તેમના કારણે આજે સુરક્ષીત અને જીવીત્ત છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ અક્ષય કુમારે મહામારી વિરુદ્ધ લડાઈમાં પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ, માસ્ક અને રેપિડ ટેસ્ટિંગ કિટના નિર્માણ માટે બીમસીને ૩ કરોડ રૂપિયા દાન આપ્યા હતા. અભિનેતાએ ટ્વીટ પર મુંબઈ પોલીસ અને બીએમસીનો આભાર વ્યક્ત કરતા લખ્યું કે, અમારા પરિવાર અને અમને સુરક્ષીત કરવા માટે લોકોની સેના છે, જે દિવસ રાહ મહેનત કરી રહ્યા છે. ચાલો સાથે મળીને ઈંફ્લેક્ટજીરક્ટહો કરીએ, આટલું તો આપણે કરી જ શકીએ. ઉલ્લેખનીય છે કે, બોલિવુડ સુપરસ્ટારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પીએમ કેર ફંડમાં પણ ૨૫ કરોડ રૂપિયા દાન આપ્યા હતા.

ફૂટબોલ ટીમના ખેલાડીઓ કરતા પણ વધારે છે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ગર્લફ્રેન્ડ



નવી દિલ્હી

દુનિયાનો સ્ટાર ફૂટબોલર અને પુર્તગાલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો મેદાન પર તેની સ્ફૂર્તિ માટે જાણીતો છે. રોનાલ્ડો સૌથી ફિટ ફૂટબોલર છે. રોનાલ્ડોએ ૨૦૦૨માં પ્રોફેશનલ કરિયરની શરૂઆત કરી હતી. તે ૨૦૦૩માં મેનચેસ્ટર યુનાઈટેડથી જોડાયા બાદ ખૂબ લોકપ્રિય થયો હતો. રોનાલ્ડો મેદાનની બહાર પણ એટલો જ ફેમસ છે. એક ફૂટબોલ ટીમમાં ૧૧ ખેલાડીઓ મેદાન પર એક સાથે હોય છે. ત્યારે તેનાથી પણ વધુ રોનાલ્ડોની અત્યાર સુધી ગર્લફ્રેન્ડ રહી ચૂકી છે. રોનાલ્ડોના ૪ બાળક છે. અત્યાર સુધી આ ખતરનાક ફૂટબોલરે લગ્ન નથી કર્યા.

મીડિયા રિપોર્ટ મુજબ રોનાલ્ડોની સૌથી પહેલી ગર્લફ્રેન્ડ બ્રાઝીલની મોડલ જોર્ડાના જાર્ડેલ હતી. ત્યાર બાદ ૨૦૦૫થી ૨૦૦૬ સુધી પુર્તગાલની મોડલ ટીવી પ્રેજેન્ટેટર માર્શી રોમેરો તેની ગર્લફ્રેન્ડ રહી. ૨૦૦૭માં ચાર મહિના માટે રોનાલ્ડોની ગર્લફ્રેન્ડ બ્રિટેનની જેમ્મા એન્ટિકસન બની હતી. ત્યાર બાદ ૨૦૦૮માં સ્પેનની મોડલ નેરેઈદા ગાલાર્દો સાથે ડેટિંગ કરી પરંતુ આ રિલેશનશિપ વધારે લાંબી ના ચાલી. ૨૦૧૦માં રોનાલ્ડો અને રશિયાની મોડલ ઈરિના શાયક વચ્ચે રિલેશનશિપની ખબરો સામે આવી હતી. બંને ૫ વર્ષ સાથે રહ્યા હતા.

રિપોર્ટ પ્રમાણે ઈરિનાના અલગ થયા બાદ સ્પેનની ટીવ રિપોર્ટર લુસિયા વિલાલોન સાથે રોનાલ્ડોના સંબંધોની ખબરો સામે આવી. પરંતુ બંને જલ્દી અલગ થઈ ગયા હતા. ત્યાર બાદ રોનાલ્ડો સ્પેનની મોડલ જાર્જિના રોડ્રેગ્જ સાથે રિલેશનમાં રહ્યો. રોડ્રેગ્જ આ સ્ટાર બોલરના ચોથા બાળકની માતા બની. બંને ક્યારે લગ્ન નથી કર્યા. રિપોર્ટ મુજબ આ સિવાય રોનાલ્ડોનો અફેર પુર્તગાલની કરીના ફેરો, સોરાઈ કાવે અને મિયા ફુદાકેન સાથે પણ રહ્યો હતો. ઉપરાંત, રોનાલ્ડોનો અફેર બ્રિટેનની ટાયેસે કનિંઘમ, ભારતની બિપાશા બસુ, અમેરિકાની પેરિસ હિલ્ટન અને કિમ કર્દાશિયાં સાથે પણ હતો. બિપાશા અને રોનાલ્ડો ૨૦૦૭માં મળ્યા હતા. રિપોર્ટ પ્રમાણે બંને વચ્ચે તે દરમિયાન અફેર હતો. એક પાર્ટીમાં રોનાલ્ડોએ બિપાશાને કિસ કરી હતી. જેની તસવીર વાયરલ થઈ હતી.

કાર અકસ્માતના ૩ મહિના બાદ જાવેદ અખ્તર ખુલાસો, કહ્યું-

અકસ્માત થયું ત્યારે એક જ સવાલ મગજમાં આવ્યો- શું શબાના જીવતી છે?

મુંબઈ

બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી શબાના આઝમીનું રોડ અકસ્માત ૧૮ જાન્યુઆરીએ થયું ત્યારે તે કારમાં હતા. તે કારની પાછળની સીટ પર સુઈ રહી હતી. તે કાર અમારી કારની પાછળ હતી. આગળ વાત કરતાં કહ્યું કે, જયારે કાર અકસ્માત થયું ત્યારે અમે તરત જ પાછળ ભાગ્યા. ત્યારે મારા મગજમાં એક જ સવાલ આવ્યો કે શું શબાના જીવતી છે? કારણ કે આખી કારના ડુચેડુચ્ચા નીકળી ગયા હતા. જેમતેમ કરીને તેને બહાર કાઢી. આખું મોઢું લોહી લુહાણ હતું. નાકમાંથી પણ લોહી નીકળી રહ્યું હતું. તેના શરીરમાં એક પણ ઘાવ નહોતો, પરંતુ આવી હાલત જોઈને અજીબ લાગતું હતું. બધું સામાન્ય થવામાં થોડો સમય લાગ્યો.



જાવેદ અખ્તરે કહ્યું કે, કોણ જાણતું હતું કે અમારી સાથે આવી ઘટના ઘટશે. શબાના જે અકસ્માતમાંથી પસાર થઈ એ મોતની નજીક લાવનારુ હતું. અમે એ સમયે બીજી ખબર પડી કે શબાનાની કારનું અકસ્માત થયું છે ત્યારે મારુ મગજ ખાલી જ થઈ ગયું હતું. ત્યારે કંઈ જ વિચાર આવતા નહોતા અને માત્ર એક જ સવાલ થયો કે શબાના જીવતી છે? એક ઈન્ટરવ્યૂમાં ગીતકાર જાવેદ અખ્તરે પહેલી વાર પોતાનો અનુભવ શેર કર્યો છે. એ સમયે તેમનું રિએક્શન શું હતું એની વાત કરી છે. ગીતકાર જાવેદ અખ્તરે કહ્યું કે, જ્યારે મને હાલત જોઈ હોય તો કોઈ એવું ન કહે કે, કારમાં બે સે લા માણસોનો જીવ પણ બચ્યો હશે. આ રોડ અકસ્માતના લગભગ ૩ મહિના બાદ શબાના આઝમીના પતિ જાવેદ અખ્તરે પહેલી વાર પોતાનો અનુભવ શેર કર્યો છે. એ સમયે તેમનું રિએક્શન શું હતું એની વાત કરી છે. ગીતકાર જાવેદ અખ્તરે કહ્યું કે, જ્યારે મને

આઈસીસીના નવા નિયમ સામે ક્રિકેટના પૂર્વ દિગ્ગજ બૉલરોએ વ્યક્ત કરી નારાજગી

નવી દિલ્હી

કોરોનાના કારણે દુનિયાભરની ક્રિકેટ રોકાઈ ગઈ છે, પણ જ્યારે પરિસ્થિતિ સામાન્ય થાય અને ક્રિકેટ શરૂ થાય ત્યારે આઈસીસી કેટલાક નિયમોમાં ફેરફાર કરી શકે છે. આઈસીસીનો એક પ્રસ્તાવ એવો છે, જેમાં બૉલ પર થૂંક કે પરસેવો લગાવીને ચમકાવવા પર રોક લગાવવામાં આવશે. આઈસીસીના આ નવા પ્રસ્તાવ પર વિરોધ પેદા થયો છે. આઈસીસીના મતે મેદાન પર ખેલાડી કે બૉલર થૂંક કે પરસેવો લગાવીને બૉલ પરની શાઈનિંગ ઓછી નહીં કરી શકે, આઈસીસી માને છે કે બૉલ આર્ટિફિશિયલ શાઈનર અને પૉલીસ રહેવી જોઈએ. જોકે આ વાતને કોરોના સાથે પણ જોડવામાં આવી રહી છે.

આઈસીસીના આ નિયમ સામે ક્રિકેટના પૂર્વ દિગ્ગજ બૉલરોએ નારાજગી વ્યક્ત કરી છે, જેમાં માઈકલ હૉલ્ડિંગ, વકાર યૂનુસથી લઈને નેહારા અને હરભજન સામેલ છે. ઈએસપીએન ક્રિક ઈન્ફો સાથે વાતચીત કરતાં વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ બૉલર માઈકલ હોલ્ડિંગનુ માનવુ છે કે આની પાછળ આઈસીસીનુ તર્ક બિલકુલ નથી સમજાતુ. આનાથી કોરોનાના ખતરાને કંઈ લેવાદેવા નથી.

ઈએસપીએન ક્રિક ઈન્ફો સાથે વાતચીત કરતાં રિવર્સ સ્વિંગના માસ્ટર વકાર યુનુસે પણ નારાજગી દર્શાવી છે. તેને કહ્યું કે બૉલ પર થૂંક કે પરસેવો લગાવવો સ્વાભાવિક છે. બૉલરને આની આદત હોય છે, આના પર રોક લગાવવી યોગ્ય નથી. આ ઉપરાંત આઈસીસીના પ્રસ્તાવને ભારતના પૂર્વ ફાસ્ટ બૉલર આશિષ નેહરા અને સ્પિનર હરભજન સિંહ પણ ખોટોઠેરવી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, કોરોના કાળ બાદ ફરીથી જ્યારે ક્રિકેટ ગતિવિધિઓ શરૂ થશે ત્યારે આ નિયમ લાવવામાં આવી શકે છે, હાલ આઈસીસી આ નિયમ પર પ્રસ્તાવ મુકી ચૂકી છે.

કોરોનાને હરાવવા AMCનો એક્શન પ્લાન, તૈયાર કરાઈ થ્રી 'S' સ્ટ્રેટેજી

અમદાવાદમાં કોરોના ડબલિંગ થવાના રેસિયામાં અને મૃત્યુંના રેસિયામાં નોંધપાત્ર ઘટાડો

અમદાવાદ

રાજયમાં કોરોના વાયરસને લઈને કોહરામ મચેલો છે.આજે કોરોના વાયરસને લઈને શહેરના લોકો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં માહિતી આપી હતી. કમિશનર નહેરાએ જણાવ્યું હતું કે, હાલ અમદાવાદમાં ૨૦૧૬ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૯૮૮ની હાલત સ્થિર છે. જ્યારે ૨૮ દર્દી વેન્ટીલેટર પર છે. આજે ૨૯ દર્દી સાજા થયા છે અને તેમને રજા આપવામાં આવી છે. આ સાથે અમદાવાદમાં કોરોનાના કુલ ૨૩૧૬ કેસ નોંધાયા છે. અત્યાર સુધી કુલ ૨૪૧ લોકો ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. અત્યાર સુધી ૨૩૦૦૦થી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. એસવીપીમાં ૭૪૮, સિવિલમાં ૫૩૩ દર્દી દાખલ હોવાનું પણ જણાવ્યું છે. વિજય નહેરાએ આજે ઝોન વાઈસ માહિતી આપી હતી કે, મધ્યઝોનમાં સૌથી વધુ ૯૧૧ કેસ છે. અમદાવાદ શહેરના ૪૨ વોર્ડ ઓરેન્જ ઝોનમાં છે. શહેરમાં ૭.૬૦ લાખ ઘરમાં ૩૨ લાખ લોકોનું સર્વે હાથ ધરાયું છે. ક્લસ્ટર વિસ્તારમાં દરરોજ સર્વેલન્સ થાય છે. ૬૭૦ ટીમ દરરોજ ૧ લાખ ઘરમાં સર્વે કરે છે.

આપણે અત્યાર સુધીમાં કુલ ૨૩૭૦૨ ટેસ્ટ કર્યા છે, જે પર મિલિયન ૩૯૫૦ ટેસ્ટ છે. તેમજ આવતીકાલ સુધીમાં મિલિયન ટેસ્ટ ૪૦૦૦થી વધુ થઈ જશે. આ ઉપરાંત જમાલપુર, ખાડિયા, દરિયાપુર શાહપુર સહિત કુલ ૬ વિસ્તાર રેડઝોનમાં છે અને બાકીના ૪૨ વિસ્તાર યલો ઝોનમાં છે. આમ જોવા જઈએ તો આજે કોરોના વાયરસથી હેરાન પરેશાન અમદાવાદ માટે રાહતના સમાચાર છે. વિજય નહેરાએ જણાવ્યું કે, અમદાવાદમાં કોરોના વાયરસ ડબલિંગ થવાનો રેસિયો ઘટ્યો છે. હવે કેસ ડબલિંગ રેટ ૮ દિવસ પર પહોંચ્યો છે. હજુ અમારો કોરોના ડબલિંગ રેટને ૧૧–૧૨ દિવસ કરવા પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ અમદાવાદમાં કોરોનાથી મૃત્યું થનારો રેસિયો પણ ઘટ્યો છે. અમદાવાદમાં મૃત્યુદરમાં પણ ઘટાડો થયો જે મોટી વાત કહી શકાય તેમ છે. વિજય નહેરાએ જણાવ્યું હતું કે, આવતીકાલથી અમદાવાદમાં દરરોજ કોરોનાના ૪૦૦૦ ટેસ્ટ કરવામાં આવશે.

શહેરમાં વૃદ્ધોના કેસ ઘટશે તો મૃત્યુદર આપોઆપ ઘટશે. કેસ ઘટાડવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરે ત્રણ એસની સ્ટ્રેટેજી આપી હતી. તેમણે આજે સુપર સ્પ્રેડર્સ, સ્લમ, સિનિયર સીટિઝન એમ ત્રણ એસની સ્ટ્રેટેજી જણાવી હતી. નહેરાએ જણાવ્યું કે, વડીલોની સારસંભાળ જરૂરી છે. બીજી બાજુ એલજી હોસ્પિટલમાં ઓપીડી સહિતની ઈમરજન્સી સેવા શરૂ કરાઈ હોવાની વિગતવાર માહિતી આપી હતી અને માત્ર ઓર્થોપેડિક સુવિધા બંધ રહેવાની વાત કરી હતી. કોરોના સામેના જંગ જીત્યા બાદ શહેરના ૧૦ દર્દીઓ પોતાના પ્લાઝમા ડોનર તરીકે સંમતિ આપી હોવાનું જણાવ્યું હતું. નહેરાએ જણાવ્યું કે, અત્યાર સુધી શહેરમાંથી ૩ દર્દીના પ્લાઝમા લેવાયા છે. તો લેમન ટ્રી હોટલમાં નવુ કોવિડ સેન્ટર ઉભું કરાયું હોવાનું જણાવ્યું છે.

ભવનાથમાં બે સાધુઓને શિકાર બનાવનાર દીપડો માનવભક્ષી હોવાનું આવ્યું સામે

જૂનાગઢ

જૂનાગઢના ભવનાથમાં બે સાધુઓને ફાડી ખાનાર શંકાસ્પદ દીપડો માનવભક્ષી હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢ ડીએસએફે ટ્વીટ કરી જાહેરાત કરી છે. છેલ્લા એક અઠવાડિયામાં જ દીપડાએ ભવનાથ તળેટીમાં બે સાધુઓને ફાડી ખાધા હતા.વનવિભાગે બે દિવસ પહેલા આ આદમખોર દીપડાને ઝડપી પાડ્યો હતો.જે બાદ પરીક્ષણ દરમ્યાન આ દીપડો જ માનવભક્ષી હોવાનું તેમજ મૃતક બંને સાધુઓનો શિકારી હોવાનું સામે આવ્યું છે.

બોટાદના પ્રથમ બે કોરોનાના દર્દી સાજા થતા અપાઈ રજા

બોટાદ

રાજયભરમાં કોરોનાનો કહેર યથાવત છે.ત્યારે બોટાદથી એક સારા સમાચાર સામે આવ્યા છે. જેમાં બોટાદના પ્રથમ બે કોરોનાના દર્દી સાજા થતા રજા અપાઈ છે. બોટાદના પ્રથમ પોઝિટિવ વ્યક્તિના પુત્ર અને પ્રપૌત્ર સાજો થયો છે. જેથી તેમને સાળંગપુરની હોસ્પિટલમાંથી રજા અપવામાં આવી છે. બન્ને દર્દીને જ્યારે રજા આપવામાં આવી ત્યારે હોસ્પિટલના સ્ટાફે તેમનું તાળી પાડી સ્વાગત કર્યુ હતુ.

રામોલ પોલીસ દ્વારા વસ્ત્રાલમાં ઉભું કરાયું મોડલ શાક માર્કેટ

અમદાવાદ

અમદાવાદમાં વસ્ત્રાલ અને નિકોલ વિસ્તારમાં કોરોનાના કેસો વધતા રામોલ પોલીસ દ્વારા નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. રામોલ પોલીસ દ્વારા વસ્ત્રાલમાં મોડલ શાક માર્કેટ ઉભું કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રોડ પર શાકભાજીની લારી તેમજ ગ્રાહકોને ઉભા રહેવા માટે ખાસ પેઈન્ટ કરવામાં આવ્યું છે. કે જેથી શાકભાજીની લારીઓ અને ખરીદી કરવા આવતા લોકો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે.

મ્યુચ્યુઅલ ફંડઃ ગુજરાત દેશમાં બીજા ક્રમ સાથે ૫ લાખ કરોડનું કરે છે રોકાણ

અમદાવાદ

સલામત રોકાણ એવા મ્યુચ્યુઅલ ફંડ સેગમેન્ટમાં રોકાણકારોનો ઉત્સાહ સતત વધી રહ્યો છે. ઓછું જોખમ લેવા ઇચ્છતો વર્ગ મ્યુચ્યુઅલ ફંડ તરફ આકર્ષાઈ રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીઝનું ૨૬ લાખ કરોડનું માર્કેટ છે જેમાં ગુજરાત બીજા ક્રમ સાથે ૪.૫-૫ લાખ કરોડનું રોકાણ ધરાવે છે. ગુજરાતમાંથી સરેરાશ ૫૦-૫૫ લાખ રોકાણકારો રોકાણ કરી રહ્યાં છે.

મ્યુચ્યુઅલ ફંડમાં સિસ્ટેમેટિક ઈનવેસ્ટમેન્ટ પ્લાન રૂટ દ્વારા રોકાણકારોની સંખ્યા સતત વધી રહી છે. નાના રોકાણકારો એક સાથે રોકાણના બદલે દર મહિને અમુક નિશ્ચિત રકમ ફંડમાં રોકાણકરી રહ્યાં છે. દેશમાં ચાર કરોડથી વધુ રોકાણકારો એસઆઈપીનો રૂટ અપનાવી રહ્યાં છે. વૈશ્વિક બજારની તુલનાએ દેશમાં મ્યુ.ફંડમાં રોકાણ રેશિયો સિંગલ ડિજિટમાં છે જે આગામી ટૂંકાગાળામાં ડબલ ડિજિટમાં પહોંચી જશે.

બહેરામપુરાના મહિલા કોર્પોરેટરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા સારવારમાટે ખસેડાયા

અમદાવાદ

કોરોનાનો કહેર કોટ વિસ્તારમાં અને બહેરામપુરા વિસ્તારમાં જે રીતે ફેલાયો છે તેમાં સિનિયર કોર્પોરેટર બદરુદ્દીન શેખ સપડાયા બાદ હવે બહેરામપુરાના જ મહિલા કોર્પોરેટરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. બહેરામપુરાના કોંગ્રેસના કાઉન્સિલર કમળાબેન ચાવડાનો કોરોના પોઝિટિવ આવ્યો છે.

તેઓને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેઓને ગભરામણ સહિતની ફરિયાદ થતા તેઓ હોસ્પિટલ ગયા હતા જ્યાં રિપોર્ટ કરાવતા તેઓનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. રાજયમાં કોરોના વાઇરસના કેસો અમદાવાદમાં સતત વધે છે. દરેક વિસ્તારમાં ફ્રન્ટ લાઈન વોરિયર્સ સહિતના લોકો તેનો ભોગ બની રહ્યાં છે.

ખંભાતથી કોરોગ્રસ્ત દર્દી ગાંધીનગર આવી તંત્રને જાણ ન કરતા નોંધાયો ગુનો

ગાંધીનગર

ગુજરાત સહિત રાજ્યભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે તમામ પરિવહન બંધ છે. તંત્ર વારંવાર અપીલ કરી રહ્યું છે કે, જે જ્યાં છે ત્યાં જ રહો. થોડા દિવસ સાવચેતી રાખીને કોરોનાની જંગમાં જીતી જાવ પરંતુ અનેક એવા લોકો છે જેમને હજી કોરોનાની ગંભીરતા સમજમાં આવી નથી. ગાંધીનગરમાં તો એક પરિપત્ર જાહેર કર્યો છે જેમાં ગાંધીનગરની બહારથી આવતા કોઈપણ વ્યક્તિએ કોર્પોરેશનમાં જાણ કરવાની હોય છે. પરંતુ ખંભાતથી ગાંધીનગર સેક્ટર ૭માં સંબંધીનાં ઘરે આવેલા વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યો હતો અને તેમને તંત્રમાં જાણ પણ કરી ન હતી. આવા બે વ્યક્તિઓ સામે સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, ખંભાતમાં રહેતા અમૃતભાઈ નટવરભાઈ ચુનારા ગત ૨૩ એપ્રિલના રોજ સે-૭/સી પ્લોટ નં.૮૮૦/૧માં રહેતા તેમના સંબંધી નગીનભાઈ શંકરભાઈ પટણીના ઘરે આવ્યા હતા. આ સમયે અમૃતભાઈ ઘરમાં પડી જતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં તેમના અન્ય રિપોર્ટ સાથે કોરોનાનો રિપોર્ટ પણ કરાવવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં તેઓ કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યા હતા. જેના પગલે તેમની સારવાર તો શરૂ કરી દેવાઈ હતી. આ વ્યક્તિ ખંભાતથી ગાંધીનગર આવ્યા હોવા છતાં કોર્પોરેશન તંત્રને જાણ નહીં કરતાં તેમની સામે પોલીસ મથકમાં જાહેરનામા ભંગ અને એપેડેમીક એકટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ધોનીની ખાસ મિત્ર આરપી સિંહનો ઘટસ્ફોટ, કહ્યું-

અચાનક ધોનીનું કરિયર ઉપર ઉઠતું ગયું અને મારું નીચે



નવી દિલ્હી

મહેન્દ્ર સિંહ ધોનીના નજીકના મિત્રોની જો વાત કરવામાં આવે તો સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા અને આરપી સિંહનો સમાવેશ થાય છે. જેમાં આર.પી.સિંહનું નામ સૌથી અગ્ર ક્રમે આવે છે. ધોનીના લગ્નથી લઈને તેની સાથે ફેમિલી વેકેશન માણવા સુધી આર.પી.સિંહ હંમેશાં તેની સાથે રહ્યો છે. ધોની સાથે મિત્રતા હોવા છતાં આરપી.સિંહનું કરિયર ખાસ ચાલ્યું નહીં. જેની પાછળના મુખ્ય બે કારણ છે. આરપી પોતાની કરિયર દરમિયાન અસંખ્ય વખત ઈજાગ્રસ્ત થયો હતો. બીજું કે જ્યારે પણ ઈજાથી ઉગરીને મેદાનમાં પરત ફર્યો ત્યારે તેનું પ્રદર્શન નિરંતર કથળતુ ગયું. આરપી સિંહે હાલમાં જ આકાશ ચોપડા સાથે થયેલી વાતચીતમાં કહ્યું કે, માહી સાથે મારી મુલાકાત ત્યારે થઈ જ્યારે બંન્નેમાંથી કોઈ પણ ટીમ ઈન્ડિયા માટે નહોતું રમતું.

એક તરફ ડેબ્યુ કરતાં જ ધોનીનું કરિયર ઉપર ઉઠતું ગયું. તો આરપીની કરિયરમાં ઉતાર-ચઢાવ આવવા લાગ્યા. આમ છતાં ધોની સાથેની તેની દોસ્તીમાં કોઈ પણ પ્રકારનો બદલાવ નહોતો આવ્યો અને બંન્ને સારા મિત્રો રહ્યા. વધુમાં આરપીએ કહ્યું કે, અમે બંન્નેએ ઘણો સમય સાથે પસાર કર્યો છે. ધોની ટીમનો કેપ્ટન બની ગયો અને તેનો ગ્રાફ ઉપર ચઢતો ગયો અને મારો નીચે. આમ છતાં અમારી દોસ્તીમાં કોઈ પણ પ્રકારનો ફર્ક નથી પડ્યો. પોતાના કરિયર વિશે વાત કરતા આરપી સિંહે એક કિસ્સો કહ્યો હતો, મેં ધોનીને પૂછ્યું હતું કે એક સારો ક્રિકેટર બનવા માટે શું કરૂં. ધોનીએ આ વિશે કોઈ જવાબ ન આપ્યો.

પછી તેણે કહ્યું કે હું ખૂબ મહેનત કરી રહ્યો છું પણ સંભવ છે મારું ભાગ્ય મારો સાથ ન આપી રહ્યું હોય. અચાનક આરપીનું કરિયર ખત્મ થઈ જવા વિશે જ્યારે તેને પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે, હું એ સમયે ટોચ પર હતો. પણ હું ટેસ્ટ કે વનડેમાં પણ મારી જગ્યા બચાવી ન શક્યો. હું આઈપીએલ રમ્યો. ત્રણ ચાર સિઝન સુધી સૌથી વધુ વિકેટ પ્રાપ્ત કરી. પણ હું વધારે મેચ ન રમી શક્યો કારણ કે કેપ્ટનને મારા પર ભરોસો નહોતો. જ્યારે મે પસંદગીકારોને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, રાજે તું મહેનત કર, તારો સમય જરૂર આવશે. જણાવી દઈએ કે આરપી સિંહે ૩૨ વર્ષની વયે બે વર્ષ પહેલાં જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લઈ લીધી છે.

આખી ક્રિકેટ કારકિર્દીમાં ૯ આંગળીથી રમતો રહ્યો મેચ, ઘણી મુશ્કેલી પડીઃ પાર્થિવ પટેલ



નવી દિલ્હી

પાર્થિવ પટેલનું નામ તમામ ક્રિકેટ ફેન્સે સાંભળ્યું હશે. સ્કૂલના આ યુવકે ૧૭ વર્ષની ઉંમરમાં જ ટીમ ઈન્ડિયામાંડેબ્યૂ કર્યું હતું અને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સીરિઝ રમી હતી. જોકે ધોનીના ડેબ્યૂ અને ટીમમાં તેના સતત શાનદાર પ્રદર્શનને કારણે પાર્થિવ પટેલને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. હવે ૩૫ વર્ષના આ ખેલાડી આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને રણજીટ્રોફીમાં ગુજરાત માટે રમે છે.

હાલમાં જ એક ચેટ દરમિયાન પાર્થિવે ખુલાસો કર્યો કે તેણે પોતાના સમગ્ર ક્રિકેટ કારકિર્દીમાં માત્ર ૯ આંગળી સાથે જ રમ્યા હતા. તેણે કહ્યું કે, જ્યારે તે ૬ વર્ષના હતા ત્યારે તેણે પોતાની એક આંગળી ગુમાવી દીધી હતી. પાર્થિવે ઈન્સ્ટાગ્રામ લાઈવ સેશન દરમિયાન કહ્યું કે, જ્યારે તે ૬ વર્ષના હતા ત્યારે તેની એક આંગળી કપાઈ ગઈ હતી. ત્યાર બાદ તે માત્ર ૯ આંગળીની સાથે જ રહ્યા. તેણે કહ્યું કે, ૯ આંગળીની સાથે તેણે રમવામાં ઘણી મુશ્કેલી થઈ કારણ કે કપાયેલી આંગળી વિકેટકીપિંગ ગ્લવ્સમાં જઈ શકતીન હતી તો તે બીજી આંગળીની સાથે ટેપ લગાવી દેતા હતા જેથી ગ્લવ્સમાં અંતિમ બન્ને આંગળી એક સાથે રહે.

પાર્થિવે જણાવ્યું કે, જો તમામ આંગળીઓની સાથે રમ્યો હોત તો વાત જ અલગ હોત. પરંતુ જ્યારે પણ તે પાછળ વળીને જોવે છે તો તે ટીમ ઈન્ડિયાના એ સોનેરી દિવસો યાદ કરે છે. વર્ષ ૨૦૦૨માં ડેબ્યૂ કરનાર પાર્થિવે વર્ષ ૨૦૩૩માં ટીમમાં સામેલ કરવામાં આવ્યા હા. પાર્થિવે પોતાની અંતિમ મેચ વર્ષ ૨૦૦૮માં આફ્રિકા વિરૂદ્ધ રમી હતી જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭ની રણજી ટ્રોફીમાં ગુજરાતનું નેતૃત્વ કર્યું હતું. પાર્થિવ પટેલ એ દરમિયાન કેપ્ટન હતા અને તેણે ૧૪૩ બોલમાં ૯૦ રન બનાવ્યા હતા જ્યાં ફાઈનલ દરમિયાન બન્ને ઈનિંગ્સમાં મુંબઈ વિરૂદ્ધ તેનું શાનદાર પ્રદર્શન રહ્યું હતું.

સાબરમતી સેન્ટ્રલ જેલમાં એક કેદી કોરોગ્રસ્ત નીકળતા જેલ તંત્રમાં ફફડાટ

અમદાવાદ

સાબરમતી સેન્ટ્રલ જેલમાં એક પોલીસકર્મીને કોરોના પોઝિટિવ આવ્યો હતો. કોર્પોરેશનની બહાર પાડવામાં આવેલી યાદીમાં હેડ કોન્સ્ટેબલનું નામ હતું. બાદમાં સામે આવ્યું કે સેન્ટ્રલ જેલમાં રહેલા કેદીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કેદીનો કોરોના રિપોર્ટ કઢાવવા માટે સાથે ગયેલા પોલીસ હેડ કોન્સ્ટેબલે પોતાનું નામ અને સંપર્ક નંબર લખાવી દેતા કોર્પોરેશનના લિસ્ટમાં પોઝિટિવ દર્દી તરીકે પોલીસ કર્મચારીનું નામ લખાઈ ગયું હતું.

સાબરમતી સેન્ટ્રલ જેલમાં એક કેદીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા જેલ તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. આ કેદીને હાલ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. નવાબ ઉર્ફે કાલુ કે જે પાકા કામનો કેદી છે. જે રજા ઉપર હોવાથી જેલ બહાર હતો. તેની રજા પૂરી થતા મેડિકલ ચેકઅપ માટે લાવવામાં આવ્યો હતો. જ્યાં મેડિકલ ચેકઅપ દરમિયાન તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને લઈને તેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે.

કોરોના રિપોર્ટ કઢાવતી વખતે કેદી સાથે જનાર પોલીસ હેડ કોન્ટેબલ પ્રકાશ સોલંકીએ નામ અને નંબર સહિત સરનામું લખાવવાનું કહેતા પોલીસ કોન્ટેબલે માત્ર માહિતી આપવા સારું પોતાનું નામ નંબર લખાવી દીધા હતા. સાથે કેદીનું નામ પણ લખાવ્યું હતું, છતાં કોર્પોરેશન દ્વારા પોલીસ હેડ કોન્સ્ટેબલની વિગતનો ઉલ્લેખ કરી દેવામાં આવતા સેન્ટ્રલ જેલમાં પોલીસ કોન્સ્ટેબલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાના સમાચાર વહેતા થયા હતા. બાદમાં તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, ખરેખર કેદીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

મહીસાગરમાં કોરોનાના અત્યાર સુધીમાં ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા

મહીસાગર

કોરોના વાઈરસ સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીના સંખ્યાબંધ પગલાઓ લીધા છે. કોરોનાથી બચવા લોકોની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાં ભરવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી પ્રમાણે ૨૭ એપ્રિલ ૨૦૨૦ના સવારે ૮ વાગ્યા સુધીમાં જિલ્લામાં કોવિડ-૧૯ ના ૧૦ કેસ પોઝિટિવ આવ્યા હતા. અત્યારસુધીમાં જિલ્લામાં સિઝનલ ફ્લૂ/કોરોનાના કુલ ૨૦૫ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૪૩૨ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટીન હેઠળ અને ૨૨ વ્યક્તિઓને સરકારી ફેસેલીટી હેઠળ ક્વોરેન્ટીન રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે,જિલ્લાના પોઝીટીવ દર્દીઓ પૈકી ૯ દર્દીઓને બાલાસિનોર ખાતે આવેલ કે.એસ.પી.મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ખાતે તેમજ એક દર્દીને એસ.એસ.જી હોસ્પિટલ વડોદરા ખાતે સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. જે તમામની હાલત હાલ સામાન્ય હોવાનું જિલ્લા છે.

આ સાથે તેઓના કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં આરોગ્યની ટીમો દ્વારા સેનેટાઈઝેશન અને સર્વેલન્સની કામગીરી દૈનિક ધોરણે કરવામાં આવી રહેલ છે.

વડોદરામાં પોલીસ પર પથ્થરમારો કરનારા ૫ આરોપી કોરોનાગ્રસ્ત થતા કુલ કેસ ૨૫૩ થયા

વડોદરા

વડોદરા શહેરમાં પોલીસ પર પથ્થરમારો કરનારા ૧૦ આરોપી પૈકી ૫ આરોપીના કોરોના વાઈરસના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. વડોદરામાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૨૫૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. વડોદરાના કોરોનાગ્રસ્ત નાગરવાડા પાસે આવેલા કાસમઆલા કબ્રસ્તાન પાસે સોમવારે વહેલી સવારે રમઝાન માસમાં શેરીનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઘરે જવાનું કહેતા લોકોએ કારેલીબાગ પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે આ મામલે ૧૭ આરોપી સામે ગુનો નોંધીને ૧૦ આરોપીની ધરપકડ કરી હતી. અને તેમના કોર્ટમાં રજૂ કર્યા પહેલા કોરોના વાઈરસના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

કોરોના સંકટ પહેલા પાનાથી ચાલુ

સાથે જ કુલ દર્દીઓની સંખ્યા ૩૧૦૮ સુધી પહોંચી ગઈ છે. સારી વાત એ છે કે છેલ્લા ચોવીસ કલાકમાં ૮ દર્દી રિકવર થઈ ચૂક્યા છે. એક પણ દર્દીનુ મોત નથી થયુ. કોરોના માટે દિલ્લીનો રિકવર રેકોર્ડ પણ સારુ છે. દિલ્લીન રિકવરી રેટ ૩૦ ટકા છે જ્યારે રાષ્ટ્રીય સ્તર પર આ ૨૨ ટકા છે. ગુજરાતમાં સોમવારે સાંજ સુધી ૨૪૭ પૉઝિટીવ કેસ આવ્યા, આ ઉપરાંત ૮૧ લોકો રિકવર થઈ ચૂક્યા છે અને ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે. રાજયમાં અત્યાર સુધી કુલ ૩૫૪૮ પૉઝિટીવ કેસ મળ્યા છે.

આમાંથી ૩૧ લોકો ગંભીર સ્થિતિમાં છે બાકીનના ૨૯૬૧ સ્થિર છે. કુલ ૫૩,૫૭૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે આ ઉપરાંત મધ્ય પ્રદેશ સરકારમાં કોરોના સંક્રમણના ૭૫ નવા કેસ નોંધાવ્યા બાદ કેસોની સંખ્યા વધીને ૨૧૬૮ થઈ ગઈ છે. મ. પ્ર.માં અત્યાર સુધી કોરોનાના સૌથી વધુ ૧૨૦૭ કેસ, ઈન્દોર, ૪૨૮ ભોપાલ, ૧૧૯ ઉજ્જૈન, ૬૯ જબલપુરમાં નોંધાયા છે. રાજયમાં કોરોનાથી અત્યાર સુધી ૧૧૦ લોકોના મોત થઈ ચૂક્યા છે.

રૂપાણી સરકારે પહેલા પાનાથી ચાલુ

શકાશે નહીં.

રાજય સરકારે ફરી વખત એડવાઈઝરી જાહેર કરીને આદેશ આપ્યો છે કે, તમામ પ્રકારની ધાર્મિક પ્રવૃતિઓ ખાનગી અને વ્યક્તિગત કરવાની રહેશે.

કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યક્તિગત પૂજા કે બંદગી બાદ લોકો મળવા માટે કે ભોજન, નાસ્તાપાણી અથવા અન્ય કોઈ પણ કારણોસર એકત્ર થઈ શકશે નહીં. ધાર્મિક પ્રવૃત્તિમાં લોકો એકઠા ન થાય તે માટે ધાર્મિક અને સામાજિક નેતાઓએ લોક જાગૃતિ કેળવવી એવી અપીલ પણ કરવામાં આવી છે.

હતો મારો આધાર એ પણ છીનવાઈ ગયો, પ્રેમ તે તો મને સાવ નિરાધાર કરી દીધો



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા

મો.નંબર-9824856247

WRITER THINKER COLUMNIST

એ રાત્રીનો સમય હતો અને નગરના છેવાડાના હવેલી જેવા ભવ્ય મકાનના ઝરૂખામાં સ્વરૂપવાન યુવતી ચન્દ્રના પ્રકાશમાં ચાંદની જેવી લાગી રહી હતી. સાક્ષાત અપ્સરા જેવી લાગતી યુવતી કોઈની રાહ જોઈ રહી હોય તેમ લાગતુ. અચાનક જ દેવદત્તની નજર એ યુવતી પર પડી અને ઝરૂખામાં ઉભી રહેલી દમયંતિની નજર પણ યુવાન દેવદત્ત પર પડી. આંખોના ઈશારાઓથી સંવાદ થયો કે જાણે ભવોભવના પ્રેમી હોય તેવો ભાવ થયો. થોડો સમય બન્નેએ એકબીજાની સામે જોયા કર્યુ ને પછી ઈશારાથી સવારમાં મળવાનો સંકેત પણ કર્યો. દમયંતિની યાદોને આંખોમાં કૈદ કરીને દેવદત્ત ઘરે પહોચે છે પરંતુ દેવદત્તને રાત્રે ઉંઘ આવતી નથી. તે મોડી રાત્રે હવેલી બહાર પહોચી જાય છે અને દમયંતિની પુનઃ એક ઝલક નિહાળવા માટે બેબાકળો બન્યો. સવાર પડતા જ દમયંતિ હવેલીના ઝરૂખામાં આવીને સામે જ દેવદત્તને નિહાળીને ખુશ તો થઈ પરંતુ સાથે આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. સડસડાટ સીડી ઉતરીને દમયંતી દેવદત્ત પાસે આવીને ઉભી રહી. દેવદત્ત સ્વપ્ન જોઈ રહ્યો હોય તેમ લાગ્યુ. તે વિશ્વાસ ન કરી શક્યો કે રાત્રે ઝરુખામાં નિહાળેલી યુવતી સાક્ષાત તેની સામે આવીને ઉભી હોય. થોડીવાર પછી દમયંતિએ કહ્યુ, આપનો પરીચય? મારૂનામ દેવદત્ત અને આપને પ્રેમ કરૂ છુ એટલો જ મારો પરીચય પુરતો છે તેમ દેવદત્તે કહ્યુ.

"પહેલી નજરમાં હું આપને કેમ ગમી ગઈ" તેમ દમયંતિએ પ્રશ્ન કર્યો

"કદાચ પરભવનો કોઈ સબંધ હશે, બાકી આજસુધી કોઈ યુવતિ મને તેના તરફ આકર્ષિ નથી શકી" દેવદત્તો જવાબ આપ્યો

"તમે મારામાં એવુ તો શુ જોયુ કે મારા પર મોહીત થઈ ગયા. હજુ તમે તો મને સંપુર્ણ ઓળખતા પણ નથી"

"આપના રૂપ નહી પરંતુ પ્રભાવથી, મોઢા પરના તેજથી હું મોહીત થયો. વાત રહી ઓળખાણની તો એ ઓળખાણ તો ગઈ કાલે રાત્રે થઈ ગઈ"

"અજાણી યુવતિને પ્રેમ કરીને ક્યાંય પસ્તાવાનો વારો ન આવે. હું આપને પ્રેમ કરી શકૂ તેમ નથી. તમે પણ મને પ્રેમ ન કરશો. આપ યુવાન છો. મારા કરતા પણ સારી યુવતી આપને મળી જશે" દમયંતિ બોલી

"તમે મારા માટે અજાણ્યા નથી, ગઈકાલ રાતથી આપને ઓળખુ છુ. તમે મને પ્રેમ કરો કે ન કરો હું આપને પ્રેમ કરતો રહીશ. આપ પણ યુવાન છો અને મને તો ફક્ત તમે જ જોઈએ છો, બીજી કોઈ યુવતિઓ આપને નિહાળ્યા પછી તુચ્છ જ લાગશે" તેમ દેવદત્તે કહ્યુ.

આવી વાતચીત દેવદત્ત અને દમયંતિ વચ્ચે લાંબી ચાલી અને આખરે દેવદત્ત દમયંતિની વાત નથી માનતો અને એક તરફી પ્રેમ કર્યા કરતો. દમયંતિના પ્રેમમાં પાગલ બનીને દેવદત્તે અંગત મિત્રો અને પરીવારજનો સાથેનો નાતો પણ ઘટાડી દીધો. મિત્રો સમજી શકતા નથી કે દેવદત્ત આવુ શા માટે કરી રહ્યો હશે? મિત્રોને જ્યારે જાણ થાય છે ત્યારે તેઓ દેવદત્તને સમજાવે છે કે, પ્રેમ બન્ને તરફથી થાય, એકતરફી પ્રેમનું હંમેશા સારૂ પરીણામ આવતુ નથી. તું દમયંતિને ભુલી જા અને સારી યુવતિ શોધીને લગ્ન કરી લે. દેવદત્ત મિત્રોને સ્પષ્ટ કહી દે છે કે, આજીવનમાં જો લગ્ન કરીશ તો દમયંતિ જ મારી પત્ની હશે, બાકી આજીવન કુવારો રહીને દમયંતિને યાદ કરતો રહીશ. મિત્રો સમજાવીને થાકયા અને દેવદત્તને સલાહ આપવાનું બંધ કર્યુ. દેવદત્ત પણ પ્રેમમાં પાગલ બનીને દમયંતિને યાદ કર્યા કરે છે અને દેવદત્તના



જીવનનું એકમાત્ર ધ્યેય દમયંતિને પામવાનું હોય તેમ લાગી રહ્યુ છે. પ્રેમના ગંભીર પરીણામ અંગે મિત્રો ચિંતાતુર બન્યા. દેવદત્તના મિત્રો દમયંતિને મળવા માટે પહોચે છે અને દમયંતિને વિનંતી કરે છે કે તે દેવદત્તના પ્રેમનો સ્વિકાર કરે.

"હું તો દેવદત્તને પહેલા દિવસથી જ સમજાવું છુ કે મને પ્રેમ ન કરે પરંતુ તે કોઈ પણ વાત સમજવા તૈયાર જ નથી. એતો એટલું જ કહે છે કે હું તને પ્રેમ કરૂ છું " તેમ દમયંતિ બોલી

"અમે પણ દેવદત્તને સમજાવ્યો પણ તે આપને ભુલવા તૈયાર નથી અને તમે ન મળો તો આજીવન કુંવારો રહીને આપને પ્રેમ કરતો રહેવાનું કહે છે" તેમ દેવદત્તના મિત્રોએ કહ્યુ.

"તો હું શુ કરી શકુ? મે તો પ્રેમ કર્યો નથી અને મારા લગ્ન પણ નક્કી થઈ ગયા હોવાથી હું બીજા પુરૂષનો સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકૂ. તમે જ તમારા મિત્રને સમજાવો. અન્યથા ખુબ ગંભીર પરીણામ આવશે અને તેની મારી કોઈ જવાબદારી નહી રહે"

"એ તો પાગલ થઈ ગયો છે ને કોઈની વાત માનતો જ નથી"

"ઈશ્વર દેવદત્તને સદબુધ્ધી આપે. તેનો પ્રેમ સાચો હશે પણ હું મજબુર છું કે દેવદત્તને પ્રેમ નથી કરી શકતી" તેમ દમયંતિએ ધીમા અવાજે કહ્યુ

"અમે તમારી પરિસ્થીતીને સમજી શકીએ છીએ પરંતુ મિત્રને પણ તડપતો નથી જોઈ શકતા" તેમ દેવદત્તના મિત્રોએ કહ્યુ.

દેવદત્તના મિત્રો અને દમયંતિ વચ્ચે આવો લાબો સંવાદ ચાલે છે પરંતુ તેનું કોઈ ચોક્કસ પરીણામ આવતુ નથી. મિત્રો આવીને દેવદત્તને કહે છે કે, અમે આજે દમયંતિને મળ્યા હતા અને તારા પ્રેમની વાત કરી હતી. દમયંતિના લગ્ન નક્કી થઈ ગયા છે અને તે તને પ્રેમ કરી શકે તેમ નથી એટલે તું દમયંતિને ભુલી જા. આ સાંભળતાની સાથે જ ઉગ્ર અવાજમાં દેવદત્તો કહ્યુ, " તમે બધા મિત્રોને હું આંખમાં કણાની જેમ ખુંચી રહ્યો છુ. હું કોઈને પ્રેમ કરૂ તે તમારાથી જોઈ શકાતુ નથી. દમયંતિ મારી છે અને તેને મારાથી કોઈ અલગ નહી કરી શકે. જો કોઈ અમારા બન્નેની વચ્ચે આવશે તો હું તેને જોઈ લઈશ" મિત્રોએ કહ્યુ કે " દેવદત્ત, તું વાસ્તવિકતા કેમ સ્વિકારવા તૈયાર થતો નથી. દમયંતિના લગ્ન નક્કી થઈ ગયા છે એટલે એ તને ક્યારેય નહી મળે" " મારા ઘરવાળાઓની જેમ તમે મિત્રો પણ મારી ઈર્ષા કરી રહ્યા છો, તમે મારા મિત્રોની જેમ નહી પરંતુ શત્રુની જેમ વર્તી રહ્યા છો એટલે હું મારા પરીવારજનોની જેમજ આજથી તમારો પણ ત્યાગ કરૂ છુ. હવે મારા જીવનમાં માત્ર દમયંતિ સિવાઈ કોઈ જ નથી" આમ ગુસ્સામાં કહીને દેવદત્ત મિત્રોને છોડીને ચાલ્યો ગયો.

દેવદત્ત દમયંતિની એક ઝલક મેળવવા માટે મહિનાઓ સુધી ઝરૂખા સામે ઉભો રહીને જોયા કરે છે પરંતુ તેને ક્યાંય દમયંતિ દેખાતી નથી. ભુખ તરસની પરવાહ કર્યા વગર ફક્ત દમયંતિની યાદમાં દેવદત્ત અર્ધ પાગલ જેવું વર્તન કરવા લાગ્યો. રસ્તા પરથી પસાર થતા દરેક લોકોને દેવદત્ત દમયંતિ વિશે પુછી રહ્યો હતો ત્યારે કોઈએ આવીને કહ્યું કે, "તને દમયંતી ક્યારેય નહી મળે કેમકે દમયંતિના લગ્ન થઈ ગયા છે અને તે સાસરે પહોચી ગઈ છે" આ સાંભળીને દેવદત્ત નાના બાળકની જેમ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગે છે. થોડી વારમાં મિત્રો આવીને દેવદત્તને સંભાળે છે અને સત્ય સ્વિકારવાનું કહ્યું ત્યારે દેવદત્ત ફક્ત એટલુ જ બોલ્યો કે, "હતો મારો આધાર એ પણ છીનવાઈ ગયો, પ્રેમ તે તો મને સાવ નિરાધાર કરી દીધો" મિત્રો કહે છે કે, દમયંતિએ તને ખુબ સમજાવ્યો પરંતુ તું ન સમજ્યો તેનું આ પરીણામ છે. પ્રેમ બન્ને તરફી હોવો જોઈએ નહી કે એક તરફી. દેવદત્ત આખરે મિત્રોની વાત માની અને એકતરફી પ્રેમને ભુલીને નવી જીંદગી જીવવાની શરૂ કરી.

કોરોનાને લઈ નિષ્ણાંતોનો મત

સંક્રમણથી સાજા થયેલા દરેક દર્દીનો પ્લાઝમા કામ નહીં આવે...!!

અમદાવાદ

કોરોનાવાયરસના દર્દીઓની સારવાર માટે ડોકટરો વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યા છે. આમાંની કોઈપણ સારવાર હજી સુધી સંપૂર્ણ અસરકારક માનવામાં આવી નથી. મોટાભાગના કેસોમાં તેનો ઉપયોગ પ્રયોગ તરીકે કરવામાં આવી રહ્યો છે અને જો તેનો ફાયદો એક રીતે અથવા બીજામાં થાય છે, તો અન્ય દર્દીઓ પર પણ તેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પ્લાઝ્મા થેરેપી એ એક એવી પદ્ધતિ છે, જે હાલમાં ક્લિનિકલ ટ્રાયલ્સમાંથી પસાર થઈ રહી છે. ડોકટરો હજી સુધી આ તકનીકીથી કોરોના દર્દીઓની સારવાર માટે સંપૂર્ણ રીતે સમજી શક્યા નથી. પ્લાઝ્મા થેરેપી સારા પરિણામો આપી રહી છે અને કોરોના દર્દીઓ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ડોક્ટરો સાજા થયેલા દર્દીઓને પ્લાઝ્માનું દાન આપવા વિનંતી કરી રહ્યા છે અને લોકો પણ રક્તદાન કરવા આગળ આવી રહ્યા છે. આ દરમિયાન બોલિવૂડ સિંગર કનિકા કપૂરે પણ પ્લાઝ્મા ડોનેટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ ડોક્ટરોએ તેનું લોહી લેવાની ના પાડી હતી. આ સવાલ ઊભો કરે છે કે ચેપમાંથી સ્વસ્થ થયેલ દરેક દર્દી પ્લાઝ્માનું દાન કરી શકશે નહીં કે કેમ. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે રક્તદાન માટે જરૂરી હોય તેટલી જ શરતો પ્લાઝ્મા દાનમાં લાગુ પડે છે.

ઈમ્યુનોલોજિસ્ટ ડો.સ્કંદ શુક્લા કહે છે કે જો કોઈ વ્યક્તિ સારવાર પછી કોરોના વાયરસથી સ્વસ્થ થઈ ગઈ હોય, તો તે અન્ય દર્દીઓને પ્લાઝ્માનું દાન આપીને સ્વસ્થ થવામાં મદદ કરવા માંગે છે, તો પહેલા તેનું હિમોગ્લોબિન તપાસવામાં આવે છે. હવે જો તેનો હિમોગ્લોબિન ૧૨.૫ ગ્રામ પ્રતિ ડિસીલીટર નહીં હોય તો તેનું પ્લાઝ્મા લેવામાં આવશે નહીં. જો કોઈ દર્દી કોરોનાથી મુક્ત થયો હોય અને સ્વસ્થ થાય અને તે ઈચ્છે છે કે તેનો પ્લાઝ્મા બાકીના લોકોને મદદ કરે, પરંતુ પૌષ્ટિક આહારની અછતને કારણે તેનું વજન ૪૫ કિલોથી ઓછું છે તેથી ડોકટરો તેનો પ્લાઝ્મા લેવાનો ડોક્ટર ઈનકાર કરી શકે છે.

ડો.શુક્લાના જણાવ્યા અનુસાર રક્તદાન માટે વ્યક્તિના બ્લડ પ્રેશરને સુધારવાની જરૂર છે. બીજી બાજુ, ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોનું લોહી લેવામાં આવતું નથી. એટલે કે, ફક્ત ૧૮-૬૦ વર્ષના પુખ્ત વયનું લોહી લઈ શકાય છે. આ ઉપરાંત, જો ચેપમાંથી સ્વસ્થ થઈ ગયેલી વ્યક્તિ હેપેટાઇટિસથી પીડાતી હોય અથવા પીડાતી હોય, તો તેના પ્લાઝ્માનો ઉપયોગ કોરોના વાયરસની સારવાર માટે થઈ શકશે નહીં. આટલું જ નહીં, જો કોઈ વ્યક્તિ એક વર્ષમાં હેપેટાઇટિસ-સી અથવા એન્ટિ-રેબીઝ માટે સારવાર લે છે, તો પણ તે રક્તદાન કરી શકતું નથી. ઉપરાંત, જો કોઈ વ્યક્તિ રક્તદાન કરતા ૭૨ કલાક પહેલા એસ્પિરિન લીધી હોય અથવા દંત ચિકિત્સા કરાવતો હોય, તો તે રક્તદાન કરી શકતું નથી. બીજી તરફ, છ મહિનામાં ટેટૂ અથવા કાન વીંધેલા લોકોનું લોહી સામાન્ય રીતે લેવામાં આવતું નથી.

ચેપમાંથી સ્વસ્થ થયેલા દર્દીના પ્લાઝ્માને વાયરલ લોડ પણ ધ્યાનમાં લેવામાં આવે છે. એક ખાનગી હોસ્પિટલમાં ક્રિટિકલ કેયર નિષ્ણાત ડો. રાજેન્દ્ર કહે છે કે જે દર્દી સ્વસ્થ થઈ ગયો છે ત્યાં પણ એન્ટિબોડીઝ બનાવવાનો સમય અલગ છે. કેટલાક દર્દીઓમાં એન્ટિબોડીઝ લાંબા સમય સુધી બનાવવામાં આવે છે અને કેટલાક લોકોમાં રિકવરી પછી તરત જ બનવાનું બંધ થઈ જાય છે. જો કોઈ વ્યક્તિમાં રિકવરી પછી એન્ટિબોડીઝ બનાવવાનું બંધ કરે છે, તો તેના પ્લાઝ્મા નવા દર્દીને કોઈ ઉપયોગી થશે નહીં. ડો.રાજેન્દ્ર કહે છે કે હમણાં લોકોએ કોઈ પણ સારવાર ઉપર ભરોસો ન કરવો જોઈએ.

ડો. સ્કંદ શુક્લા કહે છે કે ધારો કે કોઈ વ્યક્તિને ડાયાબિટીઝ છે અને સંક્રમણ લાગ્યું હોય અને સારવાર પછી તે સ્વસ્થ થઈ જાય છે અને જો તે પ્લાઝ્મા દાન કરવા માંગે છે, તો ડોકટરો તેનું લોહી લેવાનો ઈનકાર કરશે. બીજી તરફ, મહિલાઓને પીરિયડ્સ દરમિયાન અને ત્યારબાદ થોડા દિવસો સુધી રક્તદાન ન કરવાની સલાહ આપવામાં આવે છે. તેમજ નાના બાળકોને ખવડાવનારી મહિલાઓનું લોહી પણ લઈ શકાય નહીં. ઉપરાંત, જો કોઈ વ્યક્તિને એક મહિનાની અંદર કોઈ પણ પ્રકારની રસી આપી હોય, તો પછી તેના પ્લાઝ્મા કોરોના દર્દીની સારવારમાં ઉપયોગ કરી શકાતો નથી.

ધોરાજીમાં કોરોના ટેસ્ટની લેબોરેટરી કરાઈ શરૂ, ૧૫ શંકાસ્પદ સેમ્પલ લેવાયાં

ધોરાજી

સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં કોઈને કોરોના છે કે કેમ તે અંગે રીપોર્ટ કરવા માટે રાજકોટ જવું પડતું હતું પરંતુ હવે તેમાંથી છુટકારો મળ્યો છે. કારણ કોરોના ટેસ્ટીંગ અંગેની લેબોરેટરી ૪ તાલુકા વચ્ચે ધોરાજી ખાતે ફાળવવામાં આવેલ છે. જેમાં જેતપુર, ધોરાજી, ઉપલેટા અને જામકંડોરણા ચાર તાલુકાના કોરોના અંગેના શંકાસ્પદ દર્દીઓ માટે રાજકોટનો ધક્કો ન ખાવો પડે અને ધોરાજી ખાતે કોરોના અંગેના રિપોર્ટ કરવાનું ચાલુ થયેલ છે.

ધોરાજી ખાતે ૧૫ શંકાસ્પદ કોરોના અંગેના દર્દીઓના સેમ્પલ લેવાયા છે. જેમાં ધોરાજી-૧, જેતપુર-૫ ઉપલેટાના ૩ અને જામકંડોરણાના ૬ દર્દીઓ સહિત કુલ ૧૫ દર્દીઓના કોરોના અંગેના સેમ્પલ લેવાયા છે. જે વધુમાં વધુ ૨૪ કલાકમાં રિપોર્ટ આવશે. આ સાથે ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે આધુનિક સીસીસી કોરોના કેર સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. જેમાં ૨૦ દર્દીઓ માટે આધુનિક સુવિધા યુક્ત આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયો છે.

આ તકે સોમવારે રાજકોટના ઈએનટી ડોકટર તેમજ સરકારી હોસ્પિટલના ડો.જયેશ વીસેટીયન, તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર ડો.પુનીત વાછાણી, ડો.રાજ બેરા, ડો.જીગ્ના કણઝારીયા, ડો.અંકીતાબેન પરમા, ડો.અંજલીબેન તલરેજા અને ચાર તાલુકાના તબીબો હાજર રહેલ અને કુલ ૧૫ દર્દીઓના કોરોના અંગેના સેમ્પલો લેવાયા હતા.

પ્રથમ કેસથી ૩૪ લોકોમાં કોરોનાનો ચેપ લાગ્યો

ભાવનગર જિલ્લાના ૪૨ કોરોના કેસોમાંથી શહેરના ૩૭ અને ગ્રામ્યાના ૫ કેસ

ભાવનગર

ભાવનગરના જિલ્લાના ૪૨માંથી શહેરના ૩૭ અને ગ્રામ્યાના ૫ કેસનો સમાવેશ થાય છે. જેમાં પ્રથમ કેસ ર�ૂવાપરી રોડ જોગીવાડની ટાંકી ઈન્ડિયા હાઉસમાં રહેતા અબ્દુલ કરીમભાઈ શેખ દિલ્હી તબલીઘના કાર્યક્રમમાં ગયા હતા અને ભાવનગર પરત ફરતા બીજા દિવસે જ મોત નીપજયું હતું. બાદમાં પ્રથમ કસેથી ૩૪ લોકોમાં સંક્રમણ થયું હતું. શહેરના સાંઢીયાવાડ, રૂવાપરી રોડ, ભીલવાડા, કાજીવાડ, જૂની માણેકવાડી ભુતના લીમડા અને ત્યાંથી આગળ વધી વડવા સીદીવાડ, માઢીયાફળી અને સ્ટેશન રોડ અમીપરા, પખાલીવાડ સુધી પહોંચ્યો ગયો છે. જ્યારે બે પોઝિટિવ કેસમાં જસુભાઈ જાંબુચા અને ગીતાચોકમાં રહેતા કુમારભાઈ વોરાને ચેપ ક્યાંથી લાગ્યો તેની હિસ્ટ્રી મળતી નથી. કુમાર વોરા કીટ વિતરણ અને સેવાકીય પ્રવૃતિઓમાં જોડાયેલા હોય તેમાંછી ચેપ લાગ્યો હોવાની સંભાવના છે.

કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં વધારો થતાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કલસ્ટર ક્વોરન્ટીન ઝોન જાહેર કર્યા છે. આ વિસ્તારોમાં બેરીકેટ બાંધી પતરા ફીટ કરી સીલ કરવામાં આવ્યા છે. લોકડાઉન વચ્ચે પણ ભાવનગરમાં કોરોના સંક્રમણની સંખ્યા વધવા લાગતા મહાનગરપાલિકાના કમિશનરે જાહેરનામું બહાર પાડી ભાવનગરના સાંઢીયાવાડ રૂવાપરી રોડ, મોમનાવાડ, કાજીવાડ, વોરાવાડ સહિતનો ૩૦ હજારની વસ્તી ધરાવતા વિસ્તારને તેમજ વડવા સીદીવાડ માઢીયા ફળી વચ્ચેની ૧૦ હજાર આમ બે વિસ્તારોને કલસ્ટર ક્વોરન્ટીન ઝોન જાહેર કર્યા છે.

ત્યારબાદ વડવા સીદીવાડ હોટસ્પોટ એરીયાને અડીને આવેલા અમીપરા, પખાલીવાડ વિસ્તારમાંથી પોઝિટિવ કેસ આવતા વિસ્તારમાં વધારો કરી ૧૩૬૦૦ની આસપાસની વસ્તીના એરીયાને હોટસ્પોટ જાહેર કર્યો છે. તો જેસરના ઉગલવાણ, ઘોઘા અને સિહોરમાંથી પોઝિટિવ કેસ આવતા હોટસ્પોટ જાહેર કરાયા છે.

આખો મૃતદેહ કોહવાય ગયો છે

તુલસીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડમાં પુખ્ત વયના સિંહનું રહસ્યમય મોત

ખાંભા

તુલસીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડમાં વધુ એક પુખ્ત વયના સિંહનું મોત નીપજ્યું છે. આ રાઉન્ડમાં આવતા નીતલી ગામાંથી વાડી વિસ્તારમાંથી સિંહનો મૃતદેહ મળી આવ્યો છે. સિંહના મોત અંગે વન વિભાગે મૌન સેવી લીધું છે.

મોટાભાગના વનવિભાગના અધિકારીઓ દ્વારા સિંહના મોત અંગે કોઈ જ ખુલાસો કરાયો નથી આથી સિંહપ્રેમીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. સિંહના મોત અંગે રહસ્ય ઘૂંટાતું હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ સિંહના મૃતદેહને પીએમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી આપવામાં આવ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ જ સિંહના મોત અંગે જાણી શકાશે.જૂનાગઢના સીસીએફ દુષ્યંત વસાવડા મોતનુ કારણ એટલા માટે કહી ન શકાય કેમ કે મૃતદેહ ૧૦ દિવસ પહેલાનો લાગી રહ્યો છે. આખો મૃતદેહ કોહવાય ગયો છે.

ફતેપુરાથી વતન યુપી જવા પગપાળા નીકળેલા ૩૦ લોકોને મધ્યપ્રદેશ પોલીસે પરત મોકલ્યા

દાહોદ

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં ઉત્તરપ્રદેશ અને દિલ્હીથી ધંધાર્થે આવીને રહેતા લોકો લોકડાઉન પગલે ફસાઈ ગયા છે. આ પરિવારોએ વતન જવા સાથે દાહોદ જીલ્લાના સાંસદને રજૂઆત કરીને ઘરે જવાની માંગ પ્રબળ કરી છે. ફતેપુરાના કરોડીયામાંથી ઉત્તરપ્રદેશ જવા ૩૦ જેટલા લોકો પરિવાર સાથે પગપાળા ચાલીને વતન જવાની વાટ પકડી હતી. દાહોદ નજીક પીટોલ બોર્ડર પર મધ્યપ્રદેશ પોલીસે આ લોકોને પ્રવેશવા દીધા નહોતા અને દાહોદ પોલીસનો સંપર્ક કર્યો હતો અને આ પરિવારોને ફતેપુરા પોલીસ સ્ટેશને ફરી ઉતારી દીધા હતા અને ફતેપુરામાં રહેતા ભાડાના મકાનોમાં ફરી જે-તે જગ્યાએ રહેવા જવાનુ જણાવ્યું હતું. નિયમિત જમવા માટે અનાજ મળતુ ન હોવાથી વતન જવાની જીદ પકડીને બેઠેલા આ પરિવારોએ ફતેપુરા મામલતદાર કચેરીએ ધામા નાખ્યા હતા. જેને પગલે મામલતદારે તાત્કાલિક આ પરિવારો ને અનાજ કીટો આપીને પોતાના ઘરે મોકલ્યા હતા. ફતેપુરા તાલુકામાં ગુલ્ફી, ખુરશીઓ, સાડીઓ ,જ્યુશ અને ઈંટોના ભટ્ટા પર મંજૂરી કરતા ૨૦૦થી વધુ લોકોએ વતન જવાની માંગ પ્રબળ કરીને સરકાર પાસે માંગ મદદ માંગી છે. કરોડીયા ગામના ડેપ્યુટી સરપંચ હિતેશભાઈ કલાલે જણાવ્યું હતું કે, કરોડીયાના ૩૦ લોકો પગપાળા ચાલીને વતન જવા નિકળી પડ્યા હતા. પોલીસે તે લોકોને ફરીથી ફતેપુરા મોકલવામાં આવ્યા છે. આ લોકોની પોતાના વતન યુપી જવાની માંગ કરી છે, તેઓના પાસ બનાવવા નામ સાથેની યાદી ફતેપુરા પોલીસ સ્ટેશન અને મામલતદાર ફતેપુરાને આપી છે.

અલગ અલગ દેશમાં આ વાયરસના સંક્રમણમાં કોઈ અંતર નથી

કોરોના સ્થિર છે, જૂજ બદલાવ આવે છે જે દરેક વાયરસમાં હોય છે: WHO

અમદાવાદ

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સોમવારના રોજ એ દાવાનું ખંડન કર્યું છે કે, ગુજરાત અને મધ્ય પ્રદેશના ઈંદૌરમાં કોવિડ સાથે જોડાયેલી મોતની ઘટનાઓ એક ઘાતક સ્ટ્રેનના ફેલાવાના કારણે થઈ રહ્યા છે. "હું" ની ટેક્નિકલ અને એમર્જિંગ ડિજીજના હેડ ડોક્ટર્સ મારિયા વાન કરખોવેને જણાવ્યું હતું કે, લેબ્સમાં ગ્લોબલ નેટવર્ક અને ન્યૂરોલોજિસ્ટ્સ પાસે એવો કોઈ વૈજ્ઞાનિક પ્રમાણ નથી કે, જેમાં તે સાબિત થાય કે, નોવેલ કોરોના વાયરસનો એક સ્ટ્રેન અન્યથી વધારે ખતરનાક અને ઘાતક છે.

તેમણે જણાવ્યું હતું કે, દસ હજારથી પણ વધારે જીનોમ ઉપલબ્ધ છે અને મારી પાસે છેલ્લી ગણતરી નથી. અલગ અલગ દેશોમાંથી મળી રહેલા વાયરસોમાં કોઈ જ અંતર નથી કે, જેમાંથી જાણવા મળ્યું છે કે કોરોનાનું સંક્રમણ લોકોને કઈ રીતે બિમાર કરે છે અને અલગ અલગ વિસ્તારમાં કઈ રીતે તેનો વર્તાવ છે.

ડોક્ટર્સ કરખોવેના જણાવ્યા અનુસાર કોવિડ-૧૯ મ્યૂટેશનના હિસાબે સ્થિર છે. આ વાયરસમાં અમુક ફેરફાર આવ્યા છે, જે કોઈ પણ વાયરસમાં આવતા હોય છે, આ ફેરફારો અપેક્ષા પ્રમાણેના જ છે. આ અગાઉ ગુજરાત અને મધ્ય પ્રદેશમાં નિષ્ણાંતોએ પોતાના રાજ્યોમાં અમુક ભાગમાં સંક્રમણની ગંભીરતાને આ વાયરસને એક ઘાતક સ્ટ્રેન સાથે જોડી - ટાઈપનો સ્ટ્રેન ગણાવ્યો હતો. ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના નિર્દેશક સીજી જોશીએ જણાવ્યુ હતું કે, એલ ટાઈપનો સ્ટ્રેન જ્યાં પ્રભાવી છે, ત્યાં વધારે મૃત્યુદર સામે આવ્યો છે. આ સ્ટ્રેન વુહાનમાં વધારે ફેલાયો હતો.

કોરોના સંકટ: વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર સહિત પના સેમ્પલ અમદાવાદ મોકલાયાં

વાવ

ગુજરાતમાં કોરોના મહામારીનો કહેર યથાવત્ જોવા મળી રહ્યો છે. ત્યારે રાજયના બનાસકાંઠાના વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરનો કોરોનાનો રિપોર્ટ કઢાવવા માટે સમ્પલ લેવામાં આવ્યાં છે. આ સાથે ગેનીબેનના સેમ્પલ સાથે અન્ય ૫ લોકોના પણ સેમ્પલ લેવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે ગેનીબેન ઠાકોર કોરોના પોઝિટિવ મહિલાકર્મીના સંપર્કમાં આવ્યાં હતા.

પ્રાપ્ત મળતી વિગત અનુસાર બનાસકાંઠાના વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરનો કોરોનાનો રિપોર્ટ કઢાવવા માટે સેમ્પલ લેવામાં આવ્યા. વાવના ધારાસભ્ય ગેનીબેન સહિત ૫ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે એક અહેવાલ મુજબ ગેનીબેન ઠાકોર કોરોના પોઝિટિવ મહિલા હેલ્થ કર્મચારીના સંપર્કમાં આવ્યા હતા.

ડીસા કોવિડ હોસ્પિટલની ટીમ દ્વારા ગેનીબેન ઠાકોરના સેમ્પલ લેવામાં આવ્યાં છે. આ અંગે અમદાવાદની હોસ્પિટલમાંથી ગેનીબેન ઠાકોરનો બુધવારે રિપોર્ટ આવશે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ગત મંગળવારે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધીહતી. જો કે તેમની નજીક ઉભેલા મહિલા હેલ્થવર્કરનો કોરોનાનો રિપોર્ટ પોઝિટવ આવતાં ગેનીબેનને બીજી વખત ક્વોરન્ટાઈન કરાયા હતા. આ અગાઉ ગેનીબેન ઠાકોરને રાજસ્થાનથી આવતા હોમ ક્વોરન્ટાઈન કરાયાં હતા.

કોરોના પર કોંગ્રેસના ધાનાણી અને અર્જુન મોઢવાડિયાએ સરકારની કામગીરી પર ઉઠાવ્યા સવાલ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. કોરોના વાયરસ ગુજરાતમાં કેવી રીતે ફેલાયો તેને લઈને હવે રાજનીતિ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ વૈશ્વિક મહામારી કોરોનાને લઈને સરકાર પર આરોપ પ્રતિઆરોપો લગાવવાનું શરૂ કરી દીધું છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો રાજયમાં નવા ૨૪૭ કેસ કોરોના વાયરસના નોંધાયા છે તે અમદાવાદની સ્થિતિ આ મામલે ખૂબ જ ગંભીર છે કારણ કે, કોરોનાના અહીં ૨૦૦૦થી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે તો મૃત્યુઆંક પણ ૧૫૦ને પાર પહોંચ્યો છે ત્યારે આ મામલે હવે રાજકારણમાં આરોપ-પ્રતિ આરોપ શરૂ થયાં છે. કોંગ્રેસના નેતા અર્જૂન મોઢવાડિયાએ સરકાર પર આરોપ લગાવ્યા છે. કોંગ્રેસ નેતા અર્જૂન મોઢવાડિયાએ સરકાર પર આરોપ લગાવ્યા છે કે,

ગુજરાતમાં કોરોનાના ટેસ્ટ ઘટાડવામાં આવ્યા છે. ૧૮થી ૨૪ એપ્રિલ વચ્ચે ગુજરાતમાં ૫૪૦૦થી ૮૨૦૦ ટેસ્ટ થયા છે, તો અચાનક દરરોજ ૩૦૦૦ ટેસ્ટ કેમ કરવામાં આવી રહ્યા છે. સરકાર ટેસ્ટની સંખ્યા હવે ઘટાડીને પોઝિટીવ આંકડો ઓછો બતાવવા માંગે છે. આ સાથે જ તેણે લખ્યું હતું કે, કોરોના વાયરસના આંકડા છૂપાવવા માટે ગુજરાતમાં ઓછાં ટેસ્ટિંગ કરવામાં આવે છે. કેરળ અને રાજસ્થાનમાં કોરોના વાયરસના સૌથી વધુ ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે અને ત્યાં સ્થિતિ કાબૂમાં છે. અત્રે કોંગ્રેસ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ પણ ગુજરાતમાં કોરોના વાયરસ કેવી રીતે ફેલાયો તેને લઈને આરોપ લગાવ્યો હતો.

ધાનાણીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં થોડા દિવસો પહેલા થયેલા નમસ્તે ટ્રમ્પથી ગુજરાતમાં કોરોના ફેલાયો હોવાની વાત કરતા અરેરાટી વ્યાપી ગઈ હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઓછા ટેસ્ટ થાય છે, જેના કારણે પોઝિટીવ કેસોની સંખ્યા ઓછી દર્શાવવામાં આવી રહી છે. રાજયમાં લૉકડાઉન હોવા છતા વધુ કેસ આવે છે. ધાનાણીએ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે, ગુજરાત સરકાર કોમવાદ ફેલાવી રાજકીય ફાયદો શોધે છે. કોરોના સંક્રમણ સરકાર માટે કોમવાદ ફેલાવવાનું બની રહ્યું છે અને કોમવાદ ફેલાવી રાજકીય ફાયદો મેળવવો આપના માટે અનુકૂળ હશે તેવો આરોપ મૂક્યો હતો.

રાજકોટના જંગલેશ્વરમાં વધુ ૮ પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ

પિતા, દાદી બાદ ૧૬ વર્ષનો પુત્ર અને ભાવનગરમાં ૨૪ વર્ષની મહિલા કોરોનાગ્રસ્ત

રાજકોટ

રાજકોટ. રાજકોટમાં સમરસ હોસ્ટેલમાં ક્વોરન્ટીન ૧૬ વર્ષીય તરૂણ શાહીલ દિલદાન બ્લોચને કોરોના પોઝિટિવ આવ્યો છે. તેના પિતા દિલદારભાઈને પોઝિટિવ રિપોર્ટ આવતા તેની સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જંગલેશ્વરની શેરી નં. ૨૪માં રહે છે. શાહીલ બાદ વધુ સાત કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આથી આજે કોરોના પોઝિટિવની સંખ્યા આઠ થઈ છે. જંગલેશ્વરમાં પોઝિટિવ કેસની સંખ્યા દિવસને દિવસે વધતી જાય છે. રાજકોટમાં પોઝિટિવ કેસની સંખ્યા ૫૫ થઈ છે અને ગ્રામ્યનો મળી સંખ્યા ૫૬ થઈ છે. જેમાં ૪૫ તો જંગલેશ્વરના છે. ભાવનગરમાં પણ વધુ એક પોઝિટિવ કેસ નોંધાયો છે. સબીનાબેન ઈર્શાદભાઈ ઉમરાલી (ઉ.વ.૨૪)ને કોરોના રિપોર્ટ આવ્યો છે. આ મહિલા ભાવનગરના યુસુફબાગ ફ્લેટ શિશુવિહારમાં રહે છે.

હાલ જંગલેશ્વર વિસ્તારમાં પોઝિટિવ કેસની સંખ્યા વધી રહી છે. તેના કોન્ટેક્ટને આરોગ્યની ટીમ દ્વારા સઘન તપાસ અને ચકાસણી બાદ દરેકને સરકારી ફેસીલીટી ખાતે ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. આનો મુખ્યત્વે હેતુ પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલા લોકોને કોરોનાનો ચેપ લાગવાની અત્યંત શક્યતા હોય અને આ લોકો દ્વારા કોમ્યુનિટીમાં અન્ય લોકોને ચેપ ફેલાવવાની શક્યતા હોય છે. અગ્રીમતાના ધોરણે ક્વોરન્ટીન સેન્ટરમાં ફેરવેલ છે. પરીણામે કોન્ટેક્ટ દ્વારા અન્ય લોકોને ચેપ ફેલાતો અટકાવી શકાય છે. ગઈકાલે સમરસમાંથી ૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા જેમાંથી ૨ પોઝિટિવ આવ્યા છે. આજ સવારના સમરસ હોસ્ટેલમાંથી ક્વોરન્ટીન કરાયેલા ૫૭ લોકોના સેમ્પલ લીધા હતા. જેમાંથી ૭ પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે.

પિતા-બે પુત્રોને પોઝિટિવ, કોઈ દાદી-પૌત્ર તો કોઈ પિતા-પુત્ર છે

૧. મેહબુબ ઝીકર ચોપડા (ઉ.વ.૩૫) (ઝીકર ચોપડાનો પુત્ર), સરનામુ : જંગલેશ્વર શેરી નં.૨૫, રાજકોટ.

૨. ફારૂક ઝીકર ચોપડા (ઉ.વ. ૨૭) (ઝીકર ચોપડાનો પુત્ર) સરનામુ : જંગલેશ્વર શેરી નં. ૨૫, રાજકોટ.

૩. પરસોતમભાઈ અકબરી (ઉ.વ. ૭૫) (રવિભાઈ અકબરીના પિતા) સરનામું: કૃષ્ણજીત સોસાયટી શેરી નં.૩, સહકાર નગર શેરી નં. ૮ પાસે, રાજકોટ.

૪. બોદુ રઝાક ઓડિયા (ઉ.વ. ૧૮) (જીલુબેન ઓડિયાનો પુત્ર) સરનામુ: જંગલેશ્વર શેરી નં. ૨૬, રાજકોટ

૫. આદિલ હુસેન પતાણી (ઉ.વ.૧૦) (નુરમામદ પતાણીનો પૌત્ર)સરનામુ : જંગલેશ્વર શેરી નં. ૨૬, રાજકોટ.

૬. યુસુફ મુડસ (ઉ.વ. ૪૫) (નસીમ યુસુફ મુડસના પતિ) સરનામુ : લેવા પટેલ સોસાયટી શેરી નં. ૧, ગોસીયા મસ્જીદ પાસે, જંગલેશ્વર રોડ, રાજકોટ.

૭. સાહિલ યુસુફ મુડસ (ઉ.વ.૧૯) (નસીમ યુસુફ મુડસનો પુત્ર) સરનામુ: લેવા પટેલ સોસાયટી શેરી નં. ૧, ગોસીયા મસ્જીદ પાસે, જંગલેશ્વર રોડ, રાજકોટ.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના ૭૦મા પ્રાણપ્રતિષ્ઠા દિવસ

લોકડાઉનમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે વિશેષ મહાપૂજા અને ધ્વજારોહણ કરાયું

વેરાવળ

બાર જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે ૭૦મો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ છે. કોરોના મહામારીના સંજોગોમાં ૭૦માં સ્થાપના દિવસ નિમિત્તે મહાપૂજા દરમિયાન સોમનાથ મહાદેવને પ્રાર્થના કરવામાં આવી હતી કે વિશ્વ કોરોનામુક્ત થાય. ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા ધ્વજાપૂજન કરવામાં આવ્યું હતું. વિશ્વકલ્યાણની સોમનાથજીને પ્રાર્થના કરી હતી. સોમનાથ મહાદેવની વિશેષ પૂજા અને ધ્વજારોહણ પણ સોશિયલ ડિસ્ટન્સ રાખી કરવામાં આવી હતી. સાંજે સોમનાથ મહાદેવ શૃંગારદર્શન અને દિપમાલા કરવામાં આવશે.

તા.૧૧ મેં ૧૯૫૧, વૈશાખ શુક્લ પાંચમના દિને પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદ દ્વારા ગર્ભગૃહનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સમુદ્રમાં શણગારેલી બોટમાં રાખવામાં આવેલી ૨૧ તોપની સલામી સાથે ભક્તોએ જય સોમનાથના નાદ સાથે સોમનાથ મંદિર પર ધ્વજારોહણ કર્યું હતું. આ પ્રસંગે સરદાર સાથે સોમનાથ નિર્માણમાં મહત્વની ભુમીકા અદા કરનાર લોકો તરીકે દિગ્વિજયસિંહ, કાકાસાહેબ ગાડગીલ, મોરારજીભાઈ દેસાઈ, કનૈયાલાલ મુનશી સામેલ હતા. આજે જોસરદારને યાદ કરીએ તો કનૈયાલાલ મુનશીના શબ્દો યાદ આવે કે 'જો સરદાર ન હોત તો આપણી આંખો સોમનાથનું પુનઃનિર્માણ નિહાળવા સદભાગી થઈ ન હોત'.

મહિલાની સ્થિતિ ક્રિટીકલ જણાતા ખાનગી હોસ્પિટલના તબીબોએ હાથ કર્યા અધ્ધર

ગાંધીનગર સિવિલમાં સિઝેરિયન કરેલી મહિલાને કોરોના વોર્ડમાં મોકલી દીધી

ગાંધીનગર

શહેરમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં બે દિવસ પહેલા મહિલાની સિઝેરિયન કરી ડીલેવરી કરાવાઈ હતી. પરંતુ ત્યાં મહિલાની સ્થિતિ ક્રિટીકલ જોવા મળતા ખાનગી હોસ્પિટલના તબીબોએ હાથ અધ્ધર કરી લીધા હોવાથી તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. તે સમયે આ મહિલાને ફેફસામાં બીમારી જોવા મળી હતી. તે સમયે આ મહિલાને કોરોના પોઝિટિવના હતો. પરંતુ શંકાસ્પદ રીતે જોવામાં આવી હતી. નોંધનીય છે કે, ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બે પ્રકારના દર્દીઓને રાખવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

જેલ દર્દીઓ પાસેથી વચ્ચે તેમણે ઈન્ડોર હોસ્પિટલના આઠમા માળે સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે જે દર્દીઓને કોઈ પણ બીમારીમાં ઓપરેશન કરાવ્યું હોય તેવા દર્દીઓને ઈન્ડોર હોસ્પિટલ પાંચમા માળે સારવાર આપવામાં આવી રહી છે. સિઝેરિયન કરેલી મહિલા શંકાસ્પદ હતી ત્યારે આ દર્દીને પાંચમા માળે બનાવેલા વોર્ડમાં સારવાર આપવી જોઈતી હતી. સિવિલના સત્તાધીશોને જાણે ખબર જ ન હોય તે રીતે તેમણે આ મહિલાને આઠમા માળે પોઝિટિવ દર્દીઓ માટે બનાવેલા વર્ધમાન ધકેલી દેવામાં આવી છે,

હવે સવાલ એ થાય છે કે જો મહિલા અને તેના નવજાત બાળકને ત્યાં રાખવાના કારણે કોરોના પોઝિટિવ આવશે તો જવાબદારી કોની રહેશે સુશીલના વર્ષોજૂના અનુભવીઓ અને સત્તામાં બેઠેલા અધિકારીઓ દર્દીને સારવાર કેવી રીતે આપવી તે પણ ભૂલી ગયા ?. જો આ જ રીતે ઓપરેશન વાળા દર્દીઓને કોરોના પોઝિટિવ વોર્ડમાં ધકેલી દેવામાં આવશે તો અહીંયા આવતા તમામ લોકો સારા થવાની જગ્યાએ પોઝિટિવ થશે તેમાં બેમત નથી.

ફરજ બજાવતા અન્ય ૪૭૯ પોલીસ કર્મીઓને કરાયા હોમ ક્વૉરન્ટાઇન

અમદાવાદમાં SRPના ૫૦ જવાનો અને પોલીસના ૯૨ કર્મી કોરોગ્રસ્ત થતા હાહાકાર

અમદાવાદ

અમદાવાદમાં કોરોના વાયરસનો કહેર હાલ વર્તાઈ રહ્યો છે.સામાન્ય લોકોની સાથે જ પોલીસ જવાનોમાંથે કોરોના વાયરસ કાળ બનીને આવ્યો છે. પોલીસ બેડામાં આ ખબરથી હડકંપ મચી ગયો છે. અમદાવાદમાં કુલ ૫૦ એસઆરપીના જવાનોમાં કોરોના પોઝિટીવ હોવાનું સામે આવ્યું છે. અગાઉ ૧૭ જવાનોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ત્યાર બાદ આજે વધુ ૩૩ જવાનોનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. આપને જણાવી દઈએ કે, અમદાવાદમાં કોરોના વાયરસના કારણે સ્થિતી કાબૂ બહાર જતાં ગોધરાથી બંદોબસ્તમાં આવેલા જવાનો કોરોનામાં સપડાયા છે. કુલ ૫૦ એસઆરપી જવાનો કોરોનાગ્રસ્ત થતાં બીજા ૫૯ જવાનોને ક્વોરન્ટાઈન કરાયા છે. ઉલ્લેખનીય છે કે, આ બંદોબસ્તમાં કુલ ૧૦૯ જવાનો ફરજ પર હતા, એટલે કહી શકાય કે, અડધો અડધો જવાનો કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

કોરોનાની મહામારીમાં અમદાવાદમાં અગાઉ પોલીસ અધિકારી તથા કર્મચારી મળી કુલ ૯૨ જણાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જયારે તેમની સાથે ફરજ બજાવતા કુલ ૪૭૯ પોલીસ કર્મચારીઓને હોમ ક્વૉરન્ટાઈન કરવામાં આવ્યા છે. જો કે, ૧૩ પોઝિટીવ પોલીસ કર્મચારીઓ સાજા થતાં તેમને રજા આપવામાં આવી છે. બીજી તરફ દાણીલીમડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર તથા તેમના પત્ની અને બે દિકરીનો પણ રિપોર્ટ પોઝિટીવ આવતાં પરિવારના સભ્યો સારવાર હેઠળ છે.

જો કે ૧૩ પોઝિટિવ પોલીસ કર્મચારીઓની તબિયતમાં સુધારો થતાં રજા આપવામાં આવી છે, તેમને ફરજ પર લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. દાણીલીમડા પોલીસ સ્ટેસનના પીઆઈ અને તેમના પત્ની તથા દિકરીને પોઝિટીવ રિપોર્ટ આવતાં પુરો પરિવાર એસવીપી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જયારે પીઆઈ સાથે ફરજ બજાવતા ઓપરેટર અને તેમના ડ્રાઈવરને પણ કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

પંચમહાલમાં કોરોનાનો કેર યથાવત, પોઝિટિવ કેસોની સંખ્યા ૨૩ થઈ

પંચમહાલ

રાજયમાં કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યા સતત વધી રહી છે. પંચમહાલ જિલ્લામાં પણ કોરોનાના ૨૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગોધરા શહેરમાં વધુએક કોવિડ-૧૯ પોઝિટિવ કેસ મળી આવતા જિલ્લામાં પોઝિટિવ કેસોની સંખ્યા ૨૩ પર પહોંચી છે. ગોધરા શહેરની હરિકૃષ્ણ સોસાયટી, અંકલેશ્વર મહાદેવ વિસ્તારના ૩૪ વર્ષના પુરુષને કોરોના સંક્રમિત થયાની વિગતો બહાર આવી છે. જિલ્લામાં કોવિડ-૧૯ના બે વધુ કેસો ડિટેક્ટ થતા કોવિડ-૧૯ના કુલ પોઝિટિવ કેસ ૨૩ નોંધાયા છે.

જેમાથી જિલ્લામાં કુલ ૨૦ સક્રિય કેસ છે. ગોધરા શહેરના ભાગોળ વિસ્તારના ૪૫ વર્ષીય પુરૂષ અને હાલોલના લીમડી ફળિયાના ૫૫ વર્ષીય પુરૂષનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટીવ આવ્યો હતો. જિલ્લામાંથી તપાસ અર્થે કુલ ૨૩૯ સેમ્પલ મોકલવામાં આવ્યા છે, જે પૈકી ૨૨ પોઝિટીવ અને ૧૫૨ નેગેટીવ આવ્યા છે. જેમાંથી ૨૭ સેમ્પલ રીપીટ સેમ્પલ હતા. અત્યાર સુધી ગોધરા શહેરમાંથી કુલ ૨૧ વ્યક્તિઓનો પોઝિટિવ રિપોર્ટ આવતા જિલ્લામાં કુલ ૨૩ કેસ નોંધાયા છે. જે પૈકી ૧૨ ગોધરા સિવિલ ખાતેની કોવિડ-૧૯ હોસ્પિટલમાં, ૬ વ્યક્તિઓ વડોદરાની ગોત્રી હોસ્પિટલ અને ૨ વ્યક્તિઓ વડોદરાની ટ્રાયકલર હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહી છે.

૧૧ વ્યક્તિઓ કોવિડ-૧૯ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ઓબ્ઝર્વેશન હેઠળ છે. હાલની સ્થિતિએ જિલ્લામાં હોમ ક્વોરેન્ટાઈન કરાયેલા લોકોની સંખ્યા ૨૦૧૭ છે, જે પૈકી ૧૪૧૯ વ્યક્તિઓનો ક્વોરેન્ટાઈનનો સમયગાળો પૂર્ણ થયો છે જયારે ૫૯૮ વ્યક્તિઓનો ક્વોરેન્ટાઈન સમયગાળો ચાલુ છે. કોરોના પોઝિટીવ દર્દીઓના સંપર્કમાં આવેલ વધુ ૯૬ વ્યક્તિઓને ૨૭ એપ્રિલના રોજ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે.

લોકડાઉનની અસર: મોટાં સ્ટોર્સમાં પણ જીવનજરૂરિયાતની વસ્તુઓ ખૂટી

શહેરીજનો કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ સ્ટોર્સની અંદર જાય ત્યારે ખાલી રેક જોઈ

અમદાવાદ

લોકડાઉનને મહિનાથી વધુ સમય થઈ ગયો છે, ત્યારે અનેક કુટુંબોની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી થઈ જતાં તેઓ ફરી બજારમાં વસ્તુઓ ખરીદી કરવા નીકળ્યા છે. છેલ્લા એક મહિનાથી કરિયાણાની દુકાનોથી લઈને મોલ-સ્ટોર્સમાં માલની જાવક ૮૦ ટકા અને આવાક માત્ર ૨૦ ટકા જેટલી હોવાથી જીવનજરૂરિયાતની વસ્તુઓ ખૂટી પડી હોવાનો ઘાટ સર્જાયો છે. કરિયાણાની દુકાનો બાદ હવે શહેરમાં આવેલો મોટા મોલ અને સ્ટોર્સ જે જીવનજરૂરિયાતની વસ્તુઓનું મોટાપ્રમાણમાં વેચાણ કરે છે તેના શેલ્વ્સ પણ ખાલીખમ પડેલા દેખાઈ રહેલાં છે. આ મોલ્સને સ્ટાફ કહે છે કે માલ આવતો જ નથી તો અમે પણ કઈ કરી શકતાં નથી. આવા મોટા સ્ટોર્સમાં ટોકન લઈને ઉનાળાની ગરમીમાં કલાકો સુધી લાઈનોમાં લાગ્યા બાદ અંદર જતાં લોકોને 'જે છે આ જ છે' એવું કહેવામાં આવતાં આઘાત પણ લાગે છે! લોકડાઉનના લીધે અનેક વસ્તુઓનું પ્રોડક્શન કરતી ફેક્ટરીઓ કે એકમો હાલ બંધ છે અથવા તો સીમિત ક્ષમતા સાથે ચાલી રહ્યા છે. તેથી તે બજારની ૧૦૦ ટકા માગને પહોંચી વળે એમ નથી. તે ઉપરાંત ટ્રાન્સપોર્ટેશનનો પ્રશ્ન સૌથી મોટો છે. મોટા જથ્થામાં અને દૂરથી જે માલ આવતો હોય એ તો અત્યારે સદંતર બંધ છે જેના લીધે મોલ અને મોટા સ્ટોર્સમાં પણ માલની ખેંચ વર્તાઈ રહી છે. હવે લોકોને ત્રીજી મેથી લોકડાઉનમાં રાહત મળે તો માહોલ ક્રમશઃ સામાન્ય થશે તેવી આશા જણાઈ રહી છે.

સુરેન્દ્રનગરમાં ૧૦ લાખની વસ્તી સામે ફક્ત ૧૦૦ જેટલા જ ટેસ્ટ કરાયા

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦ લાખની વસ્તી સામે ફક્ત ૧૦૦ જેટલા જ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આથી આશંકા પ્રબળ બની છે કે, સંખ્યા ઓછી દર્શાવવા વચ્ચે રાજ્ય સરકારનુ વલણ ઘાતક સમાન સાબિત થઈ શકે તેમ છે, આ મામલે દસાડાના ધારાસભ્ય નૌશાદભાઈ સોલંકીએ સુરેન્દ્રનગર જિલ્લા મુખ્ય ન્યાયાધીશને લેખિત રજૂઆત કરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં તાત્કાલિક અસરથી જિલ્લાના તમામ સ્વાસ્થ્ય કર્મીઓ, હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલ લોકો, ખાનગી તબીબો, જિલ્લાના પોલીસ કર્મીઓ, જિલ્લાના વહીવટી સક્રિય કર્મીઓ, પત્રકારો, સામાજિક કાર્યકરો, હોસ્પિટલના દર્દીઓ, શાકભાજી વેચતા લારી-ગલ્લા તેમજ દુકાનદાર ધારકો તેમજ કરિયાણાની દુકાન અને મેડિકલ સ્ટોર ધારકોની આ સ્થિતિમાં કોવીડ-૧૯ ના પરીક્ષણો જરૂરી હોવાનું જણાવ્યું છે.

ગંગા સ્વરૂપ બહેનોને જીવનજરુરી આવશ્યક ચીજ વસ્તુઓની કીટનું વિતરણ કરાયું

સુરત

કોરોના મહામારી વચ્ચે લોકડાઉનની સ્થિતિના કારણે જેમની પાસે મર્યાદિત આવકના સ્ત્રોત છે કે પછી આર્થિક ઉપાર્જન કરી શકે તેવો આધાર નથી તેવી ૭૦ ગંગા સ્વરૂપ બહેનોને મદદરુપ થવા માટે આજે સુમન હાઉસ્કુલ,માતાવાડી ખાતે L.I.C. એજન્ટ એસોસીએશન સુરત, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાંચ શાંતિ ઉત્કર્ષ મહિલા ગ્રુપ,ગંગા સ્વરૂપ ઉત્કર્ષ મહિલા ગ્રુપ, અને સક્ષમ (સમદ્રષ્ટી ક્ષમતા વિકાસ અનુસંધાન મંડળ)ના સંયુક્ત ઉપક્રમે જીવનજરુરી આવશ્યક ચીજ વસ્તુઓની કીટનું સુરત ખાતે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય તેના માટે જમીન પર સર્કલ બનાવી તેમાં લાભાર્થીઓને ઊભા રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ બધાએ ફરજિયાત પણે માસ્ક પહેર્યા હતા.



આ કાર્યક્રમમાં પૂર્વ મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, શ્રી અશ્વીનભાઈ પટેલ, મનજીભાઈ સવાણી, કનૈયાલાલ ઠક્કર, મીનાબેન પટેલ, શકુંતલાબેન સવાણી, કામાક્ષીબેન ફિટર તથા રંજનબેન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ દરેક ગંગા સ્વરૂપ બહેનોને આપના દેશના વડાપ્રધાન શ્રી એ કરેલ મન કી બાતના અનુસંધાને કહ્યું કે હાલના સમયમાં દરેકે એકબીજાથી સોશિયલ ડિસ્ટન્સ રાખવું પડશે.આ સોશિયલ ડિસ્ટન્સ કઈ રીતે રાખી શકાય તેના વિશે જણાવ્યુ હતું.સેનેટાઈજર વિશે ચર્ચા કરી હતી કે તમે જયારે બહારથી આવો ત્યારે અન્ય વસ્તુને સ્પર્શ કરો ત્યારે હાથ સાફ કરવા માટે સમાન્ય સાબુ પણ વાપરી શકો છો. સાથે સાથે ઘરની લોખંડની કે સ્ટીલની વસ્તુને દિવસમાં બે વખત ડેટોલથી સાફ કરવી જોઈએ. હાલની પરિસ્થિતીને જોતાં માસ્ક ફરજિયાત પહેરવા જોઈએ.તેમજ તમારા પરિવારમાં જો કોઈપણ પ્રકારના વ્યસ્ત હોય તો તે લોકોને સમજાવી વ્યસ્ન મુક્ત કરવા જોઈએ.

આ કાર્યક્રમના અંતે L.I.C. એજન્ટ એસોસીએશન સુરત દ્વારા આ કીટ નું ૭૦ જેટલી બહેનોને કીટ આપવામાં આવી હતી ખરેખર ઘણી એવી બહેનો હશે કે જેમને આ કીટની જરૂરિયાત હશે પરંતુ વધારે જરૂરિયાતવાળી બહેનોને આ કીટ આપવામાં આવી હતી.માટે રેડક્રોસના પ્રમુખ ડો. પ્રફુલભાઈ શિરોયા અને ડો.કોમલબેન શિરોયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

ભરુચમાં બ્રામણ પરિવારોને અનાજની કિટ વિતરિત કરાઇ

જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેવા કાર્ય

અંકલેશ્વર

અંકલેશ્વરના જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ભરૂચ બ્રહ્મસમાજ પરશુરામ ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ બ્રાહ્મણ પરિવારોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કોરોનાવાયરસ ની આ મહામારીમાં સૌથી વધુ પીડાતો હોય તો એ મધ્યમ વર્ગીય સમાજ છે જેની વહારે ભરૂચના પરશુરામ બ્રહ્મસમાજ ગ્રુપ અને અંકલેશ્વરના જય અંબે ચેરીટેબલ ગ્રુપ આવ્યા હતા. જય અંબે ચેરીટેબલ ગ્રુપના એલ..બી .પાંડે તેમજ યુવાન સેવાભાવી અનુરાગ પાંડે દ્વારા પરશુરામ ગ્રુપના સહકારથી ૪૦ જેટલા ગરીબ અને જરૂરિયાતમંદ બ્રાહ્મણ પરિવારોને કીટ વિતરણ કરવામાં આવી હતી. લોકડાઉનના સમય દરમિયાન ચાલી રહે એટલો અનાજ, કરિયાણા તેમજ અન્ય ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનુરાગ પાંડેએ જણાવ્યું હતું કે આગામી દિવસમાં પણ તમામ જરૂરિયાત મંદ લોકો માટે જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાનું કાર્ય અમે હાથ ધર્યું છે.

મ્યુનિ.કમિ. બચ્છાનિધિ પાનીનું નિવેદન

સોશિયલ ડિસ્ટન્સ એ લોક ડાઉનનું પાલન કરાવવા કડક કાર્યવાહી કરાશે

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૭મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, તમામ ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ તેમજ ડોર ટુ ડોર આરોગ્ય ચકાસણી અંતર્ગત ૭૦૫ ટીમો દ્વારા આજ સુધી ૧,૭૯,૮૦૨ ઘરો તેમજ ૬,૭૪,૭૪૪ નાગરિકોની સઘન ચકાસણી અને સર્વે પ્રક્રિયા કરવામાં આવી છે. કોરોનાના વધતાં જતાં સંક્રમણને ધ્યાને લઈ સુરત શહેરમાં આવશ્યક વસ્તુઓ સિવાયની દુકાનો ૦૫મી મે સુધી ખોલી શકાશે નહી.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, રેપિડ એન્ટી બોડી ટેસ્ટમાં વિસંગતતા આવવાથી આ ટેસ્ટીગ પ્રક્રિયા હાલપૂરતી સ્થગિત કરવામાં આવશે. આજે કેન્દ્ર સરકારના પાંચ વરિષ્ઠ અધિકારીઓની ટીમે ત્રીજા દિવસની સુરત શહેરની મુલાકાત અંતર્ગત અક્ષયપાત્રના ભોજન કેન્દ્રો,અડાજણના સ્વૈચ્છિક સંસ્થાઓના ભોજન વિતરણ કેન્દ્રોની મુલાકાત લઈ જરૂરિયાતમંદ લોકો માટે ભોજન સુવિધાઓનો તાગ મેળવ્યો હતો, સુરતની સંસ્થાઓની સેવાકીય કામગીરીથી પ્રભાવિત થઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

આજની સ્થિતિએ ૧૭૭૪ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને ૫૧૨ સરકારી ક્વોરેન્ટાઈન હેઠળ છે. આમ, કુલ ૨૨૮૬ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે. પોઝિટીવ કેસોનું પ્રમાણ ઘટાડવા સોશ્યલ ડિસ્ટન્સ અને લોકડાઉનનું યોગ્ય અને ચુસ્તપણે પાલન ન કરનાર વિસ્તારોમાં આગામી દિવસોમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. સ્લમ વિસ્તારમાં પોઝિટીવ કેસો વધવાના પડકારને પહોંચી વળવા ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ છે.

શ્રી પાનીએ કહ્યું કે, મનપાની 'કોવિડ કમાન્ડો' પહેલમાં સૈયદપુરાના શ્રી જયેશભાઈ મેવાડા ૩૦ લોકો સાથે અને આકાશભાઈ નવસારીવાલા ૦૫ લોકો સાથે કોવિડ કમાન્ડો રૂપે આરોગ્ય વિભાગ સાથે જોડાયા છે. આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૦૯.૬૪ લાખથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૧ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૫૪૩ અને જિલ્લાના ૨૧ મળીને કુલ ૫૬૪ કેસો નોંધાયા છે.

ખેડૂતોની સાથે-સાથે વેપારીઓમાં ચિંતા વ્યાપી

કરોડોનું ટર્નઓવર ધરાવતા કેરીના ધંધા પર કોરોનાની મોટી અસરના એંધાણ



વલસાડ

વલસાડ જિલ્લાની પ્રખ્યાત વલસાડી આફુસ કેરી, કેસર સહિતની કેરીઓની માંગ છેક ગલ્ફના દેશોથી લઈને યુ.એસ. તથા યુરોપના દેશો સુધી વિસ્તરી છે. પરંતુ આ વખતે કોરોના વાઈરસની મહામારીમાં યુરોપ અને અમેરિકાનું ધનોતપનોત નીકળી ગયું હોવાથી, અહીંના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મેળવવાનો એકમાત્ર વિકલ્પ, ગલ્ફના દેશોના રૂપમાં જ બચ્યો છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે, કેરી બેડવા માટે તજજ્ઞા મજૂરોની આ વખતે ભારે અછત છે. જેને કારણે વલસાડ જિલ્લામાં દર વર્ષે ૭૦૦થી ૮૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતા કેરીના ધંધા પર માઠી અસર પડે તેવા એંધાણો દેખાય રહ્યા હોવાને કારણે ખેડૂતોની સાથે-સાથે વેપારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

વલસાડ જિલ્લામાંથી દર વર્ષે આફુસ, કેસર, લંગડો, રાજાપુરી સહિતની જુદી-જુદી જાત ધરાવતી કેરીઓ ગલ્ફના દેશો, દુબઈ, મસ્કત, ઓમાન અને સાઉદી અરેબિયા ઉપરાંત યુરોપના દેશો જેમાં યુ.કે., ઈટાલી, ફ્રાન્સ, જર્મની, સ્પેન વગેરે તેમજ અમેરિકા જેવા દેશોમાં આશરે ૩૦૦થી ૪૦૦ કરોડની કેરી, મુંબઈ, નાગપુર, યુ.પી., દિલ્હી, અમદાવાદ સહિતના શહેરોના મોટા ગજાના વેપારીઓ મારફતે એક્સપોર્ટ કરવામાં આવે છે. પરંતુ આ વખતે કોરોનાને કારણે જાહેર થયેલા લોકડાઉનથી ફળોનો રાજા ગણાતી કેરીના ખેડૂતોની સાથે વેપારીઓ માટે મોટી મોકાણ સર્જાઈ છે. વલસાડના કેરીના મોટા વેપારી અરુણ ત્રિપાઠીએ જણાવ્યું કે,

યુરોપ તથા અમેરિકામાં કોરોનાએ ભયંકર કેર વરસાવ્યો હોવાથી આ વખતે એ દેશોમાં કેરીની નિકાસ થઈ શકે તેમ નથી. ગલ્ફના દેશોમાં લોકડાઉન ન હોવાથી દુબઈ, ઓમાન,મસ્કત તથા સાઉદી અરેબિયામાં કેરીની નિકાસ થઈ શકે તેમ છે. પરંતુ, કેરી બેડવા માટે મજૂરોની અછત એ સૌથી મોટી સમસ્યા અહીંના ખેડૂતોને નડી રહી છે. તેમણે જણાવ્યું કે, મજૂરોની સમસ્યાનું નિરાકરણ ન થશે તો વેપારીઓએ કેરીનો વેપાર બંધ કરવાની નોબત આવશે અને એક્સપોર્ટની શક્યતા ધૂંધળી થઈ જતા, ખેડૂતોને ભારે નુકસાન વેઠવું પડી શકે છે.

જમીન પ્રકરણમાં જાણીતા ઉધોગપતિને જાનથી મારી નાખવાની ધમકી મળતા ખળભળાટ

સુરત

કોરોના વાયરસ ને લઈને એક બાજુ લોકડાઉન ચાલે છે ત્યારે તમામ વેપાર ઉધોગ સતત બંધ છે, ત્યારે આ સમયે સુરત અને સૌરાષ્ટનાના જાણીતા ઉધોગપતિને ગતરોજ સુરતના એક જમીન પ્રકરણમાં જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. એક અજાણ્યા યુવાન દ્વારા ફોન પર મારી નાખવાની ધમકી આપવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. જોકે આ ઉદ્યોગપતિ દ્વારા આ મામલે પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે ,જેને લઈને પોલીસે આ મામલે તપાસ શરુ કરી છે. બનાવની વિગત એવી છે કે કોરોના વાયરસને લઈને એક બાજુ લોકડાઉન ચાલી રહ્યુ છે ત્યારે શહેરમાં તમામ વેપાર ઉધોગ બંધ છે.

સુરતના અને સૌરાષ્ટના જાણીતા ઉદ્યોગપતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો મામલો સામે આવ્યો છે. આ મામલે સુરતના ડાયમંડ ઉધોગ સાથે જોડાયેલ વસંત ગજેરાએ કતારગામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ મહા



નગરપાલિકાની કતારગામ ઝોન ઓફિસ નજીક રામજી કૃપા સોસાયટીને અડીને આવેલી સરવે નંબર ૨૪૪ વાળી જમીન તેમણે રમણ ભવાનભાઈ ડાહીબેન, સુમનબેન, મણીબેન વગેરે પાસેથી ચુનીભાઈ ગજેરાના નામે ખરીદી હતી. પરંતુ કેટલીક સરકારી પ્રક્રિયાના કારણોને લઈને આ જમીન ચુનીભાઈ ગજેરાના નામ ઉપર ચડાવવામાં આવી નહોતી.

હાલ આ જમીનનો કબજો વસંત ગજેરા અને ચુની ગજેરા પરિવાર પાસે છે તથા તેમના માણસો આ જમીન ઉપર વસવાટ સાથે રખેવાળી પણ કરે છે. દરમિયાન ગત તારીખ ૨૩ મેના રોજ સવારે પોણા દસ વાગ્યે એક અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો, તથા સર્વે નંબર ૨૪૪ વાળી જમીન તેમણે જમીન માલિક પાસેથી ખરીદી લીધી હોવાનું જણાવી વસંત ગજેરાને પતાવટ કરી લેવાની ચેતવણી આપી હતી અને જમીન ઉપરથી માણસો હટાવી લેવાની તાકીદ કરી હતી અને આમ કરવામાં નહીં આવે તો વસંત ગજેરાની હત્યા કરી નાખવાની ધમકી આપી હતી.

મેડિકલ સ્ટોર્સ, કરિયાણાના દુકાનદારો, ડેરી પાર્લરો સામે કેસ કરી રૂ. ૮૩નો દંડ

સુરત

કોરોના વાયરસ મહામારીના સંક્રમણને અટકાવવા માટે સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે તેવા સમયે કોરોનાની પરિસ્થિતિ વચ્ચે પણ કેટલાક કરિયાણાની દુકાનદારો, મેડીકલ સ્ટોર્સના સંચાલકો દ્વારા માસ્ક તથા હેન્ડ સેનેટાઈઝર તથા અન્ય ચીજવસ્તુઓની છાપેલ કિંમત કરતા વધુ કિંમત લેવા બદલ તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

જિલ્લાની મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષાના નિરિક્ષકોએ માર્ચ તથા એપ્રિલ-૨૦૨૦ માસ દરમિયાન સુરત અને તાપી જિલ્લાના ૩૧૩ મેડીકલ સ્ટોર્સ, અનાજ કરિયાણા, ડેરીપાર્લર તથા શાકભાજી/ફ્રુડસના વેપારીઓની પણ અલગ-અલગ જગ્યાએ ઓચિંતી તપાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં યોગી ચોક ખાતે(૧) શ્રી ખોડલધામ ટ્રેડીગ કુ તથા કામરેજ ખાતે ભગવતી પ્રોવિઝન સ્ટોર્સ, ગોડાદરા ખાતે અભિષેક કરીયાણા સ્ટોર્સ અને બાબા ભેરૂનાથ જનરલ એન્ડ કિરાણા સ્ટોર્સ તેમજ ઉગતના ભેસાણ રોડ ખાતે આવેલી સાંવરીયા પ્રોવિઝન સ્ટોર્સ અને પાલનપુર જકાતનાકા ખાતે ગણેશ પ્રોવિઝન સ્ટોર્સ સામે દંડની વસુલાત કરવામાં આવી હતી. રૂા.૪૬,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો છે તથા બમરોલી ખાતે આવેલ માસ્કના ઉત્પાદક એકમ દ્વારા ધી પેકેઝડ કોમોડીટીઝની જોગવાઈ મુજબ ફેસ માસ્કના પેકીગ ઉપર જરૂરી નિર્દેશન દર્શાવેલ ન હોવાથી એકમ સામે કેસ કરી રૂા.૨૫૦૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત શહેર તથા જિલ્લામાં હાલમાં ચાલી રહેલા લોકડાઉનના ધા?યને લઈ ગ્રાહકોની મળતી ફરિયાદોને અગ્રતા આપી કચેરીના વિભાગીય નિરીક્ષકો દ્વારા અનાજ કરિયાણા, ડેરી પાર્લર તથા શાકભાજી/ફ્રુડસના વેપારીઓની પણ અલગ-અલગ જગ્યાએ ઓચિંતી તપાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં યોગી ચોક ખાતે(૧) શ્રી ખોડલધામ ટ્રેડીગ કુ તથા કામરેજ ખાતે ભગવતી પ્રોવિઝન સ્ટોર્સ, ગોડાદરા ખાતે અભિષેક કરીયાણા સ્ટોર્સ અને બાબા ભેરૂનાથ જનરલ એન્ડ કિરાણા સ્ટોર્સ તેમજ ઉગતના ભેસાણ રોડ ખાતે આવેલી સાંવરીયા પ્રોવિઝન સ્ટોર્સ અને પાલનપુર જકાતનાકા ખાતે ગણેશ પ્રોવિઝન સ્ટોર્સ સામે દંડની વસુલાત કરવામાં આવી હતી.

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાની કિમ ચાર રસ્તા ખાતે આવેલી મહાવીર એજન્સી તથા રાજેશ કિરાણા સ્ટોર્સ, કામરેજ તાલુકાના વાવની દેવ નારાયણ તથા મહાદેવ કિરાણા સ્ટોર્સ તેમજ તાપી જિલ્લામાં ડોલવણ ખાતે બાલાજી સુપર માર્કેટ તથા મયુર સુપર માર્કેટ સામે સીગતેલ, દુધ-છાસ તથા અન્ય ચીજવસ્તુઓના છાપેલ કિંમત કરતા વધુ ભાવ લેતા હોવાનું ધ્યાને આવતા તમામ એકમો સામે ધી લીંગલ મેટ્રોલોજી એકટ અન્વયે પ્રોસીકયુશન કેસ કરી રૂા.૧૯,૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સુરત શહેરના પોશ વિસ્તાર એવા ધોડદોડ રોડ, સીટીલાઈટ, વેસુ તથા ન્યુ વી.આઈ.પી. રોડ ખાતે કચેરીના વિભાગીય નિરીક્ષકો દ્વારા શાકભાજી તથા ફ્રુટસના વેચાણ કરતા ૨૦ ફેરીયાઓની સામે ધી લીગલ મેટ્રોલોજી એકઠ-૨૦૦૯નો ભંગ કરવા બદલ કેસ કરી રૂા.૨૪૦૦નો દંડ વસુલાત કરવામાં આવી હોવાનું મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

સંકટ સમયે રાહત કિટનું વિતરણ કરીને ઉમદા સેવા

કોરોના વાયરસે જયારે સમગ્ર દેશ સહિત ગુજરાતને પણ સંકજામાં લીધું છે, ત્યારે કોરોનાનો હિંમતભેર સામનો કરવા અનેક લોકો આગળ આવ્યા છે, ત્યારે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મેસ કોન્ટ્રાક્ટર બલદેવસિંહ રાજપુરોહિત શ્રમજીવીઓની હાલત કફોડી ન બને, ગરીબ વર્ગના લોકો ભૂખ્યાં ન રહે અને તેઓને જરૂરિયાત મુજબની અનાજ-સામગ્રી મળી રહે તે માટે ભોજન અને રાહતકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેઓ સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરી અન્ય લોકોને પણ પ્રેરિત કરી રહ્યા છે. સુરતના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોની પાસે જઈને તેમના સુધી રાહત કીટ પહોંચાડવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે.

ઉર્દૂ શિક્ષકો દ્વારા અન્ન કિટનું વિતરણ કરાયું

કોવિડ-૧૯ની વિકટ પરિસ્થિતિમાં સુરત મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉર્દુ માધ્યમના શિક્ષકગણએ પોતાની યથાશક્તિ મુજબ આર્થિક મદદ કરી આશરે રુ. ૩,૨૫,૦૦૦/(ત્રણ લાખ પચ્ચીસ હજાર) ની સહાય આશરે ૭૦૦ અનાજની કીટ ગરીબ વિદ્યાર્થીઓના પરિવારને વિતરણ કરી સરાહનીય કાર્ય કર્યું.

ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ

આહવા

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસને નાથવા વિશ્વના અનેક દેશોએ લોકડાઉન જાહેર કર્યું છે. આપણો ભારત દેશ પણ કોરોના વાઇરસગ્રસ્ત બન્યો છે. ત્યારે ડાંગ જિલ્લામાં કોરોના વાઇરસને કારણે લોકડાઉન જેવા અસરકારક પગલા લઇ સરકારે તેને નાથવાના પ્રયાસ કર્યો છે.

ડાંગ જિલ્લા કલેકટર શ્રી એન.કે.ડામોરે જણાવ્યું હતું કે લોકડાઉન જેવા કપરા સમયમાં ગરીબ પરિવારો પોતાના ધંધા-રોજગાર બંધ થવાના કારણે ભૂખ્યા ન રહી જાય તે માટે ભારત સરકારે ચિંતા કરી છે. ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત એપ્રિલ માસમાં વિનામૂલ્યે અનાજનું વિતરણ શરૂ કરાયું છે. સમગ્ર રાજ્યમાં NFSA , Non NFSA BPL અંતર્ગત કુલ ૩૯,૮૭૦ કાર્ડધારકોને આનો લાભ મળશે. ડાંગ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા જણાવાયું છે કે વ્યાજબી ભાવની દુકાનો પર આજે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત એપ્રિલ માસમાં ડાંગ જિલ્લાના કુલ ૨,૦૯,૭૮૭ લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવશે. જેમાં NFSA હેઠળ આહવા તાલુકાના ૭૯,૮૫૫,વઘઈ તાલુકામાં ૬૨,૩૫૭ અને સુબીર તાલુકામાં ૫૯,૪૩૮ મળીને કુલ ૨,૦૧,૬૫૦ લોકો જ્યારે Non NFSA BPL અંતર્ગત આહવા ૪,૨૨૭, વઘઈ-૧,૭૦૯ અને સુબીર ૨,૨૦૧ મળીને કુલ ૮,૧૩૭ લોકોને આ યોજનાનો લાભ મળશે. કોરોના વાઇરસ પ્રત્યે સાવધાની રાખતા તમામ લાભાર્થીઓ સોશ્યલ ડિસ્ટન્સ તેમજ સ્વચ્છતા જાળવી રાખે તે હાલના સમયમાં ખુબ જરૂરી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સાડાત્રણ કિલોગ્રામ ઘઉં,૧.૫ કિ.ગ્રા.ચોખા મળીને કુલ ૫ કિ.ગ્રા. અન્ન વિતરણનો પ્રારંભ કરાયો હતો. સુન્દા ગામમાં વધુ લાભાર્થી કુલ-૨૯૭ હોઇ તો બીજા દિવસે ખાપરી, ગોળષ્ટા, કાસવદહાડ વિગેરે ગામના લાભાર્થીઓએ લાભ લેવાનુંનક્કી કર્યું હતું અનાજ વિતરણ વ્યવસ્થા સમયે ગામના શિક્ષકશ્રી,તલાટી-કમ-મંત્રીશ્રી,સરપંચશ્રી,પોલીસ અને ગામના આગેવાનોએ ઉપસ્થિત રહી વિતરણ વ્યવસ્થાને સફળ બનાવી હતી.

સુરતમાં કોરોના વાયરસના નવા ૯ કેસ પોઝિટિવ નોંધાયા

સુરત શહેરમાં વધુ ૯ લોકોનો ટેસ્ટ પોઝિટિવ આવતા સુરતમાં કુલ ૫૫૨ કેસ : નવા દર્દીઓના પરિવારજનો કોરન્ટાઈન કરાયા

સુરત

કોરોના વાયરસની મહામારીને કાબુમાં લેવા માટે સુરત મહાનગરપાલિકાનું સમગ્ર આરોગ્ય તંત્ર ધનિષ્ઠ કામગીરી કરી રહ્યું છે. પરંતુ વધુને વધુ કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓ નોંધાઈ રહ્યા છે. ગઈકાલે સાંજે સાત વાગ્યા સુધીમાં કોરોના પોઝિટિવના કુલ ૫૪૩ દર્દીઓ નોંધાયા હતા. ત્યારબાદ આજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં વધુ કોરોના વાયરસ પોઝિટિવના ૯ દર્દીઓ નોંધાયા હતા. આ તમામ નવા દર્દીઓને સરકારી કોરન્ટાઈનમાં સારવાર આપવામાં આવી રહી છે.

સુરત મહાનગર પાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ આ નવ પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવેલા પરિવારજનો સહિતનાનું ટ્રેસિંગ કરીને ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેઓને હોમ કોરોન્ટાઈનમાં રહેવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે.

ગઈકાલ સુધીમાં કોરોના વાયરસ ધરાવતા દર્દીઓ પૈકી ૧૯ના મૃત્યુ થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં એકપણ મૃત્યું નોંધાયું નથી.

દરમિયાન કોરોના વાયરસ પોઝિટિવ ધરાવતા હાલ સરકારી કોરોન્ટાઈનમાં રખાયેલા પાંચ દર્દીઓનો સમયાંતરે કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. સંપૂર્ણ રીતે કોરોના વાયરસથી મુક્ત થનારા દર્દીઓને રજા આપવામાં આવી રહી છે.

કોરોના કેસ નોંધાતા ઉમરપાડાના ગામની મુલાકાત લેતા મંત્રી વસાવા

કોરોના સંક્રમણ અટકાવવા લીધેલા પગલાંઓ અને આરોગ્યલક્ષી કામગીરીની સમીક્ષા કરી

સુરત

વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ માંગરોળ તાલુકાના બોરીયા તેમજ ઉમરપાડા તાલુકાના ચોખવાડા અને ખોડાઆંબા ગામમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાતા આ ગામોની રૂબરૂ મુલાકાત લઇ જિલ્લા આરોગ્ય અધિકારી સાથે આરોગ્ય વિભાગે લીધેલા પગલાંઓ અને આરોગ્યલક્ષી કામગીરીની સમીક્ષા કરી હતી.

મંત્રીશ્રીએ અગ્રણી શ્રી દિલિપસિંહ રાઠોડ અને આ ગામોના સરપંચશ્રી અને આગેવાનો સાથે જરૂરિયાતમંદ પરિવારોને સાબુ, ફેસમાસ્ક, અનાજ કરિયાણા તથા જીવન જરૂરિયાતની કીટનું વિતરણ કર્યું હતું.

ઉપરાંત પોલિસ અધિકારીઓ સાથે મુલાકાત કરી લોકડાઉન સંદર્ભે કાયદાકીય પરિસ્થિતિની પણ ચર્ચા કરી હતી. પોઝિટીવ કેસો ધરાવતાં ગામોને ક્લસ્ટર કોરોન્ટાઈન કરવામાં આવતાં ગામના આગેવાનો સાથે મંત્રીશ્રીએ ગ્રામજનોમાં વધુ સંક્રમણ ન થાય એ માટેની તકેદારી અને ગંભીરતા બાબતે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. તેમજ ગામોમાં સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તે જોવા ખાસ અનુરોધ કર્યો હતો.

કુંભારિયા આર્યુવેદ દવાખાના દ્વારા સતત ઉકાળાનું વિતરણ

કોરોના સામે લડવા માટેનો ઉપાય એટલે રોગપ્રતિકારક શક્તિ વધારવી

સુરત

કોરોના વાયરસના દિન-પ્રતિદિન વધી રહેલા સંક્રમણ સામે લડવા માટે આયુષ મંત્રાલય દ્વારા લોકોની રોગ પ્રતિકારક શકિત વધે તે માટે સૂરત શહેરમાં જીલ્લા પંચાયત હેઠળના આયુર્વેદ દવાખાના કુંભારિયાના મેડીકલ ઓફિસર ડો. ઘનશ્યામ ભાઈ પટેલ અને જીલ્લા આયુષ અધિકારી ની કચેરી આયુર્વેદ શાખાના સંયુક્ત ઉપક્રમે કોરોના વાઇરસ સામે રોગ પ્રતિકારક શકિત વર્ધક આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

પુણા ગામ, યોગી ચોક અને કુંભારિયા ગામની આજુબાજુ ની ૫૦ કરતા વધું સોસાયટીઓમાં છેલ્લા દોઢ મહિના દરમિયાન ૭૫૦૦૦થી વધુ લોકોને આયુર્વેદિક ઉકાળાનું કરવામાં આવ્યું છે. સુરત શહેરમાં આવેલા કાપોદ્રા અને સરથાણા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને પણ રોગ પ્રતિકારક શકિત વર્ધક આયુર્વેદીક ઔષધિ સંશમની વટી અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉકાળામાં તુલસી પત્ર,અરડૂસીનાં પાન, ફુદીનો, ગળો, મહા સુદર્શન ચુર્ણ, દશમૂળ કવાથ, પથ્યાદી કવાથ, ભારન્ગ્યાડી કવાથ, ત્રીકતું ચુર્ણ જેવા રોગ પ્રતિકારક શકિત વર્ધક આયુર્વેદીક ઔષધિઓનો ઉપયોગ કરી આયુષ વિભાગની કચેરી ગાંધીનગરની ગાઈડ લાઈન મુજબ ઉકાળો બનાવીને તેનું વિતરણ કરીને લોકોને લાભ આપવામાં આવી રહ્યો છે.

કેન્દ્રીય ટીમના વડા જી. અશોમકુમારે અક્ષયપાત્ર કિચનની મુલાકાત લીધી

સુરત

સૂરત શહેરનો મીજાજ રહ્યો છે કે, ગમે તેવી કપરી પરિસ્થિતિ વચ્ચે પણ ખડેપગે ઉભું રહ્યું છે. તે પછી પ્લેગ હોય કે પૂરની સ્થિતિ હોય ગમે તેવી વિકટ સંજોગોમાં શહેરના દરિયાદિલ દાતાઓએ દાનની સરવાણી વહાવી છે. આજે કોરોના વાયરસની મહામારી વચ્ચે શહેરમાં વસતા લાખો શ્રમિકો, ઘરવિહોણા લોકોને બે ટંકનું અન્નદાન કરીને પૂણ્યનું કાર્ય કરી સમગ્ર દેશમાં દાખલો બેસાડયો છે. તેવા સમયે ભારત સરકારના કેન્દ્રીય ટીમના વડા અને જળશક્તિ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી જી. અશોમ કુમારે સૂરત શહેરમાં જિલ્લા વહીવટીતંત્ર, મહાનગરપાલિકા તથા સ્વૈચ્છિક સંસ્થાઓ, દાતાઓ દ્વારા લાખોની સંખ્યામાં ભૂખ્યાજનો, પરપ્રાંતિય વિસ્તારના શ્રમિકો, નિરાધાર વૃધ્ધો માટેની ભોજનની વ્યવસ્થાના કેન્દ્રોની મુલાકાત લીધી હતી.

પ્રથમ શ્રી અશોમકુમારે મહાનગરપાલિકાના માધ્યમથી સંચાલિત અક્ષયપાત્રના કિચનની મુલાકાત લીધી હતી. અક્ષયપાત્રના કિચનમાં રોજ ૧.૨૬ લાખ લોકો માટે ભોજન તૈયાર કરીને શહેરના જુદા જુદા વિસ્તારોમાં જરૂરીયાતમંદો સુધી પહોચાડવામાં આવી રહ્યું છે. પાંચ હજારથી શરૂ કરીને આજે ૧.૨૬ લાખથી વધુ લોકો માટે અત્યાધુનિક મશીનરી સાથે ૩૦૦ વ્યકિતઓના સ્ટાફ સાથેની વ્યવસ્થાને નિહાળી શ્રી અશોમકુમારે સંતોષની લાગણી વ્યકત કરી હતી. અડાજણ વિસ્તારમાં ધારાસભ્યશ્રી પૂર્ણેશમોદી તથા ડેપ્યુટી મેયરશ્રી નિરવ શાહ તથા અન્ય અગ્રણીઓના સહયોગથી ચાલી રહેલા અડાજણ વિસ્તારમાં કતારેશ્વર મહાદેવ મંદિર, સીટીયર સીટીઝન મલ્ટીપર્પઝ હોલ ખાતે રોજના ૫૦૦૦ની વધુ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે જેની પણ મુલાકાત લઈ શ્રી અશોમકુમારે જણાવ્યું હતું કે, સૂરત શહેરમાં રોજ લાખો ભુખ્યાજનોની જઠરાગ્નિ પ્રદિપ્ત કરવાનું કાર્ય થઈ રહ્યું છે જે આખા દેશમાં બેમિશાલ છે. સરકારની સાથે મળીને સ્વૈચ્છિક સંસ્થાઓ, દાતાઓ દ્વારા ભોજનની વ્યવસ્થાને નિહાળીને સૌ કોઈને અભિનંદન પાઠવ્યા હતા.

લોકડાઉનમાં બિનજરૂરી રખડતા લોકો સામે સુરત અને રાજકોટ પોલીસ દ્વારા કડક કાર્યવાહી



સુરત

ગુજરાતમાં કોરોના મહામારીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે કોરોનાને લઈને દેશભરમાં ૩ મે સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. તેમ છતાં લોકડાઉન દરમિયાન લોકો બિનજરૂરી બહાર નિકળતાં હોય છે. ત્યારે પોલીસ દ્વારા બિનજરૂરી નિકળતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ગુજરાતમાં આજે સુરત અને રાજકોટ ખાતે પોલીસ દ્વારા લોકડાઉનમાં બહાર નીકળતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

કોરોનાને લઈને હાલ રાજ્યમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જો કે તેમ છતાં લોકડાઉન દરમિયાન બિનજરૂરી બહાર નીકળતા હોય છે. જો કે પોલીસ દ્વારા લોકડાઉન દરમિયાન બહાર નિકળતા લોકો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે. સુરત શહેરમાં છેલ્લા ૪ દિવસમાં ૪ હજારથી વધુ વાહનો જપ્ત કરવામાં આવ્યાં છે. શહેરમાં લોકો આવશ્યક ચીજ વસ્તુઓ ખરીદવાના બહાના કરીને લોકો બહાર નીકળતા હોવાનું સામે આવ્યું છે. જો કે આજ સવારથી પોલીસે તમામ ચાર રસ્તા પર કામગીરી શરૂ કરી છે. પોલીસ દ્વારા આજે પણ મોટી સંખ્યામાં લોકોને રોકવામાં આવે છે.

ગુજરાતમાં કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનમાં લોકો બિનજરૂરી ઘરની બહાર નીકળતાં હોય છે. જો કે કોરોનાના વધતા કહેર વચ્ચે સરકાર દ્વારા સાવચેતી રૂપે માસ્ક પહેરાવનું ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમ છતાં સૌરાષ્ટ્રમાંથી તંત્ર દ્વારા માસ્ક નહીં પહેરનારા ૩૮૦૨ લોકો પાસેથી ૧૭ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. રાજકોટમાં ૧૪ દિવસમાં ૧૨૮૩ લોકો પાસેથી ૧૨.૮૩ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. આમ માસ્ક ફરજિયાત હોવા છતાં બેદરકાર લોકો સામે મનપાએ કડક કાર્યવાહી કરી છે.

સરકારી આયુર્વેદ વિભાગ કાલિયાવાડીના અધિકારી/કર્મચારીઓનું કરાયેલું સન્માન

નવસારી

નવસારી કાલિયાવાડી ખાતે કાર્યરત આયુર્વેદ અને હોમીયોપેથી દવાખાના દ્વારા વાયરસ સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા ઉકાળો તેમજ દવાનુ નિયમિત વિતરણ કરવામાં આવે છે. સરકારી આયુર્વેદ વિભાગના કર્મચારીઓ કોરોના યોદ્ધા બની પ્રજાને આરોગ્યલક્ષી રક્ષણ પુરૂ પાડી પ્રશંસનીય કામગીરી કરી રહયાં છે.

જે અનવ્યે ક્ષય રકતપિત્ત મંડળ ગણદેવીના પ્રમુખ શ્રી લક્ષ્મીચંદ શાહ, મંત્રીશ્રી અરવિંદભાઈ, પૂર્વ પ્રમુખ શ્રી પરેશભાઈ, સામાજિક કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ દરબાર, સભ્ય શ્રી બળવંતભાઈ ચૌહાણ દ્વારા હોસ્પિટલના સ્ટાફ અને અને અધિકારી/કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઋતુસંધિકાળમાં થતા કફ વાયુજન્ય સંક્રામક રોગ જેવા કે શરદી, ખાંસી, તળાવ, વિષાણું (કોરોનો વાયરસ) જેવા રોગોથી બચવા સરકારી આયુર્વેદ હોસ્પિટલ કાલિયાવાડી, નવસારી ખાતે વિનામૂલ્યે આયુર્વેદ ઉકાળા તથા હોમિયોપેથિક દવાઓનું વિતરણ વિનામૂલ્યે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યે કરવામાં આવશે. જેની જાહેર જનતા તથા સંસ્થાઓને લાભ લેવા જણાવાયું છે.

સેવા ભાવિક યુવકને એવોર્ડથી સન્માનિત કરાયા

અંકલેશ્વર

હાલ કોરોનાવાયરસ ની મહામારીમાં સતત જરુરિયાત મંદો માટે કાર્યરત એવા તમામ લોકોનો વૈશ્વિક સ્તરે અભ્યાસ કરીને તેઓની કામગીરીને બિરદાવવામાં આવે છે. આવા જ એક સેવાભાવી યુવાન અંકલેશ્વરના અનુરાગ પાંડેને પણ સન્માનિત કરવામાં આવ્યા છે કોરોના રોગચાળાના કપરા સમયમાં અનુરાગ પાંડે દ્વારા કોરોના યોદ્ધા તરીકે કરવામાં આવેલ તેના સકારાત્મક સમર્થન માટે તેમને સ્ટાર -૨૦૨૦ના 'વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ'ના 'ઓનલાઈન સર્ટિફિકેટમાં' સમાવેશ કરવામાં આવ્યો છે. અનુરાગ પાંડેને આ પ્રમાણપત્ર ઓનલાઈન આપવામાં આવ્યું હતું. ખુશીની વાત છે કે આ પ્રમાણપત્ર સદીના મહાનુભાવો અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર, બપ્પી લાહિરી અને વડોદરાના સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટને પણ આપવામાં આવ્યું છે. બ્રિટિશ સાંસદ વીરેન્દ્ર શર્મા, બ્રિટીશ સાંસદ આલોક શર્મા, ઈંગ્લેંડના અધ્યક્ષ ડો.દિવકર સુકુલ અને સ્પીકર સંતોષ શુક્લા (એડવોકેટ - સુપ્રીમ કોર્ટ) એ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સન્માનિત થવા બદલ અનુરાગ પાંડેને શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે કે અનુરાગ પાંડે જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ સામાન્ય દિવસોમાં પણ આરોગ્ય શૈક્ષણિક તેમજ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તરફ પોતાનું મહત્તમ યોગદાન આપે છે. ત્યારે આ સમયગાળા દરમિયાન કોરોનાની મહામારીને જોતા જરૂરિયાત મંદોને અનાજની કીટનું વિતરણ ઉપરાંત પોલીસ કર્મીઓ માટે mast સહિતની પણ તમામ જરૂરિયાતો તેઓએ પૂર્ણ કરી છે.

સમપર્ણ ધ્યાન યોગ પરિવાર દ્વારા ઘઉં અને ચોખાનું વિતરણ

ગરીબ લોકોને મોટી માત્રામાં અન્ન વિતરણ કરાયું

નવસારી

વર્તમાન સમયમાં કોરોના મહામારીએ સમગ્ર વિશ્વ પર પોતાની પક્કડ જમાવી છે અને તેને નાથવા સમગ્ર દેશમાં લોકડાઉનનું પાલન કરવામાં આવી રહયું છે, આવા સમયમાં રોજે રોજનું કમાઈને ગુજરાન ચલાવનાર લોકોની મદદ કરવા સામાજીક-સ્વૈચ્છિક/ધાર્મિક સંસ્થાઓ કાર્યરત છે.

કોરોનાના આવા કપરા સમયે સરકાર સાથે- સાથે સમાજની સેવાભાવી સંસ્થાઓ, શ્રેષ્ઠીઓ પણ આગળ આવ્યા છે અને સમાજના છેવાડે રહેલા લોકોને વધુને વધુ કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે માટે અનાજ, તેલ, મીઠું જેવી જીવનજરૂરી વસ્તુઓનો પુરવઠો પૂરો પાડીને તેમનું ઘર અને રસોડું ચાલે તે માટે સેવારત છે.

આવા પરિવારોને મદદ કરવાની ભાવના સાથે ધાર્મિક સંસ્થાઓ પણ સરકાર સાથે ખભે ખભા મિલાવીને આ સેવાકીય પ્રવૃત્તિમાં સહકાર આપી રહી છે.

આવી જ એક સંસ્થા સમર્પણ ધ્યાન યોગ સંસ્થા દ્વારા રાશન કીટ બનાવી ગરીબ લોકોને મદદરૂપ થવા માટે ૩ ટન ચોખા અને ૩ ટન ઘઉંનો જથ્થો શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પ્રેરણાથી બાબાસ્વામી ધામ, મોગર અને સમર્પણ ધ્યાન યોગ પરિવાર, નવસારી દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે.

સુરત લોકડાઉનમાં સામે આવ્યું એકતાનું પ્રતિક

સુરતના હિન્દુ-મુસ્લિમ યુવાનો ૩૧ દિવસથી ૧૦૦૦ લોકોને કરાવે છે ભોજન

સુરત



જો સેવાના સાગરમાં પવિત્ર થવાનો અવસર સામે હોય અને હું લોકડાઉન રહું તો મનુષ્ય જીવનનું ઋણ પણ કેમ ચૂકવી શકીશ એવી ભાવના રાખતા ઉધના યાર્ડ ભાવના નગરના હિન્દુ-મુસ્લિમ યુવાનો છેલ્લા ૩૧ દિવસથી રોજ લગભગ ૧૦૦૦ લોકોને પોતાને હાથે બનાવેલું ભોજન ખવડાવી રહ્યા છે. એટલું નહીં પણ પવિત્ર રમઝાન માસના ઉપવાસમાં ૧૫ કલાક સુધી પાણીથી પણ દૂર રહેતા આ મુસ્લિમ યુવાનો ૪૦-૪૧ ડીગ્રી તાપમાનમાં રસોડું સંભાળી કોમી એકતાનું પ્રતિક બની ગયા છે. ભોજન પર કોઈ જ્ઞાતિનું લેબલ નથી લાગેલું, એ માત્ર ભૂખ્યાનું પેટ ભરે છે, કોઈ પણ સરકાર પોતાના દેશના નાગરિકોને ભૂખ્યા સુતા નથી જોઈ શકતી તો અમે તો ભારતીય છે. અમારા વિસ્તારમાં આ મહામારી અને લોકડાઉન વચ્ચે કોઈ ભૂખ્યું કેમ સુઈ જાય એ ધ્યાન રાખવાની જવાબદારી નિભાવી રહ્યા છે આ યુવાનોએ આવું કહી દરેક સમાજમાં માનવતાની મહેક ફેલાવી દીધી છે.

પરવેજભાઈએ જણાવ્યું હતું કે, સુરતમાં કોરોના વાઈરસના પહેલા કેસ બાદ તાત્કાલિક લોકડાઉન કરી લોકોને ઘરમાં રહેવાની સૂચના આપી દેવાઈ હતી. જેને લઈ રોજ કમાઈને ખાતા ગરીબ પરિવારો માટે પેટીયુ ભરવું જીવન સામે એક ચુનોતી બની ગઈ હતી. ૨૪ કલાકમાં જ લોકોની લાચારી આંખે સામે દેખાવવા લાગી હતી પણ તેઓ કોઈને કહી શકતા ન હોવાનું પણ જોઈ રહ્યા હતા. બસ ત્યારે જ હૃદયથી અવાજ આવ્યો કંઈ કરવું જોઈએ આ તમામ લોકો માટે એટલે મિત્રોને વાત કરી અને તમામ તૈયાર થઈ ગયા હતા. પહેલા દિવસે ૧૦૦૦ લોકોનું રસોડું ઉભું કરવું એટલે જાણે લોખંડના ચણા ખાવા જેવી વાત હતી.

તમામ સામગ્રીઓ ભેગી કરવી જેવી કે વાસણ, બળતણ માટે લાકડા, શાકભાજી, ચોખા, મસાલા વગેરે વગેરે, જોકે તમામ મિત્રોએ પોતાની જવાબદારીનું કામ સંભાળી લીધું તો સાંજે ૪ વાગે રસોડું ઉભું કરી તમામ મિત્રો રસોઈ બનાવવામાં મંડી પડ્યા હતા. સાંજે સાત વાગ્યા સુધીમાં રસોઈ તૈયાર અને ત્યારબાદ માત્ર એક કલાકમાં જ તમામ મિત્રોએ ટીમ બનાવી ઘરે ઘરે લોકોને ભોજન પહોંચાડી સેવાના કાર્યની શરૂઆત કરી હતી. આજે ૩૧મો દિવસ છે હવે બધું જ સરળતાથી ચાલી રહ્યું છે. અને ખૂબ આનંદ થાય છે કમાઈનો પૈસો પહેલીવાર કોઈ યોગ્ય જગ્યા પર ખર્ચી રહ્યા છે.

૩ મહિલા સહિત ૧૧ નબીરાઓની કરાઈ અટકાયત

વાપી લોકડાઉનઃ ધ સેસન્સ વુમન્સ સલૂન એન્ડ સ્પા સેન્ટરમાં પોલીસના દરોડા

વાપી

જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ હાલ કોરોના મહામારીને અટકાવવા દેશભરમાં લોકડાઉન જાહેર કરી અનાજ કરિયાણા, મેડિકલ, દૂધની દુકાનો સિવાયની દુકાનો ખોલવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તે દરમિયાન અમીધારા કોમ્પલેક્ષમાં ધ સેસન્સ વુમન્સ સલૂન એન્ડ સ્પા બ્યુટી સેન્ટરનો માલિક લક્ષ્મીલાલ ઉર્ફે લાખન સેન બ્યુટી સેન્ટરનું અડધું શટર ખુલ્લું રાખી ઊંચા દામે બાલ,દાઢી અને મસાજ કરી આપતો હોવાની વિગતો મળી હતી. આ બાતમીના આધારે પોલીસે રેડી પાડીને 'ધ સેસન્સ વુમન્સ સલૂન' એન્ડ 'સ્પા બ્યુટી પાર્લર'માં ગ્રાહક, કારીગર મળીને કુલ ૧૧ લોકોની અટકાયત કરી છે. વાપી જીઆઈડીસીના અમીધારા કોમ્પલેકસના લાખન સેનના આ સ્પા અને સલૂનમાં કેટલાક દિવસથી સોશિયલ ડિસ્ટનસિંગના કાયદાનો ભંગ કરીને ગ્રાહકોના બાલ,

દાઢી અને મસાજ કરી આપવામાં આવતા હતા. આ અંગે સોમવારે ઉદ્યોગ નગર પોલીસની ટીમે દુકાનમાં રેડ પાડી દુકાનમાં કારીગરો, ગ્રાહકો અને ૩ મહિલા સહિત કુલ ૧૧ લોકો મળી આવતા તમામની અટકાયત કરવામાં આવી હતી. પાર્લરમાંથી ત્રણ મહિલા પણ મળી આવતાં પોલીસ પણ અચરજમાં મુકાઈ હતી. ઉદ્યોગ નગર પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ તથા ધ ગુજરાત એપેડેમીક એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પકડાયેલ ઇસમોમાં લક્ષ્મીલાલ ઉર્ફે લાખન સેન, અરવિંદ ભગવાન અગ્રવાલ, ગૌરવ મહેન્દ્ર લાલ અગ્રવાલ, મેંહતાબ સલમાની, ગિરીશ દેવીદાસ ખૂબચંદાની, મોહમ્મદ અકબર અલીહસન, જયદીપ દેવરાજ અસ્વાર, દિપક બાહેતી, નેહા કુમારી સિંગ,

કાજલ સિંગ, જહાનારા જુમાલ એહમદ તમામ વાપીના રહેવાસી છે. જેમાં તમામ ગ્રાહકો વાપીની જાણીતી હાઈપ્રોફાઈલ સોસાયટીઓમાં રહે છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેકટર દ્વારા સોમવારે કેટલીક દુકાનોને ખુલ્લી રાખવા શરતોને આધીન પરવાનગી આપી છે. જોકે કોરોના વાઈરસના સંક્રમણને જોતા એકથી વધારે વ્યક્તિઓ ભેગા થઈ શકતા હોય તેવા સલુન, સ્પા અને બ્યુટી પાર્લરને પરવાનગી આપવામાં આવી નથી.

ભરુચમાં કોરોનાના વધુ બે પોઝીટીવ કેસ સામે આવતા કુલ આંકડો ૨૭ પર પહોંચ્યો

ભરૂચના મુંડા ફળિયામાંથી કોરોના વાયરસના બે પોઝીટીવ કેસ મળતા સમગ્ર વિસ્તારને સીલ કરાયો

ભરુચ

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો ભરડો યથાવત છે. ભરૂચમાં કોરોનાના વધુ બે પોઝિટિવ કેસ સામે આવ્યા છે. બંને નવા કેસ ભરૂચના મુંડા ફળિયા વિસ્તારમાંથી સામે આવ્યા છે. જે બાદ તંત્ર દ્વારા સમગ્ર મુંડા ફળિયા વિસ્તારને સીલ કરવામાં આવ્યો છે. નવા કેસ મળીને ભરૂચમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસ ૨૭ પર પહોંચ્યો છે.

૩૧ વર્ષિય ફરહાના ઈર્ષાદ શેખ અને ૧૧ વર્ષીય અશફિયા ઈર્ષાદ શેખ બન્ને ભરૂચના મુંડા ફળિયામાં રહે છે.આ અગાઉ મુંડા ફળિયામાં ૨ પોઝિટિવ કેસ હતાં . બન્નેના મૃત્યુ થયા હતા.મૃતક ઈમરાનના સંપર્કમાં આવેલ અન્ય વ્યક્તિઓના સેમ્પલ લેવાયા હતા જે પૈકી તેના બે પરિવારજનો ફરહાના અને અશફિયાનો રિપોર્ટ પોઝિટિવ આવતા બન્ને ને સ્પેશિયલ COVID જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડાયા છે.લોકલ ટ્રાન્સમિશન થી બન્ને કેસ થયા છે. ભરૂચમાં કુલ ૨૭ પોઝિટિવ કેસ નોંધાયા છે તો અતિયાર સુધી માં ૨ ના મૃત્યુ થયા છે અને ૧૪ લોકો ને ડિસ્ચાર્જ અને કરવામાં આવ્યા છે તો હાલ એક્ટિવ કેસનો આંક ૧૧ ઉપર જોવા મળી આવ્યો હતો.

ગેહલોતજી રાજકારણ ના કરો, તમારા લોકોને આવવાની અનુમતી આપોઃ સી.આર.પાટીલ



સુરત

લોકડાઉનના કારણે દેશના અનેક વિસ્તારોમાં પરપ્રાંતિય લોકો ફસાયા છે. ત્યારે સુરત જિલ્લામાં પણ કેટલાય લોકો ફસાયા છે. જેથી રાજ્યનાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી તેમજ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે સુરત જિલ્લામાં ફસાયેલા બધા લોકોને પોતાના ઘરે જવાની અનુમતી આપી છે ત્યારે જિલ્લાના સાંસદ સી.આર.પાટીલે કહ્યું છે કે,

રાજસ્થાનનાં મુખ્યપ્રધાન અશોક ગેહલોત રાજકરણ કરી રહ્યાં છે અને તેમના લોકો જે સુરતમાં ફસાયા છે તેમને પોતાના વતનમાં આવવાની અનુમતી આપતા નથી. વધુમાં કહ્યું કે હું ગેહલોતને વિનંતી કરૂ છું કે તમે રાજકરણ ના કરો અને લોકહિતનું વિચારો અને તમારા લોકોને આવવા માટે મંજૂરી આપો.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા કલમ-૩૪ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ કલમ-૨ હેઠળનું જાહેરનામું

COVID-19 ની પોઝીટીવ કેસ મળી આવેલ ભરૂચ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૨ માં આવેલ મુંડા ફળીયા, ઢાંગરાવાડ, નાના ડભોઈયાવાડ, ખાટકીવાડ, સૈયદવાડનો સમગ્ર વિસ્તાર COVID-19 : આ જાહેરનામુ તા.૨૮/૦૪/૨૦૧૭ થી તા.૧૧/૦૫/૨૦૨૦ સુધી અમલમાં રહેશે

ભરૂચ

સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારતમાં નોવેલ કોરોના વાયરસ(કોવિડ-૧૯) ફેલાયેલ છે કે જેને WHO ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ(કોવિડ-૧૯) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. કેંન્દ્રિય ગૃહ મંત્રાલયના હુકમથી સમગ્ર દેશમાં તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી લોકડાઉન લંબાવવામાં આવેલ છે જે અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામાથી લોકડાઉન લંબાવવા જરૂરી સુચના આપવામાં આવેલ છે. ભરૂચ જિલ્લાના ભરૂચ શહેરમાં પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ છે. ભરૂચ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૨ માં આવેલ મુંડા ફળીયા, ઢાંગરાવાડ, નાના ડભોઈયાવાડ, ખાટકીવાડ, સૈયદવાડનો સમગ્ર વિસ્તાર "COVID-19 Containment Area" તરીકે જાહેર કરવામાં આવેલ. આ વિસ્તારમાં નવા પોઝીટીવ કેસ પ્રકાશમાં આવેલ હોય આ વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે લોકોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવવાની જરૂરીયાત જણાય છે.

ભરૂચ કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ. એમ.ડી.મોડિયાએ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૨૯(૨) મુજબ તેમજ ધી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ કલમ-૨ અન્વયે મળેલ સત્તાની રૂ એ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ નીચે દર્શાવેલ કૃત્ય ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. (૧) નીચે જણાવેલ વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવે છે.

COVID-19 ની પોઝીટીવ કેસ મળી આવેલ ભરૂચ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૨ માં આવેલ મુંડા ફળીયા, ઢાંગરાવાડ, નાના ડભોઈયાવાડ, ખાટકીવાડ, સૈયદવાડનો સમગ્ર વિસ્તાર. ઉપરોક્ત COVID-12 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ વિસ્તારમાં તમામ પ્રકારની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિગેરે આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમ ડીલીવરીથી તેમના ઘરે પુરૂ પાડવામાં આવશે. (૨) ઉપરોક્ત વિસ્તાર કે જે containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે તે વિસ્તારના આવરી લેતાં મુખ્ય માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાનો રહેશે. આવશ્યક સેવાઓ(તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર કોઈ પણ વ્યક્તિઓની આવન—જાવન પર નિયંત્રણ મુકવામાં આવે છે. ફરમાવવામાં આવે છે.

ખાસ નોંધઃ- અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક-એમેજી/વશી/૩૩૪૪ થી ૩૩૮૩ તા.૧૯/૦૪/૨૦૨૦ તથા એમેજી/વશી/૩૬૪૬ થી ૩૬૭૫, તા.૨૫/૦૪/૨૦૨૦ થી આપવામાં આવેલ પ્રવૃત્તિ અંગેની છુટછાટ તાત્કાલિક અસરથી ઉપરોક્ત જાહેર કરેલ Containment Area માં રદ થયેલ ગણાશે. આ જાહેરનામુ તા.૨૮/૦૪/૨૦૨૦ થી તા.૧૧/૦૫/૨૦૨૦(બન્ને દિવસ સહિત) સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. ભરૂચ જિલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટબલ સુધીનો હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે

આ હુકમ સરકારી ફરજ—કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ-સરકારી એજન્સી, સરકારી/પ્રાયવેટ દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલ વ્યક્તિ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના હુકમનં.૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ) તા.૨૪/૦૩/૨૦૨૦, તા.૨૫/૦૩/૨૦૨૦, તા.૨૭/૦૩/૨૦૨૦, તા.૨૯/૦૩/૨૦૨૦, તા.૦૨/૦૪/૨૦૨૦ તથા તા.૦૩/૦૪/૨૦૨૦ ના હુકમથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે તેવા વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહી એમ જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ. એમ.ડી.મોડિયાએ એક જાહેરનામા દ્વારા જણાવ્યું છે.

સુરતમાં વતન જવા પરપ્રાંતીયોની નોંધણી કરાવવા ૩ કિમી લાંબી લાઈન લાગી



સુરત

લોકડાઉનને પગલે પરપ્રાંતીય મજૂરોની હાલત કફોડી બની છે. આ માટે હવે વિવિધ રાજયની સરકારો સક્રિય બની છે અને તબક્કાવાર પૂરતી સુરક્ષા સાથે કારીગરોને વતન પણ બોલાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સુરતમાં પરપ્રાંતીય કામદારોએ વતન જવા માટે નોંધણી કરાવવા માટે ત્રણ કિલોમીટર લાંબી લાઈન લગાવી દીધી હતી. નવસારીના સાંસદ સી.આર.પાટીલના કાર્યાલય બહાર આ લાંબી લાઈનો લાગી હતી.

સોસ્યો સર્કલ ખાતે સાંસદની ઓફિસ આવેલી છે. અહીં વહેલી સવારે ચાર વાગ્યાથી જ પરપ્રાંતીય કામદારો લાઈનમાં ઉભા રહી ગયા હતા. સી.આર.પાટીલ પરપ્રાંતીય લોકોને વતન જવા માટે ફોર્મ ભરાવી આપતા હોવાથી તમામ લોકોએ વતન જવા માટે લાઈનો લગાવી છે. લોકડાઉને કારણે કામ અને ધંધા બંધ છે જેનાથી કમાણી નથી થઈ રહી, ઉપરાંત જમવાની પણ તકલીફ પડી રહી હોવાનું જણાવી આ કામદારો હવે વતન જવા માટે ઉતાવળા બન્યા છે.

બીજી તરફ કેટલાક કામદારો હવે પગપાળા જ વતન જવા માટે નીકળી પડ્યા છે. સુરતના પાંડેસરાના દક્ષેશ્વરનગરમાં આવેલી ડાઈંગ મીલમાં કામ કરતા ૬૦ જેટલા કામદારો પગપાળાન જ વતન જવા માટે નીકળ્યા હતા. પાંડેસરામાં ખાવાની તકલીફ પડી રહી હોવાનું જણાવી તમામ લોકો રાત્રે ૧૦ વાગ્યે સુરતના પાંડેસરાથી પગપાળા ચાલતા થયા હતા. આ તમામ લોકો ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના હોવાનું જાણવા મળ્યું છે. જોકે, બારડોલીના સુરતી જકાતનાકા પાસે આ તમામ લોકોને પોલીસ અટકાવ્યા હતા. જે બાદમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

દક્ષિણ ગુજરાતમાં દરિયાઈ પવન ફુંકાતા તાપમાનમાં ભારે રાહત

સુરતમાં પણ પારો ગગડી જતા તાપમાન નીચું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજની વાદળછાયા વાતાવરણ વચ્ચે હવામાનમાં પલટો આવતા તાપમાનમાં સામાન્ય કરતા ૩થી ૪ ડિગ્રીનો ઘટાડો થતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી હંગામી રાહત મળી રહી છે. સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૨ ડિગ્રી નોંધાયુ હતું આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૬.૨ ડિગ્રી નોંદાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧.૨ મિલીબાર નોંધાયુ છે. શહેરમાં સવારથીજ પચ્છિમ દિશાથી કલાકના સરેરાશ ૪ કિલોમીટરની ઝડપે દરિયાઈ ભેજવાળો પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ અધકતમ તાપમાન ૩૩ ડિગ્રી અને આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયુ છે.

દક્ષિણ ગુજરાતના હવામાનમાં આવેલા પલટાથી ઉનાળામાં ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. એક બે દિવસ બાદ આકરો તાપ નિકળે તેવી શકયતા છે.

નવસારીમાં લોકડાઉનના ભંગ બદલ વધુ ૧૬૪ વાહનો ડીટેઈન

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તા.૨૬ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૦૦ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૨૦ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૧૬૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૨૬ એપ્રિલ સુધીમાં કુલ ૬,૨૮૭ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૬,૯૦૭ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

નવસારી જિલ્લામાં ૧૩,૧૪,૧૧૬ લોકોનો સર્વે હાથ ધરાયો

નવસારી જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૭/૦૪/૨૦૨૦ના રોજ ૪૪ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૦૮, જલાલપોર-૦૮, ગણદેવી- ૧૦, ચીખલી- ૦૩, ખેરગામ-૦૬, વાંસદા- ૦૯ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૮૪૪ સેમ્પલ પૈકી ૭૮૩ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૫૭ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. આજે જિલ્લામાં એક પણ પોઝીટીવ કેસ નોંધાયો નથી.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૩,૧૪,૧૧૬ વસ્તીને આવરી લેવામાં આવી છે.

જિલ્લામાં કુલ-૦૩ કોવિડ-૧૯ હોસ્પિટલ છે. જેમાં સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને માન્ય રાખવામાં આવી છે. ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઈસોલેશન બેડ તથા ૩૦ આઈ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૪ પોઝીટીવ કેસ નોંધ્યાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરતમાં રહેતા ઉત્તર પ્રદેશના શ્રમિકો માટે મોટો નિર્ણય

સુરતમાં ફસાયેલ યુપીના મજૂરોને વતન મોકલવા બસની કરાઈ વ્યવસ્થા

સુરત

સુરતમાં ટેક્સટાઈલ, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝને કારણે મોટી સંખ્યામાં યુપી અને બિહારના લોકો કામ કરતા હોય છે. કોરોના વાયરસને પગલે કરાયેલા લોકડાઉનને કારણે ઉદ્યોગ ધંધો ઠપ્પ થતા આ મજૂરો અટવાયા છે. તેમની આવક પર બ્રેક લાગી છે. જેને કારણે લોકડાઉનના એક મહિનામાં અનેકવાર યુપી બિહારના મજૂરો રોડ પર ઉતરી આવ્યા હતા, અને બેરોજગારી વિશે હલ્લાબોલ કર્યું હતું. ત્યારે સુરતમાં રહેતા ઉત્તર પ્રદેશના શ્રમિકો માટે મોટો નિર્ણય લેવાયો છે. મજૂરોને મોકલવા માટે સુરતથી ઉત્તર પ્રદેશ બસ રવાના કરવામાં આવશે. ૩૭ જેટલા પેસેન્જર ભરેલી બસ ઉત્તર પ્રદેશ જશે. કેન્દ્ર સરકારની મંજૂરી અને રાજ્ય સરકારની સૂચના બાદ જિલ્લા કલેક્ટરે પરમીટ કરી છે.

હાલ લોકડાઉનને પગલે ગુજરાતના વિવિધ શહેરોમાં કામ કરતા શ્રમિકોએ વતન જવાની માંગ કરી છે. લોકડાઉન શરૂ થયાના થોડા દિવસોમાં પણ બેરોજગારીથી અકળાયેલા મજૂરો પગપાળા જ પોતાના વતન જવા નીકળી પડ્યા હતા. ત્યારે હવે સુરતના શ્રમિકોને બસ દ્વારા ઉત્તર પ્રદેશ મોકલવામાં આવશે. તો બીજી તરફ, આજે સુરતમાં રહેતા યુ.પી.ના કેટલાક શ્રમિકો વતન જવા માટે પગપાળા જ ચાલી નીકળ્યા હતા. સુરતના વડોદ વિસ્તારમાં આવેલા ગણેશ નગરની આ ઘટના છે. અનેક શ્રમિકોએ પોતાના વતન જવા માટે ચાલતી પકડી હતી. સમાજના આગેવાનોએ સમજાવા પ્રયાસ પણ કર્યા હતા, તેમ છતાં હતાશ શ્રમિકો માન્યા ન હતા અને પગપાળા વતન જવા નીકળ્યા હતા.

મેરેજ એનિવર્સરી નિમિત્તે ૫,૧૦૦નું યોગદાન આપ્યું

સુરત

કોરોનાની આપત્તિ સામે અત્યારે હિંમતભેર હજારો સેવાભાવી સંસ્થાઓ-લોકો ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની સેવા કરી રહ્યા છે, ત્યારે વિકટ સંજોગોમાં કેટલાંક જાગૃત્ત નાગરિકો રાષ્ટ્ર પ્રત્યેની કર્તવ્યભાવનાને છોડતા નથી. કોરોના સામેની લડાઈમાં સુરતના રહેવાસી રતનલાલજી ભલાવતે પોતાની લગ્ન વર્ષગાંઠની અનોખી ઉજવણી કરી છે. તા.૨૪મી એપ્રિલના રોજ લગ્નજીવનને ૩૫ વર્ષ પૂર્ણ થયા હોવાથી તેમણે પરિવાર સાથે મેરેજ એનિવર્સરીની ઉજવણી કરવાના બદલે કોરોના સામેને લડાઈમાં યથાશક્તિ સહાયરૂપ થવાનું નક્કી કર્યું હતું. જેથી રતનલાલજી અને તેમની પત્નીએ પોતાની પોતાની મેરેજ એનિવર્સરીના દિવસે પોતાની બચતમાંથી દેશને સહાયરૂપ થવાની ભાવનાથી પી.એમ.કેર્સ ફંડમાં રૂ.૫,૧૦૦નું અનુદાન કર્યું હતું. આ અનોખી ઉજવણી દ્વારા તેમણે મેરેજ એનિવર્સરીને યાદગાર બનાવી દીધી છે. તેમણે પોતાની સહાયનો ચેક સાંસદશ્રી સી.આર.પાટીલને અર્પણ કર્યો હતો. સાંસદશ્રીએ ભલાવત દંપતિની આ સેવાકીય ભાવનાને બિરદાવી હતી.

ડિંડોલી ઠાકોરનગર પાસે વહેલી સવારે પોલીસ પર લોકોનો બેફામ પથ્થર મારો

પથ્થરમારામાં બે પોલીસ કર્મચારી ઘાયલઃ પોલીસે આઠ તોફાનીઓ ઝડપી પાડયા



સુરત

સુરતમાં લોકડાઉન વચ્ચે આજે વહેલી સવારે લગભગ ૫.૩૦ કલાકે ડિંડોલી ખાત આવેલા ઠાકોર નગર માં એકા એક પોલી અને સ્થાનિક લોકો વચ્ચે ઘર્ષણ સર્જાતા લોકોએ ભારે પથ્થર મારો કર્યો હતો. લોકોએ મચાવેલા તોફાનને કાબુમાં લેવા મોટી સંખ્યામાં પોલીસના જવાનો મેદાનમાં આવી ગયા હતા . અને માંડ સ્થિતિ થાળે પાડી હતી.ડિંડોલીમાં પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જેમાં લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓ ઘવાયા છે.

વહેલી સવારે ડિંડોલી ઠાકોર નગરમાં શાકભાજી લેવા નીકળેલા ૪-૫ જણાને વાન ના પોલીસ કર્મચારીઓએ ઉભા રાખી દંડાવાળી કરતા મામલો ભડક્યો હતો. આજુબાજુની સોસાયટીના રોષે ભરાયેલા લોકો રાહદારીઓની મદદે દોડી આવ્યા હતા અને પોલીસ સાથે ઘર્ષણ કરતા સામ સામે થઈ ગયા હતા. જેને લઈ રોષે ભરાયેલા લોકોએ પોલીસ પર પથ્થરમારો કરી હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. સવારે સાડા પાંચ વાગ્યો બનેલી ઘટના બાદ ઘેરાઈ ગયેલી પોલીસ કર્મચારીઓની મદદ માટે એસઆરપી, ડિંડોલી અને લિંબાયત પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. લગભગ એક કલાક સુધી ચાલેલા ઘર્ષણ બાદ હાલ મામલો થાળે હોવાનું પોલીસ અધિકારીઓ જણાવી રહ્યા છે. જોકે, આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓ ઘવાયા હોવાનું અને પોલીસ વાહનને નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

નર્મદામાં લોકડાઉનમાં કેટલાક ગામોમાં મુખ્ય રસ્તા બંધ કરાતા ૧૦૮ ને ડિલિવરીના કેસ તેમજ અન્ય દર્દી સુધી પોહચવામાં મુશ્કેલી





ગામના મુખ્ય રસ્તા બંધ નહિ કરવા માટે દરેક ગ્રામ પંચાયતના સરપંચોને પણ સહયોગ આપવા વિનંતી કરી છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

Covid-19 ના કેસનું લોકલ ટ્રાન્સમિશન અટકાવવા સરકાર દ્વારા લોકડાઉન વધારતા નર્મદા જિલ્લા ના કેટલાક ગામોના મુખ્ય રસ્તા બંધ કરી દેવાયા છે,હંમેશા ની જેમ આવી પરિસ્થિતિ માં પણ સતત સેવા આપતી GVK EMRI 108 ને પણ માર્ગો બંધ થતાં ઘણી તકલીફ જણાય રહી છે અને ડિલિવરી ના દર્દી તેમજ બીજી બીમારીઓ થી પીડાતા દર્દીઓને લાવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, કેટલાક ગામો માં મુખ્ય રસ્તાઓ પર વીજ થાંભલા,કાંટા,માટીના ઢગલા, તેમજ પથ્થર નાખી રસ્તા બંધ કરી લોકડાઉનનું પાલન કરવામાં આવી રહ્યું છે ત્યારે નર્મદા gvk emri 108 ના ઇમર્જન્સી મેડિકલ ટેક્નિશ્યન (EMT) તેમજ પાયલોટ (ડ્રાઈવર) એમ્બ્યુલન્સ માંથી નીચે ઉતરી જાતે રસ્તા પરના અવરોધો હટાવી દર્દી સુધી પોહચે છે અને પોતાની સમાજ પ્રત્યેની નિસ્વાર્થ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.આવા સોલ્જર સમાન gvk emri 108 ના ફ્રન્ટલાઈન ના યોદ્ધા emt અને pilotની કામગીરી સાચેજ બિરદાવવા લાયક છે.

નર્મદા gvk emri 108 જિલ્લાના તમામ નાગરિકોને ઘરમાં રહી સુરક્ષીત રહેવાની અપીલ કરે છે તેમજ આ રીતે ગામના મુખ્ય રસ્તા બંધ નહિ કરવા માટે દરેક ગ્રામ પંચાયતના સરપંચોને પણ સહયોગ આપવા વિનંતી કરે છે જેથી covid-19 કે તે સિવાયની અન્ય બીજી કોઈ પણ emergency ડિલિવરી કેસ તેમજ અન્ય બીમારીને gvk emri 108 દ્વારા સમયસર હોસ્પિટલ ખસેડી તેમનો પણ જીવ બચાવી શકાય.

રાજપીપળાના મોતીબાગ ખાતે ચાલતાં જુગારધામ ઉપર એલ.સી.બી નર્મદા એ રેઈડ કરી ત્રણને દબોચ્યા



નર્મદા એલ.સી.બી.ની લોકડાઉન દરમિયાન નોંધપાત્ર કામગીરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ના મોતી બાગ મા કેટલાંક વ્યક્તિઓ ટોળાં વળી ને જુગાર રમતા હોવાની બાતમી મળતાં પોલીસ અધિક્ષક હિમકર સિંહ ની સુચના અને એલ.સી.બી પો.ઈ.એ.એમ.પટેલ ના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ ગામીત અને સ્ટાફે મોતીબાગ મા રેઈડ કરતાં જુગારીયાઓ મા નાસભાગ મચી જવા પામી હતી, સ્થળ ઉપર જુગાર રમતા સાત જુગારીયાઓ પૈકી(૧) તારાબેન ગુરુજી વસાવા, રહે લિમડાચોક મોતીબાગ (૨) ગણેશ ચંદુભાઈ માછી રહે.લિમડાચોક (૩)ધર્મેન્દ્ર કીશોરભાઈ માછી રહે,લિમડાચોક રાજપીપળા, ઝડપાઈ જવા પામ્યાં હતા અને બિજા ત્રણ જુગારીયાઓ (૧) અલકેશ પરસોતમ વસાવા રહે ખારા ફળીયા (૨) નામશરણ ચુનીલાલ સિકલીગર,રહે વિશ્વકર્મા મંદિર પાસે (૩) રાજુભાઈ હિમ્મત ભાઈ માછી રહે.ભાથીજી મંદિર પાસે લિમડાચોક,રાજપીપળા સ્થળ ઉપર થી નાસી છુટ્યા હતાં તેમની શોધખોળ ચાલુ છે.

રેઈડ દરમિયાન પકડાયેલાં વ્યક્તિઓ પાસે થી દાવ ઉપર લાગેલાં અને અંગ જડતી મા મળી આવેલાં કુલ રુ.૧૨,૮૯૦/- તથા મુદ્દામાલ પેટે ત્રણ મોબાઈલ કીમત રુ ૭૫૦૦ મોબાઈલ આમ કુલ મુદ્દા માલ રુ૨૦,,૩૯૦/- કબજે કરવામા આવ્યો હતો.આમ નર્મદા જીલ્લા એ આ અંગે જુગાર ધારા ની કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળ ની કાર્યવાહી શરુ છે.

ડેડીયાપાડાના શીશા ગામની સસ્તા અનાજની દુકાનમાં ગેરરીતિ બાદ માલસામાન ટ્રાન્સફર કરાતા એક પર વહેમ રાખી દાદાગીરી કરનાર આઠ વિરુદ્ધ ફરિયાદ

સરકાર ની મફત અનાજ યોજનામાં નર્મદાની કેટલીક દૂકનાના સંચાલકો દ્વારા ઓછું અનાજ આપ્યાની ફરિયાદ બાદ અન્ય દુકાનો સાથે શીશા ગામની દુકાનનો પરવાનો પણ મોકૂફ કરી અન્યત્ર ટ્રાન્સફર કરાઈ હતી.

ગામના અન્ય એક વ્યક્તિ એ પુરવઠાના ઉપરી અધિકારી જાણ કરી શીશા ગામના સંચાલકની દુકાન અન્યત્ર ટ્રાન્ફર કરાવી હોવાના વ્હેમે મારક હથિયાર વડે હુમલા નો પ્રયાસ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લા ના ડેડીયાપાડા તાલુકાના શીશા ગામમાં સસ્તા અનાજની દુકાન ચલાવતા સંચાલકે ગામના એક વ્યક્તિ પર વહેમ રાખી મારી નાંખવાના ઈરાદે હથિયાર લઈ હુમલો કરવાનો પ્રયાસ કરતા આઠ વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ શીશા ગામમાં સસ્તા અનાજની દુકાન ચલાવતા રમેશભાઈ ગીમલીયાભાઈ વસાવાની દુકાન થોડાક દિવસ પહેલા ઓછું અનાજ આપવા બાબતે ફરિયાદ બાદ તપાસ માં ગેરરીતિ જાણાતા તંત્રએ અન્ય દુકાનો સાથે શીશા ગામની દુકાનનો પરવાનો પણ ૩૦ દિવસો માટે મોકૂફ કરી આ દુકાન માલસામોટ ગામે ટ્રાંસફર કરી હતી જેથી ઉપરી અધિકારીને ગામમાં રહેતા



આરોપી હાથમાં કુહાડી લઈ આવી પોતાને દશ વર્ષની જેલ થશે તો કોઈ વાંધો નથી પણ તને મારી નાંખવો છે તેવી જાનથી મારી નાંખવાની ધમકી આપી

રાયસિંગભાઈ લક્ષમાભાઈ વસાવા જાણ કરી ટ્રાન્ફર કરાવી હોવાનો સંચાલકે વહેમ રાખી દુકાન સંચાલક રમેશ વસાવા એ વોટ્સએપ ગ્રુપમાં મેસેજ મોકલી લખ્યું કે રાયસિંગભાઈ લક્ષમાભાઈ વસાવા કોણ છે જે દુકાને આવીને ચોખવટ કરી જાય તેવો મેસેજ તેના મો.નં. ઉપરથી કરતા વોટસ એપ મેસેજ ફરીયાદીએ વાંચી આ બાબતે તેની દુકાને પૂછવા જતા તેને ગમે-તેમ ગાળો આપી તે ઉપરી અધિકારીઓને જાણ કરી છે જેથી અમારી દુકાન બંધ થઈ ગઈ છે તેમ જણાવતા નિતેશ ટેમરીયા ભાઈ વસાવા અને રમેશ ગીમલીયાભાઈ વસાવાનું ઉપરાણ લઈ બાકીના લોકો પૈકી દમણીયા ગીમલીયાભાઈ વસાવા,રવિ ટેમરીયા વસાવા,જાતર ડુસીયાભાઈ વસાવા, યોગેશ અજમાભાઈ વસાવા,ઉમેશ જાતરીયા વસાવા અને જાતરીયા દમણીયાભાઈ વસાવા (તમામ.રહે,શીશા) ત્યાં દોડી આવી ગમે તેમ ગાળો બોલી જાતરીયા વસાવા હાથમાં કુહાડી લઈ આવી કહેવા લાગ્યો કે પોતાને દશ વર્ષની જેલ થશે તો કોઈ વાંધો નથી પણ તને મારી નાંખવો છે તેમ જણાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી બધા એક સંપ થઈ મારક હથિયાર રાખી ગુનો કરતા આ બાબતે રાયસિંગભાઈ વસાવા એ આ આઠ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળા વડ ફળિયામાં પાણીમાં સાપના કણ નીકળતા પાલીકાના મુખ્ય અધિકારીએ ત્વરિત પગલાં લેવડાવ્યા



જોકે સ્થાનિકના ઘરની લાઈનમાં તકલીફ હોવાથી સાપના કણ નીકળવા છતાં પાલીકા ટિમ દ્વારા ચેક કરાયુ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના વડફળિયા વિસ્તારમાં સોમવારે એક ઘરના પાણીના નળ માં સાપના કણ નીકળતા ભારે ઓહાપોહ થયો હતો ત્યારબાદ આ બાબત પાલીકા ના મુખ્ય અધિકારી જયેશ પટેલ પાસે પહોંચતા જ તેમને તાત્કાલિક ટીમને વડ ફળીયા મોકલી હતી પરંતુ જે ઘરના નળ માં સાપના કણ નીકળ્યા તેની આસપાસ ના ઘરો માં આવી કોઈ ફરિયાદ ન હોવાનું પાલીકા ટિમ ને જાણવા મળવા છતાં મંગળવારે સવારે ચીફ ઓફિસર જયેશ પટેલ ની સૂચના મુજબ પાલીકાની વોટર વર્ક્સ ટીમે ત્યાં જઈ આસપાસ ની લાઈનો ખોદી જ્યાં પણ લીકેજ કે શંકાસ્પદ લાઈન જણાઈ ત્યાં સમારકામ કર્યું હતું.

જોકે મુખ્ય અધિકારી જયેશ પટેલે આ બાબતે જણાવ્યું કે આ રજુઆત જ ખોટી હતી.મકાન માલિક ના ઘરના પાણીના કનેક્સન માંજ તકલીફ હતી બાકીના ઘરોમાં ચોખ્ખું પાણી આવતું હતું.છતાં મે ટિમ મોકલી ચેક કરાવ્યું હતું.

નર્મદા ૧૦૮ ના કોરોના માં કામ કરતા ૫૦ જેવા કર્મીઓને હોમિયોપેથીક દવા બુસ્ટર ડોઝ તરીકે અપાઈ



પ્રીત હોમિયોપેથી સંસ્થા દ્વારા હોમીયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા ના Gvk emri 108 અને ખીલખીલાટ માં ફરજ બજાવતા ૫૦ જેટલાં કર્મીઓને પ્રીત હોમિયોપેથી સંસ્થા દ્વારા હોમીયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું. આ દવા ત્રણ દિવસ લેવાની હોય છે તેનાથી રોગપ્રતિકારક શક્તિ માં વધારો થાય છે.તેની અસર ૧૫ દિવસ સુધી જોવા મળે છે અને કોઈ પણ જાતની બીમારીઓ સામે રક્ષણ મળે છે.

Covid-19ની મહામારી વચ્ચે કામ કરતા ૧૦૮ ના વોરિયર્સ કર્મીઓ માટે આ દવા એક બુસ્ટર ડોઝ તરીકે અપાઈ છે.તેમ નર્મદા ૧૦૮ ના એક્ઝીક્યુટીવ મોહમ્મદ હનીફ બલુચી એ જણાવ્યુ હતું.

સોશીયલ મીડીયામાં કોમી વૈમનસ્ય ફેલાવતા રાજપીપળાના ચિરાગ પટેલ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરાઈ



અમદાવાદના કોંગ્રેસ નેતા બદરુદ્દીન શેખનું કોરોના માં અવસાન બાબતે ની પોસ્ટ માં કોમી વૈમનસ્ય ફેલાય તેવો ફેસબુક પર મેસેજ કરનાર ચિરાગ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી એલસીબી એ અટક કરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં સમગ્ર દેશમાં COVID-19 કોરોના વાયરસ એક ગંભીર બાબત છે ત્યારે સરકાર સહિત સ્થાનિક તંત્ર સતત કામગીરીમાં પોરવાયેલું હોય દેશમાં કોરોના વાયરસના કેસ ન વધે અને લોકો ના મોત ની સંખ્યા પણ ન વધે તે બાબતે જેતે જિલ્લાનું તંત્ર રાત દિવસ પ્રયાસ કરી રહ્યું છે જેમાં નર્મદા જિલ્લા પોલીસ, આરોગ્ય વિભાગ રાજપીપળા નગર પાલિકા સહિત ની ટિમો આ માટે સક્રિય કામગીરી કરે છે ત્યારે લોકડાઉન માં કેટલાક તત્વો ઘરમાં બેઠા બેઠા સોશીયલ મીડીયા ઉપર ખોટી અફવાઓ તથા ગેરમાર્ગે દોરતા મેસેજ અથવા કોઈ પણ વ્યક્તિની ધાર્મિક લાગણી દુભાય તથા બે કોમો વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવા ઉશ્કેરણી જનક મેસેજ કે કોમેન્ટ કરી હોય તેવી કોઈ પણ પોસ્ટ પોતાના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ટવીટર અથવા કોઈપણ સોશીયલ નેટવર્કિંગ સાઈટ ઉપર પોસ્ટ નહી કરવા અથવા તેને શેર કે અન્ય વ્યક્તિ દ્વારા પોસ્ટ નહી કરવા ઉપર થી સુચના આપવામાં આવી હતી સાથે આવી પ્રવૃતિ કરનાર વ્યક્તિઓ સામે કાયદેસર કાર્યવાહી કરવા પણ સુચના હોય તે બાબતે હિમકર સિંહ,પોલીસ વડા, નર્મદા ની સુચના હેઠળ સોશીયલ મીડીયા મોનીટરીગની કામગીરી નર્મદા એલ. સી. બી. ને સોંપવામાં આવી હોય જેમાં એ. એમ. પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. તથા સી.એમ.ગામીત પો.સ.ઈ. એલ.સી.બી.તથા ટીમ દ્વારા સોશીયલ મીડીયા મોનીટરીગ ની કામગીરી દરમ્યાન ચિરાગ ઈશ્વરભાઈ કોળી પટેલ, રહે. પન્નાલાલ સ્ટ્રીટ, નવાપરા, રાજપીપળા નામના વ્યક્તિ એ પોતાના ફેસબુક એકાઉન્ટમાં હિન્દુ-મુસ્લીમ કોમ વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય અને હિન્દુ-મુસ્લીમ એકતાને નુકસાન થાય અને કોઈ ધર્મની લાગણી દુભાઈ તે રીતે સોશ્યલ મિડીયામાં મેસેજ વાયરલ કરી ગુનાહિત કૃત્ય કર્યુ હોવાનું જાણવા મળતા આ ફેસબુક એકાઉન્ટ યુઝર વિરૂધ્ધ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ચિરાગ પટેલની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરતા અન્યો માં ફફડાટ ફેલાયો હતો.

ચલથાણ સર્વોત્તમ કોમ્પ્લેક્સમાં જુગાર રમતા ૭ લોકો ઝડપાયા

કડોદરા,

ચલથાણમાં આવેલ કોમ્પ્લેક્ષના બીજા માળે રહેતો એક ઈસમ પોતાના ઘરમાં અન્ય લોકોને બોલાવી જુગાર રમતા હોવાની બાતમી કડોદરા પોલીસને મળી હતી. જેના આધારે પોલીસ ચલથાણમાં દરોડો પાડી જુગાર રમતાં ત્રણ લાખના મુદ્દામાલ સાથે સાત જણાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કડોદરા પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે ચલથાણમાં એક કોમ્પ્લેક્ષના બીજા માળે જુગાર રમાતો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે ચલથાણમાં દરોડો પાડ્યો હતો. દરમિયાન ચલથાણમાં સર્વોત્તમ કોમ્પ્લેક્ષના બીજા માળે રહેતો સદ્દામ ઉર્ફે હુસૈન રમજાન પઠાણ પોતાના ઘરમાં લોકોને બોલાવી જુગાર રમતા મોહમદ મુસ્તાક મઝહર મુલ્લા (અમરોલી) હબીબ હસન મુલ્લા (અમરોલી), જાકીર અબ્દુલ મુલ્લા (અમરોલી) નાઓ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી જુગારના રોકડા રૂા.૨૭૩૦૦ અંગઝડતીમાંથી ૪૭૨૦૦ મોબાઈલ નંગ ૬ કિંમત રૂા.૩૦,૦૦૦ તથા ચાર મોટર સાઈકલ મળી ૩,૦૪,૪૦૦ના મુદ્દામાલ સાથે સાત જણાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લગભગ ૪૦૦૦ કારીગરો ડાયમંડ બુર્સ પ્રોજેકટમાં કામ કરી રહ્યા છે

સુરતમાં ડ્રીમ પ્રોજેકટ ડાયમંડ બુર્સના સ્થાનિક કામદારોએ બહારથી મજૂરો લાવતા તોડફોડ કરી

સુરત

ખજોદમાં તૈયાર થઈ રહેલા એશિયાના સૌથી મોટા ડાયમંડ બુર્સ ડ્રીમ પ્રોજેકટના મજૂરો આજે ફરી વિફર્યા હતા. વતન જવાની માંગ અને બહારથી મજૂરો લાવવામાં આવતા મજૂરોએ હોબાળો મચાવ્યો હતો. ઓફિસ સુરક્ષા કેબીન સહિત અન્ય સામાનમાં તોડફોડ કરી હતી.આજે ફરી ડાયમંડ બુર્સના મજૂરો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. બહારથી મજૂરો લાવવામાં આવતા સ્થાનિક કામદારો વિફર્યા હતા. મેનેજમેન્ટ અને કોન્ટ્રાકટર સામે રોષે ભરાયેલા મજૂરોએ ઓફિસ સુરક્ષા કેબીન સહિત અન્ય સામાનમાં તોડફોડ



તોડફોડ કરી હતી. સાથે સાથે વતન જવાની માંગ પણ કરાઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસનો મોટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો. લગભગ ૪૦૦૦ કારીગરો ડાયમંડ બુર્સ પ્રોજેકટમાં કામ કરી રહ્યા છે. ગત ૧૦ એપ્રિલના રોજ ડાયમંડ બૂર્સના મજૂરો દ્વારા પુરતું ભોજન ન મળતંમ હોવાથી હોબાળો મચાવ્યો હતો. મજૂરોને પોલીસ અધિકારીઓએ સમજાવતા મામલો માડ માંડ થાળે પડ્યો હતો. દરમિયાન ફરી હોબાળો અને તોડફોડ થતા પોલીસનો માટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.